અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૩૦ નવેમ્બર ૨૦૨૩, ગુરુવાર
વિક્રમ સંવત ૨૦૮૦, કારતક વદ ત્રીજ
વર્ષ : ૧૫
અંક : ૧૨૦
તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ
કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

## ન્યૂઝ બ્રિફ

### મજૂરોને બહાર કાઢવામાં આર્નોલ્ડ ડિક્સની મહત્વપૂર્ણ ભૂમિકા રહી



। સિલ્ક્યારા, તા.૨૯ ।

ઉત્તરકાશીની સિલ્ક્યારા ટનલમાં ફસાયેલા ૪૧ મજૂરોને સુરક્ષિત બહાર કાઢી લેવાયા છે. તેઓ હવે ખુલ્લી હવામાં શ્વાસ લઈ રહ્યા છે. પરંતુ ૧૭ દિવસ સુધી ચાલેલા આ બચાવ અભિયાનની સફળતા આર્નોલ્ડ ડિક્સ વિના અધૂરી છે. ફસાયેલા કામદારોને ટનલમાંથી બહાર લાવનારા નિષ્ણાતોમાં આર્નોલ્ડની મોટી ભૂમિકા હતી. તેઓ અંડરગ્રાઉન્ડ અને ટ્રાન્સપોર્ટેશન ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં નિષ્ણાત છે.

### સલમાન ખાનની સુરક્ષાની પોલીસ દ્વારા સમીક્ષા કરાઈ

। મુંબઈ, તા.૨૯ ।

ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈની બીજી ધમકી બાદ મુંબઈ પોલીસે મંગળવારે સલમાન ખાનને આપવામાં આવેલી સુરક્ષાની સમીક્ષા કરી હતી. 'ટાઈગર ૩'ના એક્ટરને સતર્ક રહેવા પણ જણાવ્યું હતું. ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈની ધમકી બાદ અભિનેતાને મુંબઈ પોલીસ દ્વારા પહેલેથી જ વાય-પ્લસ સુરક્ષા આપવામાં આવી ચૂકી છે. રવિવારે બિશ્નોઈએ એક ફેસબુક પોસ્ટમાં ગિપ્પી ગ્રેવાલના કેનેડા સ્થિત ઘરની બહાર ફાયરિંગની જવાબદારી લીધી હતી. ફેસબુક એકાઉન્ટનો ઓરિજન ભારતની બહારનો હતો.

### કેન્દ્ર સરકારની દેશના ગરીબોને મોટી ભેટ

# PMGKAY યોજના હેઠળ વધુ ૫ વર્ષ સુધી મફત રાશન મળશે

**આગામી પાંચ વર્ષમાં આ યોજના પર આશરે ૧૧.૮ લાખ કરોડનો ખર્ચ કરાશે, ખેતી માટે ૨૦૨૩ થી ૨૦૨૬માં ૧૫૦૦૦ મહિલાને ડ્રોન આપવા કેબિનેટનો નિર્ણય**

। નવી દિલ્હી, તા.૨૯ ।

કેન્દ્ર સરકાર દ્વારા ગરીબોને મફત અનાજના વિતરણ માટે પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના ચલાવવામાં આવી રહી છે. આ યોજના ગરીબોની મદદ માટે કોરોના મહામારીના સમયે શરૂ કરવામાં આવી હતી. આ યોજનાના લાભાર્થીને કેન્દ્ર સરકાર દ્વારા ૫ કિલો રાશન મફતમાં આપવામાં આવે છે. આ રાશન વ્યક્તિ દીઠ આપવામાં આવે છે. તાજેતરના અહેવાલ મુજબ, આ યોજનાના લાભાર્થીઓની સંખ્યા ૮૦ કરોડથી વધુ છે. આમાંના મોટાભાગના લાભાર્થીઓ ઉત્તર પ્રદેશના છે.



આજે એક પ્રેસ કોન્ફરન્સમાં માહિતી અને પ્રસારણ મંત્રી અનુરાગ ઠાકુરે કહ્યું કે સરકાર હવે આ યોજના હેઠળ વધુ ૫ વર્ષ માટે મફત રાશનનું વિતરણ કરશે. મતલબ કે હવે તેની સમયમર્યાદા ૧ જાન્યુઆરી, ૨૦૨૪ થી વધારીને પાંચ વર્ષ કરવામાં આવી છે. ઠાકુરે કહ્યું કે આગામી પાંચ વર્ષમાં આ યોજના પર આશરે રૂ. ૧૧.૮ લાખ કરોડનો ખર્ચ કરવામાં આવશે. પીએમજીકેએવાય ડિસેમ્બર ૨૦૨૨ માં સમાપ્ત થઈ હતી, પરંતુ તે ફરીથી એક વર્ષ માટે એનએફએસએ હેઠળ સમાવિષ્ટ કરવામાં આવી હતી. આ યોજનાનો લાભ એવા લોકોને મળી શકે છે જેમની પાસે રેશન કાર્ડ છે. કોઈપણ રેશનકાર્ડ ધારક રાશનની દુકાનમાં જઈને રાશન મેળવી શકે છે. કાર્ડ પર કુટુંબના સભ્ય દીઠ ૫ કિલો અનાજ આપવામાં આવે છે. દરમિયાનમાં પીએમ મોદીના નેતૃત્વમાં આજે કેન્દ્રીય કેબિનેટની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં અનેક યોજનાઓને મંજૂરી અપાઈ. કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરે કેબિનેટના નિર્ણયો અંગે જાણકારી આપી હતી. તેમણે કહ્યું કે કેન્દ્રીય મંત્રીમંડળે મહિલા સ્વયં સહાયતા સમૂહોને ડ્રોન ઉપલબ્ધ કરાવવા માટે કેન્દ્રીય ક્ષેત્ર યોજનાને મંજૂરી આપી દેવામાં આવી છે.

### તમામના મોદીએ ખબર-અંતર પૂછ્યા

## ટનલમાંથી બહાર આવેલા કામદારો સાથે વડાપ્રધાન મોદીએ કરી વાત

**નરેન્દ્ર મોદીએ ઉત્તરાખંડના સીએમને ફોન કરીને કામદારોને સુરક્ષિત બહાર કાઢવા બદલ અભિનંદન પાઠવ્યા હતા**



। નવી દિલ્હી, તા.૨૯ ।

સિલ્ક્યારા ટનલમાં ફસાયેલા કામદારોને સફળતાપૂર્વક બચાવ્યા બાદ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તેને થોડા સમય માટે અહીં રાખવામાં આવશે. આ દરમિયાન પીએમ મોદીએ બચાવી લેવામાં આવેલા મજૂરો સાથે ફોન પર વાત કરી હતી. તેમણે કામદારોની હાલત પણ પૂછી હતી. આ પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઉત્તરાખંડના સીએમ પુષ્કર સિંહ ધામીને ફોન કરીને કામદારોને સુરક્ષિત બહાર કાઢવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. આ દરમિયાન પીએમ મોદીએ મુખ્યમંત્રી પાસેથી કામદારોની સ્થિતિ વિશે પણ માહિતી લીધી હતી. ધામીએ તેમને કહ્યું કે પહેલા કામદારોની હેલ્થ ચેકઅપ કરવામાં આવશે અને તે પછી તેમને તેમના ઘરે પાછા મોકલવામાં આવશે. પીએમ મોદીને ધામીમાં કામદારોના પરત આવવા માટે કરવામાં આવેલી વ્યવસ્થા વિશે પણ વિગતવાર માહિતી આપવામાં આવી હતી. બચાવ કાર્યમાં જોડાયેલા લોકોની પ્રશંસા કરતા વડાપ્રધાન મોદીએ કહ્યું કે તેમની બહાદુરી અને દૃઢ નિશ્ચયએ આપણા મજૂર ભાઈઓને નવું જીવન આપ્યું છે. આ મિશનમાં સામેલ દરેક વ્યક્તિએ માનવતા અને ટીમ વર્કનું અદ્ભુત ઉદાહરણ સ્થાપિત કર્યું છે. વડા પ્રધાને ટ્વિટર પર પોસ્ટ કર્યું અને કહ્યું, ઉત્તરકાશીમાં અમારા મજૂર ભાઈઓના બચાવ અભિયાનની સફળતા દરેકને ભાવુક કરી દેશે. સુરંગમાં ફસાયેલા મિત્રોને હું કહેવા માંગુ છું કે તમારી હિંમત અને ધૈર્ય દરેકને પ્રેરણા આપે છે. આ સિવાય પીએમ મોદીએ પોતાના ટ્વીટમાં લખ્યું કે, હું તમને બધાના સારા સ્વાસ્થ્ય અને સારા સ્વાસ્થ્યની કામના કરું છું. ખૂબ જ સંતોષની વાત છે કે લાંબી રાહ જોયા બાદ હવે અમારા આ મિત્રો તેમના પ્રિયજનોને મળશે. આ પડકારજનક સમયમાં આ તમામ પરિવારોએ જે ધીરજ અને હિંમત દાખવી છે તેની કદર કરી શકાય તેમ નથી. વડાપ્રધાન મોદીએ વધુમાં કહ્યું, હું આ બચાવ અભિયાન સાથે જોડાયેલા તમામ લોકોની ભાવનાને પણ સલામ કરું છું. તેમની બહાદુરી અને નિશ્ચયએ આપણા શ્રમિક ભાઈઓને નવું જીવન આપ્યું છે.

### ભારત ગૌરવ સ્પેશિયલ ટ્રેનની કમનસીબ ઘટના

## ભારત ગૌરવ ટ્રેનમાં ૮૦થી વધુ લોકો ફૂડપોઈઝનિંગનો શિકાર

। પૂણે, તા.૨૯ ।

ભારત ગૌરવ સ્પેશીયલ ટ્રેનમાં લગભગ ૮૦થી વધુ લોકો ફૂડ પોઈઝનિંગનો શિકાર બન્યા છે. આ અંગે પુણે સ્ટેશન પર રેલવે અધિકારીઓને ઘટનાની જાણકારી મળી હતી. આ ટ્રેન એક ખાનગી પ્રસંગ માટે બુક કરવામાં આવી હતી. જે કાર્યક્રમ ગુજરાતના પાલિતાણા યાત્રાધામ સંબંધિતનો પ્રવાસ હતો. આ ટ્રેનમાં લગભગ એક હજાર જેટલા પ્રવાસીઓ હાજર હતા. અધિકારીઓના જણાવ્યા અનુસાર, મોટા ભાગે મુસાફરોને ચક્કર, ઉલટી અને પેટમાં દુખાવાના બનાવ સામે આવ્યા હતા. આ ઘટનાની જાણ થતા જ રેલવે હોસ્પિટલના ડોક્ટરોની એક ટીમ, રૂબી હોલના ડોકટરો અને અન્ય રેલવે અધિકારીઓની સાથે તબીબી સહાય તત્કાલીન ધોરણે પુણે સ્ટેશન પર મોકલવામાં આવી હતી.

### ઓક્ટોબર-૨૨ થી સપ્ટેમ્બર-૨૩ વચ્ચેની કાર્યવાહી

## ભારતમાંના યુએસ દૂતાવાસે રેકોર્ડ ૧.૪૦ લાખ છાત્રોને વિઝા જારી કર્યા

। વોશિંગ્ટન, તા.૨૯ ।

ભારતમાં આવેલા અમેરિકી દૂતાવાસ અને તેના કોન્સ્યુલેટ્સે ઓક્ટોબર ૨૦૨૨ થી સપ્ટેમ્બર ૨૦૨૩ વચ્ચે ૧.૪૦ લાખથી વધુ વિદ્યાર્થીઓને વિઝા જારી કર્યા હતા. અમેરિકાના વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે ભારતમાં અમારા દૂતાવાસ અને કોન્સ્યુલેટ્સે ૧૪૦,૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓને વિઝા આપવાનો રેકોર્ડ બનાવ્યો છે. અમેરિકાના વિદેશ વિભાગે જણાવ્યું કે ઓક્ટોબર ૨૦૨૨ થી સપ્ટેમ્બર ૨૦૨૩ (૨૦૨૩ ફેડરલ નાણાકીય વર્ષ) દરમિયાન વિદેશ વિભાગે વૈશ્વિક સ્તરે ૧૦ મિલિયનથી વધુ નોન-ઈમિગ્રન્ટ વિઝા જારી કરીને રેકોર્ડ સર્જ્યો છે. લગભગ ૫૦ ટકા જેટલાં અમેરિકી દૂતાવાસ અને કોન્સ્યુલેટ્સ દ્વારા પહેલાં કરતાં વધુ નોન-ઈમિગ્રન્ટ વિઝા પર નિર્ણય લેવાયો હતો.

### ઈઝરાયેલ-હમાસના જંગથી સમગ્ર મિડલ ઈસ્ટ પર તણાવ

## ભારત મિડલ ઈસ્ટમાં શાંતિદૂતની ભૂમિકા ભજવી શકે છે: સાઉદી અરબ

। નવી દિલ્હી, તા.૨૯ ।

ઈઝરાયેલ અને હમાસ વચ્ચેના જંગથી સમગ્ર મિડલ ઈસ્ટ પર તણાવના વાદળો ઘેરાયેલા છે. આ પ્રકારની સ્થિતિમાં નવી દિલ્હીની પેલેસ્ટાઈન એમ્બેસીમાં પેલેસ્ટાઈનના સમર્થન માટે યોજાયેલા એક કાર્યક્રમમાં સંખ્યાબંધ મુસ્લિમ દેશોના રાજદૂતોએ ભાગ લીધો હતો. જેમાં પેલેસ્ટાઈનના રાજદૂત અદનાન અબૂ અલ હાઈજા તેમજ આરબ લીગના રાજદૂત યુસુફ મહોમ્મદ જમીલની આગેવાનીમાં સ્વતંત્ર પેલેસ્ટાઈન દેશની રચના માટે ઠરાવ કરવામાં આવ્યો હતો. સાઉદી અરબના રાજદૂત સાલેહ અલ હુસેનીએ શાંતિ અને સ્થિરતા માટે વૈશ્વિક સ્તરે ભારતની ભૂમિકાના મહત્વ પર ભાર મુકયો હતો. જેમાં તેમણે તાજેતરમાં મળેલી આરબ ઈસ્લામિક સમિટમાં થયેલા ઠરાવનો ઉલ્લેખ કરતા કહ્યુ હતુ કે, ઈઝરાયેલને દુનિયાભરના દેશોએ હથિયારો પૂરા પાડવાનુ બંધ કરવુ જોઈએ.

તેમણે કહ્યુ હતુ કે, મિડલ ઈસ્ટમાં ભારત શાંતિદૂતનો રોલ ભજવી શકે છે. ભારત એક મહત્વનો દેશ છે.

### ચીનમાં ઝડપથી ફેલાતો ન્યુમોનિયા બાળકોને સૌથી વધુ તેનો શિકાર બનાવી રહ્યો છે

# ચીનમાં ખતરનાક ન્યુમોનિયા રોગ ઝડપથી ફેલાઈ રહ્યો છે

**ન્યુમોનિયા એ એક ગંભીર ચેપી રોગ છે જે ફેફસાના સ્વાસ્થ્યને ખૂબ અસર કરે છે, જે લોકોની રોગપ્રતિકારક શક્તિ નબળી હોય છે તે આ રોગનો શિકાર બને છે**

। નવી દિલ્હી, તા.૨૯ ।

ન્યુમોનિયા એ એક ગંભીર ચેપી રોગ છે જે ફેફસાના સ્વાસ્થ્યને ખૂબ અસર કરે છે. જે લોકોની રોગપ્રતિકારક શક્તિ નબળી હોય છે તે આ રોગનો શિકાર બને છે. આ ઉધરસ, શરદી, તાવને કારણે થાય છે.

હવે સવાલ એ થાય છે કે ચીનમાં આ ખતરનાક ન્યુમોનિયા રોગ ઝડપથી ફેલાઈ રહ્યો છે તો શું તેની અસર ભારત પર પડશે? ડૉ. નીતુ જૈન સાથે ખાસ વાતચીત કરી હતી.



તેઓ PSRI હોસ્પિટલમાં વરિષ્ઠ કન્સલ્ટન્ટ પલ્મોનોલોજી ક્રિટિકલ કેર એન્ડ સ્લીપ મેડિસિન'માં છે. જ્યારે અમે તેમને પૂછ્યું કે શું ભારતમાં તેની અસર જોવા મળશે, તો તેમણે સ્પષ્ટ કહ્યું કે હાલમાં કાંઈ કહેવું વહેલુ ગણાશે કારણ કે ભવિષ્યમાં શું થવાનું છે તેના પર હાલમાં શું કહી શકાય. પણ હા, હું એક વાત કહેવા માંગુ છુ કે ન્યુમોનિયા ભારત હોય કે ચીન કે દુનિયાના કોઈ પણ ખૂણામાં ન્યુમોનિયાના પ્રકાર એક જ હશે. હવે તે તેના પર નિર્ભર કરે છે કે જેને ન્યુમોનિયા થયો છે તેમની રોગપ્રતિકારક શક્તિ કેટલી છે? જો વહેલી સારવાર સારી રીતે કરવામાં આવે તો ન્યુમોનિયા મટી શકે છે.






## આરવ પાસે થાઈલેન્ડ જવા માટે એક રૂપિયો પણ ન હતો

| અમદાવાદ, તા.૨૯ |

રમતગમતમાં યુવાનો આગળ વધે તે માટે કેન્દ્ર સરકાર ઘણા પ્રયત્નો કરી રહી છે. છતાં કેટલાક વિસ્તારોમાં હજી પણ યુવાઓ માટે રમતગમત ક્ષેત્ર પડકારભર્યું સાબિત થાય છે. કેટલાક ગરીબ પરિવારના સંતાનો આર્થિક સ્થિતિને કારણે આગળ આવતા નથી. પરંતું અમદાવાદનો આરવ રાજપૂત આવા જ પડકારોથી લડી દેશમાટે ગોલ્ડ મેડલ લઈ આવ્યો. આ માટે અમદાવાદના સ્ટેન્ડિંગ કમિટિના ચેરમેને હિતેશ બારોટે તેને થાઈલેન્ડ જવા મદદ કરી હતી, અને તેના બદલામાં આરવે દેશને ગોલ્ડ મેડલ અપાવ્યો. આરવ તેના ભાઈ અને માતાપિતા સાથે મેમનગરમાં એક નાનકડા ઘરમાં રહે છે. તેને નાનપણથી કરાટેમાં આગળ વધવું હતું. આરવે નેશનલ લેવલ સુધી અનેક મેડલ્સ પણ જીત્યા. પરંતુ ખરી ચેતવણી ઈન્ટરનેશનલમાં રમવા જતા પહેલા આવી. થાઈલેન્ડમાં ઈન્ટરનેશનલ કરાટે ડુ ચેમ્પિયનશિપ માટે આરવ સિલેક્ટ થયો, પણ પરિવારની આર્થિક સ્થિતિ નબળી હોવાથી તેની પાસે થાઈલેન્ડ જવાના પૈસા ન હતા. આરવ પાસે થાઈલેન્ડ જવા પૈસા ન હોવાથી તેને ગુજરાત સ્પોર્ટ્સ ઓથોરિટીનો સંપર્ક કર્યો પણ નિયમ મુજબ એક વાર ખેલાડી સ્પર્ધામાં ભાગ લઈ લે. ત્યાર બાદ જ તેને પ્રવાસનો ખર્ચ મળી શકે. અંતે કોઈ વિકલ્પ ન દેખાતા તેણે ચેમ્પિયનશિપમાંથી નામ પાછુ લઈ લેવાનું વિચાર્યું હતું. એક દિવસે ઓચિંતા મંદિરના દર્શન કરતા સમયે સામાજિક આગેવાન નીરુ પટેલ સાથે તેની મુલાકાત થઈ.

### પરિવાર લગ્ન પ્રસંગમાં વ્યસ્ત હતો

# જાનૈયા પાસેથી ચોર પહેરામણીના દોઢ લાખના દાગીના ઉઠાવી ગયો

## ચાંદખેડામાં ચોરીની ઘટના ઘટી છે, રાજકોટથી જાન લઇને જાનૈયા ચાંદખેડા વિસ્તારમાં લગ્નમાં આવ્યા હતા

| અમદાવાદ, તા.૨૯ |

હાલમાં રાજ્યમાં ઠેર ઠેર લગ્નો ચાલી રહ્યાં છે, લગ્ન સિઝન પુરજોશમાં છે, ત્યારે આ બધાની વચ્ચે એક લગ્નમાં બનેલી ચોરીની ઘટનાએ બધાને ચોંકાવી દીધા છે, ખરેખરમાં, અમદાવાદમાં એક લગ્ન પ્રસંગ દરમિયાન મોટી ચોરી થઈ છે. અહીં ચોરોએ જાનૈયા પાસેથી અંદાજિત દોઢ લાખના દાગીના ચોરી લીધા છે. મળતી માહિતી પ્રમાણે, અમદાવાદમાં ચાંદખેડા વિસ્તારમાં આ ચોરીની ઘટના ઘટી છે. રાજકોટથી જાન લઈને જાનૈયા અમદાવાદના ચાંદખેડા વિસ્તારમાં લગ્નમાં આવ્યા હતા, જ્યારે લગ્ન પ્રસંગ તપોવન સર્કલ પાસે આવેલી ફન પૉઈન્ટ ગાર્ડન રેસ્ટૉરન્ટમાં ચાલી રહ્યો હતો, તમામ લોકો લગ્નમાં વ્યસ્ત હતા તે સમયે ચોરો તકનો લાભ ઉઠાવીને એક મહિલાની બેગમાંથી ૧.૩૦ લાખના દાગીના ચોરી લીધા હતા, આ દાગીના લગ્નમાં પહેરામણી માટેના હતા. હાલ આ ચોરીની ઘટના અંગે ચાંદખેડા પોલીસમાં ફરિયાદ નોંધવામાં આવી છે. સુરતમાં વધુ એક મોટી ચોરીની ઘટનાને ચોરોએ અંજામ આપ્યો છે, આ સાથે જ પોલીસની કામગીરી પર પણ સવાલો ઉઠ્યા છે. સુરતના કતારગામ વિસ્તારમાં ગઈ મધરાત્રે એક બંગલામાં ચોર ઘૂસ્યા અને ૬.૮૮ લાખ રૂપિયાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા, આ સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ છે. ખાસ વાત છે કે, જ્યારે આ ઘટના ઘટની તે સમયે બંગલાના માલિક વેપારી દમણ ફરવા ગયા હતા, જોકે, ઘરમાં લાગેલા કેમેરાનો સીસીટીવી વીડિયો મોબાઈલ જોયો ત્યારે ચોર મોબાઈલમાં દેખાય હતા. હાલ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. મળતી માહિતી પ્રમાણે, સુરત શહેરમાં ચોરીની ઘટનાથી પોલીસ તંત્રની કામગીરી પર સવાલો ઉઠ્યા છે. હાલમાં જ સુરતના કતારગામ પોલીસની હદમાં આવેલા એક બંગલામાં ૬ લાખથી વધુની ચોરી થઈ છે. શહેરના સુમુલ ડેરી રોડ નજીક એક બંધ બંગલામાં ગઈ મધરાત્રે બે ચોર ઘૂસ્યા હતા, આ ચોરોએ ચોરી કરવા માટે રસોડાની ગ્રીલ કાપીને ઘરની અંદર એન્ટ્રી કરી હતી, ત્યારબાદ ઘરમાંથી ૬.૮૮ લાખની મતા ચોરીને ફરાર થઈ ગયા હતા. જ્યારે ચોર ઘરમાં ઘૂસ્યા તે સમયે ઘરના હૉલમાં લગાવેલા સીસીટીવી કેમેરામાં આ સમગ્ર ઘટના કેદ થઈ ગઈ હતી, અને આ સીસીટીવી કેમેરાનું નૉટિફિકેશન માલિક વેપારીને પહોંચ્યુ હતુ. જ્યારે ચોર ચોરી કરવા ઘરમાં ઘૂસ્યા હતા તે સમયે માલિક સુરતમાંથી બહાર દમણ ફરવા ગયા હતા. ચોરે સીસીટીવીમાં કોઈપણ સીન રેકોર્ડ ના થાયે તે માટે કપડું પણ ઢાંકી દીધુ હતુ, જોકે, તે પહેલા કેટલાક સીન કેપ્ચર થઈ ગયા હતા. હાલમાં આ સમગ્ર ઘટના અંગે સુરતના કતારગામ પોલીસે ગુનો નોંધીને સીસીટીવીના આધારે વધુ તપાસ હાથ ધરી છે. ભાવનગરમાં બે સ્થળો પર ચોરીની ઘટના બની છે. શહેરના કાળીયાબીડ વિસ્તારમાં તસ્કરો ત્રાટકી રૂપિયા ૧.૨૨ લાખની મત્તા ઉઠાવી ગયા હતા. પરિવાર પાલીતાણા હાથસણી ગામે વતન ગયો હતો અને તસ્કરોએ બંધ મકાનને નિશાન બનાવ્યું હતું. અજાણ્યા શખ્સોએ રહેણાકી મકાનમાં મેઈન દરવાજાના તાળા તોડી ગેરકાયદેસર પ્રવેશ કરી ચોરી કરી નાસી છૂટ્યા હતા. મકાનમાં પ્રવેશ કરી કબાટમાં રાખેલા રૂપિયા ૫૦,૦૦૦ રોકડ સોનાની બે નંગ બુટી, લેપટોપ, રૂપિયા ભરેલો લાકડાનો ગલ્લો અને એક મોબાઈલ મળી કુલ રૂપિયા ૧,૨૨,૯૯૮ ના મુદ્દામાલની ચોરી થયાની નીલમબાગ પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે. જ્યારે શહેરના રિંગ રોડ પર આવેલી સોસાયટીમાં પણ ચોરીની ઘટના બની હતી. સમ્રાજ્ય સોસાયટીમાં રહેતા એડવોકેટ પરિવાર માતાના ઘરે ગયા હતા.

### સુરતમાં સચિન GIDCમાં ભીષણ આગ

# સ્ટોરેજ ટેન્કમાં બ્લાસ્ટ થતાં ૨૦ કામદારો દાઝ્યા

### ઘટનાના પગલે વેસુ, મજુરા, માન દરવાજા અને ભેસ્તાન ફાયર સ્ટેશનોની ગાડીઓ સહિતનો કાફલો સ્થળે પહોંચ્યો હતો





| સુરત, તા.૨૯ |

ગઈકાલે મોડી રાત્રે સુરતની સચિન GIDCની કેમિકલ ફેક્ટરીમાં ભીષણ આગ લાગી હોવાની ઘટના બની હતી. કેમિકલ ફેક્ટરીમાં આગ લાગતા વિસ્ફોટ થયો હતો. સ્ટોરેજ ટેક્માં બ્લાસ્ટ થતા ૨૦ કામદારો દાઝ્યા હતા. તમામ દાઝેલા કામદારોને હોસ્પિટલ ખસેડાયા હતા. આ બનાવમાં ત્રણ કામદારોની હાલત ગંભીર છે. જ્યારે ફાયરબ્રિગેડ દ્વારા ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવવામાં આવ્યો હતો. સચિન GIDC રોડ નંબર ૮ પર આવેલી કેમિકલ કંપનીની આ ઘટના છે. એથલ કેમિકલ કંપનીમાં રાત્રે ૨ વાગ્યે આગ લાગી હતી. કંપનીમાં આગ લાગતા વિસ્ફોટ થયો હતો. સ્ટોરેજ ટેક્માં બ્લાસ્ટ થતા ૨૦ કામદારો દાઝ્યા હતા. તમામ દાઝેલા કામદારોને હોસ્પિટલ ખસેડાયા હતા. બનાવમાં ત્રણ કામદારોની હાલત ગંભીર છે. ઘટનાના પગલે વેસુ, મજુરા, માન દરવાજા અને ભેસ્તાન ફાયર સ્ટેશનોની ગાડીઓ સહિતનો કાફલો સ્થળે પહોંચ્યો હતો અને ભારે જહેમત બાદ આગ કાબૂમાં લીધી હતી. આગ અંગે પોલીસ અધિકારીએ જણાવ્યું કે, આગનો બનાવ રાત્રે દોઢ વાગ્યાની આસપાસ બન્યો હતો. બનાવ બાબતે પોલીસને જાણ થતાં પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. સાથે જ ફાયર બ્રિગેડના કર્મચારીઓ પણ આવી પહોંચ્યા હતા. કંપનીમાં કામ કરતાં કામદારો, કર્મચારીઓને તાત્કાલિક રેસ્ક્યૂ કરવામાં આવ્યા હતા. કંપનીમાં રહેલા માણસોને બહાર કાઢવાની કાર્યવાહી કરી આગ બુજાવવાની કાર્યવાહી ચાલુ કરવામાં આવી હતી. આગ અંગે પાંડેસરા જીઆઈડીસીના આગેવાન કમલભાઈએ જણાવ્યું કે, લગભગ ૧૮ જેટલા લોકોને નાની-મોટી ઈજા પહોંચી છે. તેઓ સારવાર હેઠળ છે. હાલ આગ કાબુમાં છે, પણ કુલિંગ પ્રક્રિયા કરવી પડે. કેમ કે, કેમિકલ ફેક્ટરી હોય અને આખા સ્ટ્રક્ચરમાં હીટિંગ થઈ ગયું હોય એટલે સેફટી માટે આખું સ્ટ્રક્ચર કુલિંગ કરવું જરૂરી હોય છે, તે પ્રક્રિયા ચાલે છે.

# ગૌતમ અદાણી ફરી ટોપ ૨૦ અબજપતિઓના લિસ્ટમાં

| અમદાવાદ, તા.૨૯ |

અદાણી જૂથના શેરોમાં તાજેતરમાં જે તેજી આવી છે તેના કારણે ગૌતમ અદાણીની સંપત્તિ પણ કૂદકેને ભૂસકે વધતી જાય છે. મંગળવારે અદાણી જૂથના શેર ઉછળ્યા તેના કારણે ગૌતમ અદાણીની સંપત્તિમાં સીધો ૬.૫ અબજ ડોલરનો વધારો થયો છે અને તેઓ વિશ્વના ટોપ ૨૦ અબજપતિઓના લિસ્ટમાં ફરીથી આવી ગયા છે. ભારતના બીજા નંબરના સૌથી ધનિક વ્યક્તિ ગૌતમ અદાણી જાન્યુઆરી ૨૦૨૩માં વિશ્વના ટોપ ૩ અબજપતિઓમાં સ્થાન ધરાવતા હતા, પરંતુ હિન્ડનબર્ગ રિસર્ચના એક રિપોર્ટે બધું ચોપટ કરી નાખ્યું હતું. હિન્ડનબર્ગનો આંચકો સહન કર્યા પછી અદાણી જૂથે ૧૦ મહિનામાં મોટી રિકવરી કરી છે. ભારતમાં હાલમાં મુકેશ અંબાણી સૌથી અમીર વ્યક્તિ છે જ્યારે ગૌતમ અદાણી બીજા નંબર પર છે. મંગળવારે અદાણીની સંપત્તિમાં ૬.૫ અબજ ડોલરનો ઉછાળો આવતા જ તેમની નેટવર્થ ૬૬.૭ અબજ ડોલર થઈ ગઈ છે. હવે



તેઓ જુલિયા ફ્લેશર ફેમિલી, ઝોંગ શાંશાન અને ચાર્લ્સ કોચ કરતા આગળ નીકળી ગયા છે. જુલિયા ફ્લેશર ફેમિલીની સંપત્તિ ૬૪.૭ અબજ ડોલર, ઝોંગ શાંશાનની સંપત્તિ ૬૪.૧૦ અબજ ડોલર અને ચાર્લ્સ કોચની સંપત્તિ ૬૦.૭૦ અબજ ડોલર છે. જોકે, જાન્યુઆરીથી અત્યાર સુધીની વાત કરવામાં આવે તો અદાણીની સંપત્તિ ૫૩.૮૦ અબજ ડોલર જેટલી ઓછી છે. અમેરિકા સ્થિત શોર્ટ સેલર હિન્ડનબર્ગ દ્વારા અદાણી જૂથ પર ગંભીર આરોપો મૂકાયા તેના કારણે અદાણીની માર્કેટ કેપમાં ૧૫૦ અબજ ડોલરનો ઘટાડો થયો હતો. દુનિયાના અબજપતિઓના લિસ્ટમાં રિલાયન્સ જૂથના વડા મુકેશ અંબાણી હાલમાં ૮૯.૫ અબજ ડોલરની સંપત્તિ સાથે ૧૩મા ક્રમે છે. ચાલુ વર્ષમાં મુકેશ અંબાણીની સંપત્તિમાં ૨.૩૪ અબજ ડોલરનો વધારો થયો છે. ૨૮ નવેમ્બરના આંકડા પ્રમાણે અદાણી જૂથ ૧૧,૩૧,૦૯૬ કરોડ રૂપિયાની માર્કેટ કેપિટલ ધરાવતું હતું. જ્યારે શુક્રવારે તેની માર્કેટ કેપિટલ ૧૦,૨૭,૧૧૪ કરોડ રૂપિયા હતી. આમ મંગળવારે માર્કેટ કેપમાં ૧.૦૪ લાખ કરોડનો વધારો થયો હતો. ૨૪ જાન્યુઆરીએ હિન્ડનબર્ગ રિસર્ચનો રિપોર્ટ હજુ નહોતો આવ્યો ત્યારે અદાણીની માર્કેટ કેપિટલ ૧૯.૧૯ લાખ કરોડ હતી. તેની તુલનામાં અદાણી જૂથની માર્કેટ કેપ હજુ પણ ૪૧ ટકા નીચે ચાલે છે. અદાણીની સામે સેબીની તપાસમાં હવે શંકા કરવા જેવું કંઈ લાગતું નથી તેવું સુપ્રીમ કોર્ટે જણાવ્યા પછી અદાણીના શેરોમાં આ તેજી આવી છે.

### વિઝિલન્સ ટીમ અને સ્થાનિક વચ્ચે થઇ જોરદાર મારામારી

# આણંદના ઓડ ગામે વિઝિલન્સ ટીમના દરોડા દરમિયાન મોટુ ઘર્ષણ

| આણંદ,તા.૨૯ |

રાજ્યમાં ઠેર ઠેર સ્ટેટ મૉનિટરિંગ સેલના દરોડાની કાર્યવાહી ચાલી રહી છે, ગઈકાલે રાત્રે આણંદમાં વિઝિલન્સ ટીમના દરોડા દરમિયાન મોટુ ઘર્ષણ થયાના સમાચાર સામે આવ્યા છે, હાલમાં એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે, જેમાં આણંદના ઓડ ગામે વિઝિલન્સ ટીમ અને સ્થાનિકો વચ્ચે ઘર્ષણ બાદ મારામારી થઈ રહેલી નજરે પડી રહી છે. આ ઘટનામાં કેટલાક સ્થાનિકોને ઈજા પહોંચી છે, અને પોલીસે ફરિયાદ નોંધીને આગળની કાર્યવાહી શરૂ કરી છે. ગઈરાત્રે આણંદ જિલ્લામાં વિઝિલન્સ પોલીસની ટીમ ઓડ ગામે રેડ કરવા ગઈ હતી, જ્યાં સ્થાનિક અને વિઝિલન્સ ટીમ વચ્ચે જોરદાર ઘર્ષણ સર્જાયુ હતુ, બાદમાં સ્થાનિકોને ઈજા પહોંચી હતી. આ ઘટના ઓડ નજીક આવેલા ખંભોળજ હદ વિસ્તાર ઘટી હતી, હવે ઘટના મામલે સ્થાનિકો આક્ષેપ કરી રહ્યાં છે કે, વિઝિલન્સની ટીમે તેમના પર હુમલો કર્યો હતો.

ખરેખરમાં ઘટના એવી છે કે, ઓડ ગામમાં બે વર્ષ પહેલા એક બૂટલેગર પર ફરિયાદ નોંધાઈ હતી, જેના ત્યાં વિઝિલન્સ ટીમે અચાનક દરોડાની કાર્યવાહી કરી હતી. આ દરોડાની કાર્યવાહીમાં વિઝિલન્સ ટીમ અને સ્થાનિકો વચ્ચે જોરદાર ઘર્ષણની સ્થિતિ ઉભી થઈ ગઈ હતી. બાદમાં બન્ને પક્ષો વચ્ચે બબાલ થઈ અને વાત મારામારી સુધી પહોંચી હતી. સ્થાનિકોનો આક્ષેપ છે કે વિઝિલન્સ પોલીસની ટીમના હુમલામાં સ્થાનિકો ઘાયલ થયા હતા. આ ઘટનામાં પંચના બંને માણસો ઈજાગ્રસ્ત થતા તેમને સારવાર અર્થે ખસેડાવામાં આવ્યા હતા. આમાં મકાન માલિક રમેશભાઈને માથામાં પહોંચી છે. આ ઘટના મામલે હાલ ખંભોળજ પોલીસે ગુનો નોંધવાની તજવીજ હાથ ધરી છે.સ્થાનિકોનો આક્ષેપ છે કે, વિઝિલન્સ પોલીસની ટીમ દરોડા માટે આવી હતી.

## વિશેષ

### સુઝુકી મોટર્સ-જેટ્રો-આર્સેલર મિત્તલ-નિપ્પોન સ્ટીલના વરિષ્ઠ સંચાલકોએ ગુજરાતની ડેવલપમેન્ટ જર્નીની પ્રશંસા કરી

# જાપાનના ટોક્યોમાં ઉદ્યોગ-રોકાણકારો સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ નો રોડ-શો

### જાપાનના અનુભવ અને ક્ષમતા સાથે ગુજરાતની ઉદ્યોગ સાહસિકતા અને જાપાનની ટેકનોલોજી સાથે ગુજરાતના યુથ ટેલેન્ટના સમન્વયથી જાપાન-ભારત-ગુજરાત સંબંધોને નવી ઊંચાઈ મળશે : મુખ્યમંત્રી

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જાપાન પ્રવાસના ચોથા દિવસે ટોક્યોમાં જાપાનના અગ્રણી ઉદ્યોગ રોકાણકારો, બિઝનેસ પ્રોફેશનલ્સ સાથે રોડ-શો યોજ્યો હતો.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી ૨૦૦૩થી શરૂ થયેલી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની આગામી જાન્યુઆરી ૨૦૨૪માં યોજાઈ રહેલી ૧૦મી એડિશનમાં જાપાનના ઉદ્યોગ-રોકાણકારોની સહભાગીતા પ્રેરિત કરવા મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં ગુજરાતનું હાઈલેવલ ડેલીગેશન જાપાન-સિંગાપોરના સાપ્તાહિક પ્રવાસે છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ સંદર્ભમાં જાપાનના ૨૦૦થી વધુ અગ્રણી ઉદ્યોગ રોકાણકારો-બિઝનેસ પ્રોફેશનલ્સ સમક્ષ ગુજરાતના સર્વગ્રાહી વિકાસ સાથે ભારતના વિકાસ રોલ મોડેલ રાજ્ય તરીકેની વિકાસ ગાથાની પ્રભાવક પ્રસ્તુતિ આ રોડ-શો માં કરી હતી.

તેમણે જણાવ્યું કે, જાપાન સમગ્ર વિશ્વમાં આધુનિક ટેકનોલોજી અને પ્રાચીનતમ સંસ્કૃતિ માટે મશહૂર છે. આ પ્રતિષ્ઠા સ્થાપિત કરવામાં ઉદ્યોગકારોનો સહયોગ મહત્વપૂર્ણ છે. ભારત અને જાપાન બેય દેશો માનવતા અને આધુનિકતાના સિદ્ધાંતમાં માને છે. એટલું જ નહીં, ગુજરાતે તો વિકાસના રોલ મોડલ અને પોલીસી ડ્રિવન સ્ટેટનું ગૌરવ મેળવ્યું છે એમ તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટપણે જણાવ્યું કે, જાપાનના અનુભવ અને ક્ષમતા સાથે ગુજરાતની ઉદ્યોગ સાહસિકતા અને જાપાનની ટેકનોલોજી સાથે ગુજરાતના યુથ ટેલેન્ટના સમન્વયથી જાપાન-ભારત-ગુજરાત સંબંધોને વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં નવી ઊંચાઈ મળશે. શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારતે G20 ની







સફળ પ્રેસિડેન્સીથી ક્લાયમેટ ચેન્જની વૈશ્વિક સમસ્યા સામે ગ્રીનર સસ્ટેઈનેબલ ફ્યુચરનો રોડ મેપ આપ્યો છે. ૨૦૨૭ સુધીમાં કાર્બન મુક્ત નેટ ઝિરો ઈકોનોમી હાંસલ કરવાના વડાપ્રધાનશ્રીના લક્ષ્યમાં ગુજરાતને ગ્રીન ગ્રોથની પ્રાથમિકતાથી અગ્રેસર રાખવાની નેમ પણ મુખ્યમંત્રીશ્રીએ દર્શાવી હતી. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, વડાપ્રધાનશ્રીની વિઝનરી લીડરશીપમાં લેવાયેલા ઈનિશ્યેટીવ્ઝને કારણે ભારત આત્મનિર્ભરતાના માર્ગે આગળ વધી રહ્યું છે અને વિશ્વની પાંચમી મોટી અર્થવ્યવસ્થા બન્યું છે. મુખ્યમંત્રીશ્રીએ આત્મનિર્ભર, વિકસિત ભારત માટે આત્મનિર્ભર ગુજરાતની સંકલ્પના સાથે ગુજરાતે સેમિકન્ડક્ટર, ગ્રીન હાઈડ્રોજન, ઈ-મોબિલીટી, રીન્યુએબલ એનર્જી તથા ગ્લોબલ ફાઈનાન્સિયલ એક્ટિવિટીઝ જેવા ફ્યુચરિસ્ટિક ડેવલપમેન્ટના સેક્ટર્સ પર વિશેષ ઝોક આપ્યો છે તેની વિશદ ભૂમિકા આપી હતી. તેમણે કહ્યું કે, 'ગેટ વે ટુ ધ ફ્યુચર'ની થીમ સાથે આગામી વાઈબ્રન્ટ સમિટ દ્વારા ગુજરાત આ નવા ઉભરતા ક્ષેત્રમાં લીડ લેવા સજ્જ છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતની પોલીસી ડ્રીવન સ્ટેટ, પ્રો-એક્ટીવ અપ્રોચ, પ્રોત્સાહક અભિગમ વાળા રાજ્ય તરીકેની પ્રતિષ્ઠાનો ઉલ્લેખ કરતા જાપાનીઝ ઉદ્યોગ રોકાણકારોને વાઈબ્રન્ટ સમિટ ૨૦૨૪માં સહભાગી થવા આમંત્રણ આપ્યું હતું. તેમણે સ્પષ્ટપણે જણાવ્યું કે, વિકસિત ભારતજ૨૦૪૭ ના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સંકલ્પને સાકાર કરવામાં વાઈબ્રન્ટ સમિટ મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવશે અને જાપાનના ઉદ્યોગ રોકાણકારોની સહભાગીતા પણ તેમાં જોડાશે. જાપાન એક્સટર્નલ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન (JETRO) ના એક્ઝિક્યુટિવ વાઈસ પ્રેસિડેન્ટ શ્રી કાઝુયા નાકાજો અને JETRO ના ડાયરેક્ટર જનરલ શ્રી તાકેહિકો ફુરુકાવાએ ગુજરાતે સાધેલા નોંધપાત્ર વિકાસની તેમજ ભારતમાં ગુજરાતે ઊભા કરેલા સ્થાનની સરાહના કરી હતી. તેમણે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના દૂરંદેશી માર્ગદર્શનની પ્રશંસા કરીને વૈશ્વિક બિઝનેસ ઈકોસિસ્ટમમાં ગુજરાતની અભિન્ન ભૂમિકાને હાઈલાઈટ કરી હતી. શ્રી ફુરુકાવાઓ જણાવ્યું કે ગુજરાત રાજ્યના આ વિકાસનું કારણ ડબલ એન્જિન સરકાર છે.

સુઝુકીના એક્ઝિક્યુટિવ વાઈસ પ્રેસિડેન્ટ શ્રી કેનિચી આયુકાવાએ ગુજરાતમાં કામ કરવા અંગેની સફળતાની વિગતો આપતાં વડાપ્રધાનશ્રી અને ગુજરાતના મુખ્યમંત્રીશ્રીના સક્રિય સ્વભાવની પ્રશંસા કરી અને ગુજરાત વિશેના તેમના હકારાત્મક અનુભવને શેર કર્યા હતા. શ્રી આયુકાવાએ અપેક્ષા વ્યક્ત કરી હતી કે આગામી સમયમાં ફળદાયી પરસ્પર ચર્ચાઓ ગુજરાત અને જાપાન વચ્ચેની ભાગીદારીને મજબૂત બનાવશે. આર્સેલર મિત્તલ નિપ્પોન સ્ટીલના ડિરેક્ટર શ્રી કુબોટા કેજીએ ગુજરાતમાં તેમના રોકાણો અને સ્ટીલ ઉત્પાદન, લોજિસ્ટિક્સ અને એનર્જી ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં રોકાણ સાથે ગુજરાતમાં તેમની ક્ષમતા વિસ્તારવાની ભાવિ યોજનાઓ વિશે વાત કરી હતી. તેમણે કંપની દ્વારા અત્યાધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવા માટે કરવામાં આવી રહેલી કામગીરી પર ભાર મૂક્યો હતો.

ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી એસ.જે. હૈદરે ગુજરાતની ક્ષમતાઓ અને રાજ્યમાં રહેલી તકો અંગેનું પ્રેઝન્ટેશન આપ્યું હતું. જાપાનમાં ભારતના રાજદૂત શ્રી સીબી જ્યોર્જે ભારત અને જાપાન વચ્ચેના મજબૂત સાંસ્કૃતિક, સામાજિક અને આર્થિક સંબંધો, અને ખાસ કરીને જાપાન અને ગુજરાત સાથેના સંબંધો કેવી રીતે બંને પ્રદેશો વચ્ચે મજબૂત સહયોગનું કારણ બને છે તે વિશે વાત કરી હતી. તેમણે કહ્યું કે ભારતમાં જાપાની કંપનીઓની હાજરી વધારવા માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ગુજરાત સરકારના મુખ્ય સચિવ શ્રી રાજકુમારે ભારતની ગતિશીલ અને સ્થિતિસ્થાપક અર્થવ્યવસ્થામાં ગુજરાતની મહત્વપૂર્ણભૂમિકાવિશેવાતકરીહતી. મુંબઈ-અમદાવાદ હાઈસ્પીડ રેલ અને દિલ્હી-મુંબઈ ઈન્ડસ્ટ્રીયલ કોરિડોરનો ઉલ્લેખ કરીને તેમણે ભારત-જાપાન સહયોગના વિવિધ ઉદાહરણોને ઉજાગર કર્યા હતા. તેમણે માહિતી આપી હતી કે, ગુજરાત એક એવું સ્થળ છે જ્યાં ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ, જીવનની ઉચ્ચ ગુણવત્તા અને વૈવિધ્યસભર અને ગતિશીલ સંસ્કૃતિના સંદર્ભમાં અસંખ્ય પ્રત્યક્ષ અને પરોક્ષ લાભો મળે છે. આ રોડ-શો માં ટોક્યોનાં અગ્રણી ઉદ્યોગ-રોકાણકારોએ ગુજરાતની ડબલ એન્જીન સરકારની વિકાસ ગાથા જાણીને રોકાણો માટે ઉત્સુકતા દર્શાવી હતી.

**ન્યૂઝ બ્રિફ**

## રેલવેએ નિવૃત્તીના 3 દિવસ પહેલાં કર્મીની બદલી કરી

। નવી દિલ્હી, તા.૨૯ ।

રેલવે મેનેજમેન્ટનો એક અજીબો ગરીબ હુકમ જાણવા મળ્યો છે. જેમાં દક્ષિણ પૂર્વ મધ્ય રેલવેના એક એન્જિનિયરની નિવૃત્તિના ૩ દિવસ પૂર્વે છત્તીસગઢનાં બિલાસ પુરથી સીધી દિલ્હીમાં બદલી કરવાનો હુકમ જારી કરાયો હોવાનું જાણવા મળ્યું છે. વાસ્તવમાં તે એન્જિનિયર નિવૃત્ત થવાના છે, તે જાણ્યા પછી તેના સ્ટાફના સભ્યોએ તેઓને ભવ્ય વિદાયમાન આપવા પાર્ટીનું આયોજન કર્યું હતું. ત્યાં તે ઈજનેરને આ હુકમ મળતાં તેણે સ્ટાફ મેમ્બર્સને જણાવી દીધું કે પાર્ટીનો વિચાર જ છોડી દો, મારે તો કાલે દિલ્હી જવા નીકળવાનું છે. આ બદલી હુકમ મળતાં તે ઈજનેરે તુર્ત જ રેલવે બોર્ડને પોતાનાં પર્સનલ કોમ્પ્યુટર ઉપરથી પત્ર લખી મોકલ્યો હતો કે, મને દક્ષિણ પૂર્વ મધ્ય રેલવેમાંથી ઉત્તર રેલવે (નોર્થ-રેલવે) માં બદલી કરી. અહીંથી (બિલાસ પુર)થી સેંકડો માઈલ દૂર રહેલા દિલ્હી મોકલવામાં આવ્યો છે. આ એક નર્યું પાગલપન છે. કારણ કે દિલ્હી પહોંચી હું મારો ચાર્જ સંભાળું તેના ત્રીજા દિવસે તો મારે નિવૃત્ત થવાનું છે.

## સિલ્ક્યારા ટનલ એક્સિડેન્ટ પર દેશ માટે કેસ સ્ટડી તૈયાર કરાશે

। નવી દિલ્હી, તા.૨૯ ।

નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાસ્ટર મેનેજમેન્ટ (એનઆઈડીએમ) ના કાર્યકારી નિર્દેશક રાજેન્દ્ર રતનું કહ્યું હતું કે ઉત્તરકાશીમાં સિલ્ક્યારા ટનલ એક્સિડેન્ટ પર દેશ માટે કેસ સ્ટડી તૈયાર કરાશે. ભવિષ્યમાં ટનલ નિર્માણ વખતે આપણે કઈ કઈ સાવચેતીઓ રાખવી? કેવી રીતે ખામીઓ દૂર કરવી? તેના પર એનઆઈડીએમ દ્વારા સંપૂર્ણ ચેપ્ટર તૈયાર કરાશે. છઠ્ઠાં વૈશ્વિક ડિઝાસ્ટર મેનેજમેન્ટ સંમેલનમાં ભાગ લેવા પહોંચેલા રાજેન્દ્ર રતનુએ કહ્યું કે દેશમાં જ્યાં પણ ટનલનું નિર્માણ કરાશે અમે પ્રયાસ કરીશું કે નિર્માણકાર્ય કરતી એજન્સી અને વિભાગ સાથે પહેલાથી જ તૈયાર મોડ્યુલ વિશે વાત કરી આગળ વધવામાં આવશે. તેમણે કહ્યું કે હિમાલય ક્ષેત્રમાં માર્ગો અને ટનલના નિર્માણમાં આ સ્ટડી મહત્ત્વપૂર્ણ સાબિત થશે. તેમણે કહ્યું કે હિમાલયમાં આવેલા તમામ રાજ્યોનું ભૂગોળ અન્ય રાજ્યોની તુલનાએ અલગ છે. એટલા માટે હિમાલયના રાજ્યો તરફથી એવું સૂચન હતું કે ઉત્તરાખંડમાં એક આ પ્રકારનું રાષ્ટ્રીય સંસ્થાન શરૂ થાય જ્યાં ડિઝાસ્ટર મેનેજમેન્ટ સંબંધિત રિસર્ચ, ટ્રેનિંગ અને તેની સાથે સંકળાયેલા મહત્ત્વ પૂર્ણ કાર્ય થઈ શકે. ૨૦૨૨થી કેન્દ્ર સરકાર સમક્ષ આ પ્રસ્તાવ લંબિત છે.

### વર્લ્ડકપમાં કોહલીએ સૌથી વધુ રન બનાવ્યા

# વિરાટ કોહલીનો વ્હાઈટ બોલ ક્રિકેટમાંથી બ્રેક લેવાનો નિર્ણય

### ભારત સાઉથ આફ્રિકાના પ્રવાસમાં ત્રણેય ફોર્મેટની સિરીઝ રમશે, જે ૧૦ ડિસેમ્બરે ત્રણ મેચની ટીર૦ સિરીઝથી શરૂ થશે

। નવી દિલ્હી, તા.૨૯ ।

ભારતીય ટીમના સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલીએ વન-ડે વર્લ્ડકપ ૨૦૨૩માં સૌથી વધુ રન બનાવ્યા હતા. પરંતુ હવે તેને લઈને એક ચોંકાવનારી જાણકારી સામે આવી રહી છે. મળેલી માહિતી મુજબ વિરાટ કોહલી સાઉથ આફ્રિકા સામે રમાનાર વ્હાઈટ બોલ સિરીઝ નહી રમે. અહેવાલો મુજબ કોહલી વ્હાઈટ બોલ ક્રિકેટથી બ્રેક લેશે અને માત્ર ટેસ્ટ ક્રિકેટ જ રમશે. મળેલા અહેવાલો મુજબ વિરાટ કોહલીએ બીસીસીઆઈને જણાવ્યું છે કે તે વ્હાઈટ બોલ ક્રિકેટથી બ્રેક લેશે અને તે માત્ર ટેસ્ટ ક્રિકેટ માટે ઉપલબ્ધ રહેશે. ભારતીય ટીમ આવતા મહિને સાઉથ આફ્રિકાના પ્રવાસે જવાની છે.



જ્યાં તે ત્રણેય ફોર્મેટની સિરીઝ રમશે. જેની શરૂઆત ૧૦ ડિસેમ્બરે ત્રણ મેચની ટી૨૦ સિરીઝથી થવાની છે. તે પછી ૧૭ ડિસેમ્બરથી ત્રણ મેચની વનડે સિરીઝ રમાશે અને ત્યારબાદ ૨૬ ડિસેમ્બરથી ભારતીય ટીમ બે મેચની ટેસ્ટ સિરીઝ રમશે.

એક સૂત્રે વાતચીત દરમિયાન જણાવ્યું હતું કે, ભારતીય પૂર્વ કેપ્ટન વિરાટ કોહલીએ બીસીસીઆઈ અને સિલેક્ટર્સને કહ્યું છે કે તેને વ્હાઈટ બોલ ક્રિકેટમાંથી બ્રેકની જરૂર છે અને જ્યારે તેને વ્હાઈટ બોલ ક્રિકેટ રમવાની હશે ત્યારે તે પાછો આવશે. હાલ તેણે બીસીસીઆઈને કહ્યું છે કે તે રેડ બોલ ક્રિકેટ રમશે, જેનો અર્થ છે કે તે સાઉથ આફ્રિકા સામેની ટેસ્ટ સિરીઝ માટે હાજર રહેશે.

### વર્લ્ડ કપ બાદ હેડકોચનો કાર્યકાળ સમાપ્ત થયો હતો

# રાહુલ દ્રવિડને ટીમ ઈન્ડિયાના હેડ કોચ તરીકે રિટેન કરાયા


### હેડ કોચ અને સપોર્ટ સ્ટાફનો કાર્યકાળ કેટલા દિવસ માટે આગળ વધારવામાં આવ્યો છે તેના વિશે માહિતી આપી નથી

। નવી દિલ્હી, તા.૨૯ ।

ભારતીય ક્રિકેટ બોર્ડ (બીસીસીઆઈ) દ્વારા રાહુલ દ્રવિડને ફરી એકવાર ભારતીય ટીમનો હેડ કોચ બનાવવામાં આવ્યો છે. વન-ડે વર્લ્ડકપ ૨૦૨૩ના સમાપન સાથે જ તેનું કાર્યકાળ પણ સમાપ્ત થઈ ગયું હતું. પરંતુ હવે બીસીસીઆઈએ રાહુલ દ્રવિડ એન્ડ કંપનીને રિટેન કરવાનો નિર્ણય કર્યો છે. સિનિયર મેન્સ ટીમના હેડ કોચ રાહુલ દ્રવિડ સાથે સપોર્ટ સ્ટાફના કોન્ટ્રાક્ટ પણ એક્સ્ટેન્ડ કર્યા છે. હેડ કોચ અને સપોર્ટ સ્ટાફનું કાર્યકાળ કેટલા દિવસ માટે આગળ વધારવામાં આવ્યો છે તેના વિશે બીસીસીઆઈએ કોઈ માહિતી આપી નથી. બીસીસીઆઈએ કહ્યું છે કે, 'બીસીસીઆઈએ રાહુલ દ્રવિડ સાથે તાજેતરમાં સમાપ્ત થયેલા વન-ડે વર્લ્ડકપ ૨૦૨૩ પછી તેમનો કોન્ટ્રાક્ટ સમાપ્ત થયા પછી તેમની સાથે ચર્ચા કરી હતી અને દરેકની સંમતિથી કોન્ટ્રાક્ટને લંબાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. બોર્ડ ભારતીય ટીમને ઘડવામાં રાહુલ દ્રવિડની ભૂમિકાને ઓળખે છે અને તેમની અસાધારણ



વ્યાવસાયિકતાની પ્રશંસા કરે છે. બોર્ડ એનસીએના હેડ કોચ અને ભારતીય ટીમના સ્ટેન્ડ-ઈન હેડ કોચ તરીકે વીવીએસ લક્ષ્મણની ભૂમિકાની પણ પ્રશંસા કરે છે. તેમની મહાન ઓનફિલ્ડ ભાગીદારીની જેમ જ રાહુલ દ્રવિડ અને વીવીએસ લક્ષ્મણે ભારતીય ક્રિકેટને આગળ વધાર્યું છે.' બીસીસીઆઈ પ્રમુખ રોજર બિન્નીએ કહ્યું કે, 'રાહુલ દ્રવિડની દૂરદ્રષ્ટિ, વ્યાવસાયિકતા અને દ્રઢ પ્રયાસો ટીમ ઈન્ડિયાની સફળતામાં મહત્વપૂર્ણ આધારસ્તંભ છે.



### દિલ્હી કેપિટલ્સે અભિનંદન આપતી તસવીરો શેર કરી

# ટીમ ઈન્ડિયાનો પેસ બોલર મુકેશ કુમાર લગ્ન બંધનમાં બંધાયો

। નવી દિલ્હી, તા.૨૯ ।

ભારતીય ટીમના ફાસ્ટ બોલર મુકેશ કુમાર લગ્નના બંધનમાં બંધાઈ ગયો છે. મુકેશે ગઈકાલે ઓસ્ટ્રેલિયા સામેની ત્રીજી ટી૨૦આઈ મેચથી લગ્ન માટે રજા લીધી હતી. મુકેશ કુમારના લગ્નની તસવીરો પણ સોશ્યલ મીડિયા પર આવી ચુકી છે. આઈપીએલ ફ્રેન્ચાઈઝી દિલ્હી કેપિટલ્સે મુકેશ કુમારને અભિનંદન આપતા લગ્નની તસવીર શેર કરી છે. મુકેશ અને તેની પત્ની આ તસવીરમાં ખુબ જ શાનદાર દેખાઈ રહ્યા છે. મુકેશ કુમારની પત્નીનું નામ દિવ્યા છે. મુકેશ કુમાર ગોપાલગંજનો રહેવાસી છે અને તેણે લગ્ન ગોરખ પુરમાં કર્યા હતા. સોશ્યલ મીડિયા પર લગ્નનો એક વીડિયો પણ સામે આવ્યો છે, જેમાં મુકેશ વરરાજાના રૂપમાં જતો જોવા મળી રહ્યો છે. આ દરમિયાન તેણે શેરવાની પહેરી છે. જણાવી દઈએ કે મુકેશ કુમાર ઓસ્ટ્રેલિયા સામે રમાઈ રહેલી ૫ મેચોની ટી૨૦ સિરીઝમાં ભારતીય ટીમનો ભાગ છે પરંતુ તેણે ત્રીજી ટી૨૦આઈમાં બીસીસીઆઈ પાસેથી લગ્ન માટે રજા માંગી હતી. મુકેશ કુમાર ઓસ્ટ્રેલિયા સામે રમાયેલી અગાઉ ૨ ટી૨૦આઈ મેચમાં ભારતીય ટીમના પ્લેઈંગમાં પણ સામેલ હતો. ત્રીજી ટી૨૦આઈ મેચમાં તેની જગ્યાએ આવેશ ખાનને પ્લેઈંગ ઈલેવનમાં સામેલ કરવામાં આવ્યો હતો. રાયપુરમાં રમાનાર ચોથી ટી૨૦આઈમાં મુકેશ કુમાર ભારતીય ટીમ સાથે જોડાશે. જણાવી દઈએ કે મુકેશ કુમાર ભારત માટે ત્રણેય ફોર્મેટમાં ડેબ્યૂ કરી ચુક્યો છે. તેણે ૨૦૨૩માં વેસ્ટ ઈન્ડિઝના પ્રવાસમાં ત્રણેય ફોર્મેટમાં ભારત માટે ડેબ્યૂ કર્યો હતો.

### યુદ્ધ વિરામના પાંચમાં દિવસ ૧૨ બંધકોને મુક્ત કરાયા

# ઈઝરાયેલ-હમાસ યુદ્ધ વિરામ લંબાવવામાં આવ્યું

### યુદ્ધવિરામના પાંચમા દિવસે ઈઝરાયેલે ૩૦ પેલેસ્ટિનીઓને મુક્ત કર્યા, જેના બદલામાં હમાસે ૧૨ બંધકોને મુક્ત કર્યા હતા

। જેરૂસલેમ, તા.૨૯ ।

ઈઝરાયેલ અને હમાસ વચ્ચે યુદ્ધવિરામના પાંચમા દિવસે હમાસ દ્વારા ૧૨ બંધકોને મુક્ત કરવામાં આવ્યા હતા. ઈઝરાયેલના સંરક્ષણ દળોએ રેડ ક્રોસ સમક્ષ બંધકોને મુક્ત કરવાની પુષ્ટિ કરી હતી. બંધકોની મુક્તિ માટે ઈઝરાયેલ અને હમાસ વચ્ચે સમજૂતી થઈ છે. કરાર હેઠળ ઈઝરાયેલ દ્વારા કેદ કરાયેલા પેલેસ્ટાઈનીઓને મુક્ત કરાશે અને તેના બદલામાં હમાસ દ્વારા ઈઝરાયેલના બંધકોને મુક્ત કરાશે. કતારના વિદેશ મંત્રાલયના પ્રવક્તા માજિદ અલ-અંસારીએ કહ્યું કે યુદ્ધવિરામના પાંચમા દિવસે ઈઝરાયેલે ૩૦ પેલેસ્ટિનીઓને મુક્ત કર્યા, જેના બદલામાં હમાસે ૧૨ બંધકોને મુક્ત કર્યા હતા. આ બંધકો ૫૨ દિવસ પછી તેમના પરિવારને મળશે. ૧૨ બંધકોમાં ૧૦ઈઝરાયેલના નાગરિકો અને બે થાઈ નાગરિકોનો સમાવેશ થતો હતો. અંસારીના જણાવ્યા અનુસાર, ૧૦ ઈઝરાયેલના નાગરિકોમાં નવ મહિલાઓ અને એક સગીરનો સમાવેશ થાય છે. જ્યારે ત્રણ ઈઝરાયેલી નાગરિકો બેવડી નાગરિકતા ધરાવે છે - એક ફિલિપાઈન્સની અને બે આર્જેન્ટિનાની.

### ભારતીય શેરબજારે એક નવો માઈલસ્ટોન સિદ્ધ કર્યો

# બીએસઈનું માર્કેટ કેપિટલાઇઝેશન 330 લાખ કરોડ, ભારતના જીડીપી કરતા વધુ

### ૪ ટ્રિલિયન ડોલરથી વધારે કેપ સાથે ભારતીય શેરબજાર હવે દુનિયામાં પાંચ નંબરનું સેન્સેક્સ બની ગયું છે

। મુંબઈ, તા.૨૯ ।

ભારતીય શેરબજારે એક નવો માઈલસ્ટોન સિદ્ધ કર્યો છે. ગઈકાલે બીએસઈનું માર્કેટ કેપિટલાઈઝેશન તેની ઓલટાઈમ હાઈ સપાટી પર પહોંચ્યું હતું. આ સપાટી ઝડપથી વધતી જોવા મળી અને ૪.૧ ટ્રિલિયન ડોલર એટલે કે ૩૩૦ લાખ કરોડ થઈ ગઈ છે.

જો આ આંકડા પર નજર કરીએ તો તે ભારતના જીડીપી કરતા પણ વધુ છે. ૪ ટ્રિલિયન ડોલરથી વધારે કેપ સાથે ભારતીય શેરબજાર દુનિયામાં પાંચ નંબરનું સેન્સેક્સ બની ગયું છે. પ્રથમ ચાર નંબર પર ક્રમશ અમેરિકા,ચીન, જાપાન અને હોંગકોંગની શેરબજાર સ્થાન ધરાવે છે. પાછળના બે વર્ષમાં ભારતીય શેરબજાર ઝડપથી ગતિ કરી રહ્યું છે અને ઓછા સમયમાં આ એક નવો મુકામ હાંસલ કર્યો છે.

છેલ્લા ૨૦ વર્ષમાં બીએસઈની માર્કેટ વેલ્યુમાં ૩૩ ગણો વધારો જોવા મળ્યો છે, સપ્ટેમ્બર ૨૦૦૩માં ૧૦ લાખ કરોડ રૂપિયા હતો. બીજી તરફ, શેરબજારના બીજા ઈન્ડેક્સ નિફ્ટી-૫૦એ પણ આ વર્ષે નવા રેકોર્ડ બનાવ્યા અને સપ્ટેમ્બર ૨૦૨૩માં ૨૦,૦૦૦નો આંકડો પાર કર્યો હતો.

### ગોલન પર ઈઝરાયેલનો કબજો ન હટાવવા સામે પ્રસ્તાવ

# ભારત સીરિયન વિસ્તાર ગોલન પર ઈઝરાયલના કબજાના વિરોધમાં

### પ્રસ્તાવની તરફેણમાં ભારત સહિત ૯૧ દેશોએ મતદાન કર્યું

। વોશિંગ્ટન, તા.૨૯ ।

ઈઝરાયલ અને હમાસ વચ્ચે છેલ્લા એક મહિના કરતાં પણ વધુ સમયથી યુદ્ધની સ્થિતિ જોવા મળી રહી છે. આ દરમિયાન જ સંયુક્ત રાષ્ટ્ર સંઘ (યુએનજીએ)માં સીરિયાઈ ગોલન પરથી ઈઝરાયલ દ્વારા કબજો ન હટાવવા સામે ગાઢ ચિંતા વ્યક્ત કરતો મહત્ત્વપૂર્ણ પ્રસ્તાવ રજૂ કરાયો હતો. આ પ્રસ્તાવ અંગે ભારતનું વલણ ચોંકાવનારું રહ્યું.

આ પ્રસ્તાવની તરફેણમાં ભારત સહિત ૯૧ દેશોએ મતદાન કર્યું. એટલે કે ભારત સીરિયન વિસ્તાર ગોલન પર ઈઝરાયલના કબજાના વિરોધમાં છે. ઉલ્લેખનીય છે કે સીરિયન ગોલન દક્ષિણ પશ્ચિમ સીરિયાનો એક વિસ્તાર છે જેના પર ૧૯૬૭માં ઈઝરાયલી સુરક્ષાદળોએ કબજો કરી લીધો હતો. ભારત ઉપરાંત બાંગ્લાદેશ, ભુટાન, ચીન, મલેશિયા, માલદીવ, નેપાળ, રશિયા, દ.આફ્રિકા, શ્રીલંકા અને સંયુક્ત રાષ્ટ્ર જેવા દેશોએ ઈઝરાયલના કબજાનો વિરોધ કર્યો હતો. પશ્ચિમ એશિયામાં સ્થિતિ વિષય પર આધારિત એજન્ડા હેઠળ



સીરિયન ગોલન નામના પ્રસ્તાવ પર ૧૯૩ સભ્યોની સંયુક્ત રાષ્ટ્રની મહાસભામાં મતદાન થયું હતું. ઈજિપ્તે આ પ્રસ્તાવ રજૂ કર્યો હતો જેની તરફેણમાં ૯૧ દેશોએ વોટિંગ કર્યું અને આ પ્રસ્તાવના વિરોધમાં એટલે કે ઈઝરાયલના કબજાના સમર્થનમાં કુલ ૮ દેશોએ વિરોધ વ્યક્ત કર્યો હતો. જોકે ૬૨ સભ્ય દેશો આ મતદાનમાં ગેરહાજર રહ્યા હતા. ઓસ્ટ્રેલિયા, કેનેડા, ઈઝરાયલ, બ્રિટન અને અમેરિકા જેવા દેશોએ આ પ્રસ્તાવના વિરોધમાં એટલે કે ઈઝરાયલના કબજાના સમર્થનમાં મતદાન કર્યું હતું. પ્રસ્તાવમાં એ વાત પર ચિંતા વ્યક્ત કરાઈ હતી કે પ્રાસંગિક સુરક્ષા પરિષદ અને મહાસભાના પ્રસ્તાવથી વિપરિત ઈઝરાયલે સીરિયન ગોલનથી પીછેહઠ નથી કરી જે ૧૯૬૭થી તેના કબજામાં છે.

### બજારમાં રોકાણકારો માટે ખુબજ ખુશી

# સેન્સેક્સમાં ૭૨૮ અને નિફ્ટીમાં ૨૦૭ પોઈન્ટનો ઊછાળો આવ્યો

### ટ્રેડિંગ દરમિયાન ખરીદારોએ બજાર પર પ્રભુત્વ જાળવ્યું

। મુંબઈ, તા.૨૯ ।

બેન્કિંગ, આઈટી અને ઓટોમાં દોઢ ટકાનો વધારો જોવા મળ્યો હતો જ્યારે એફએમસીજી સેક્ટરમાં પણ ૦.૪૫ ટકાનો વધારો જોવા મળ્યો હતો. મેટલ સેક્ટર ફ્લેટ રહ્યું હતું. ઓઈલ અને ગેસ સેક્ટરમાં પણ એક ટકાની વૃદ્ધિ જોવા મળી હતી. મહત્વની વાત એ હતી કે ડે ટ્રેડિંગ દરમિયાન પણ બજારમાં ખરીદદારોનો દબદબો રહ્યો હતો. આ સમયગાળા દરમિયાન નિફટીએ ૨૦૦૦૦ના મનોવિજ્ઞાન સ્તરને પાર કર્યું હતું.

બુધવાર ભારતીય શેરબજારમાં રોકાણકારો માટે ઘણી ખુશી લઈને આવ્યો. બીએસઈનો સેન્સેક્સ ૭૨૭.૭૧ પોઈન્ટના વધારા સાથે ૬૬૯૦૧.૯૧ પર બંધ થયો હતો, જ્યારે એનએસઈનો નિફ્ટી ૨૦૬.૯૦ પોઈન્ટના વધારા સાથે ૨૦૦૯૬.૬૦ પર બંધ થયો હતો.

મજબૂત વૈશ્વિક સંકેતો વચ્ચે આજે સવારે બજાર સકારાત્મક નોંધ પર ખુલ્યું હતું અને મહત્વની બાબત એ હતી કે દિવસના ટ્રેડિંગ દરમિયાન ખરીદદારોએ બજાર પર પ્રભુત્વ જાળવી રાખ્યું હતું. આ સમયગાળા દરમિયાન નિફ્ટીએ ૨૦૦૦૦ના મનોવિજ્ઞાન સ્તરને પાર કર્યું હતું. આ સાથે જ સેન્સેક્સ પણ ૬૬૯૦૦ની સપાટી વટાવીને નવી ઊંચાઈ તરફ આગળ વધ્યો છે. શેરબજારમાં બેક્કિંગ, આઈટી અને ઓટોમાં દોઢ ટકાનો વધારો જોવા મળ્યો હતો જ્યારે એફએમસીજી સેક્ટરમાં પણ ૦.૪૫ ટકાનો વધારો જોવા મળ્યો હતો. મેટલ સેક્ટર ફ્લેટ રહ્યું હતું. ઓઈલ અને ગેસ સેક્ટરમાં પણ એક ટકાની વૃદ્ધિ જોવા



મળી હતી. આજના બજારમાં બેક્કિંગ અને ઓટો શેરોમાં ભારે ચાલ જોવા મળી હતી. એનએસઈના ટોપ ગેઈનર્સની યાદીમાં એક્સિસ બેક્ક ટોચ પર છે. એક્સિસ બેક્ક ૪%ના વધારા સાથે બંધ થયો. હીરો મોટોકોર્પ ૩.૫%ના વધારા સાથે બંધ થવામાં સફળ રહ્યો હતો. મહિન્દ્રા એન્ડ મહિન્દ્રામાં ૩.૭ ટકાનો ઉછાળો હતો. વિપ્રોમાં ૨.૨૦ ટકાનો ઉછાળો હતો. આજના ટ્રેડિંગ સેશનમાં HDFC બેક્કના શેર ૨.૧૯ ટકા વધીને બંધ થયા છે, જ્યારે ટાટા મોટર્સનો શેર ૨ ટકાથી વધુ વધીને બંધ થયો છે. એનએસઈના ટોપ લૂઝર્સમાં અદાણી એન્ટરપ્રાઈઝ ૧.૨% ના ઘટાડા સાથે બંધ થયો. આ ઘટાડો સંભવતઃ અદાણી એન્ટરપ્રાઈઝિસમાં પ્રોફિટ બુકિંગને કારણે થયો હતો.ઓએનસીજીના શેર પણ ૧.૯૫ ટકાના ઘટાડા સાથે બંધ થયા હતા. ડિવિસ લેબમાં પણ ૦.૬૫ ટકાનો ઘટાડો થયો હતો, જ્યારે નેસ્લે ઈન્ડિયાના શેર પણ ૦.૬૪ ટકા ઘટીને બંધ થયા હતા.

### પુતિન વિરુદ્ધ સૈનિક પરિવારની મહિલાઓ રોડ પર ઊતરી

# યુદ્ધ નહીં શાંતિ જોઈએ, અમારા સંતાનોને યુક્રેનથી પરત બોલાવો

### વિરોધ પ્રદર્શનના વીડિયો સામે આવ્યા, સૈનિકોની માતાઓ, બહેનો, પુત્રીઓ અને પત્નીઓએ ભાગ લઈને સૂત્રોચ્ચાર કર્યા

। મોસ્કો, તા.૨૯ ।

યુક્રેન પર રશિયાના હુમલાના એક વર્ષ અને નવ મહિના પસાર થઈ ચૂક્યા છે પરંતુ યુદ્ધનો હજુ સુધી કોઈ સમાધાન થયું. હજારો રશિયન સૈનિકો હજુ પણ યુક્રેનમાં યુદ્ધ લડી રહ્યા છે. બીજી તરફ તેમના પરિવારજનોનો ગુસ્સો રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન પર નીકળી રહ્યો છે. મોટી સંખ્યામાં રશિયન સૈનિકોના પરિવારના સભ્યોએ રાજધાની મોસ્કોમાં વિરોધ પ્રદર્શન કરીને કહ્યું કે, તેમના પુત્ર અને પતિને યુક્રેનથી પરત બોલાવો.

સોશિયલ મીડિયા પર વિરોધ પ્રદર્શનના તમામ વીડિયો સામે આવી રહ્યા છે. તેમાં રશિયામાં યુદ્ધ લડી રહેલા સૈનિકોની માતાઓ, બહેનો, પુત્રીઓ અને પત્નીઓએ ભાગ લઈને સૂત્રોચ્ચાર કર્યા હતા. મહિલાઓની માંગ છે કે, હવે પુતિને પોતાનું વચન નિભાવવું જોઈએ. એક વર્ષ પહેલા ઘર છોડીને ગયેલા સૈનિકોની પત્નીઓનું કહેવું છે કે, તેમને યુદ્ધ નહીં શાંતિ જોઈએ. ઝડપથી તેમની વતન વાપસી કરાવો. યુદ્ધ વિરુદ્ધ આંદોલન કરી રહેલી મહિલાઓએ એક વીડિયો મેસેજમાં કહ્યું કે, અમને શાંતિ જોઈએ. યુક્રેનમાં યુદ્ધ કરવા માટે એક વર્ષ પહેલા ગયેલા સૈનિકોને હવે પરત લાવવા જોઈએ. પરંતુ સરકાર એવું કેમ નથી કરી રહી? અમારી સેના ભલે આજે વિશ્વની સૌથી સારી સેના બની ગઈ છે પરંતુ એનો અર્થ એ નહીં કે, આ સેનાને અંતિમ સૈનિક સુધી ત્યાં જ રહેવું જોઈએ. આંદોલન કરી રહેલી મહિલાઓએ કહ્યું કે, અમારા સંતાનો દેશ માટે બહાદુરીથી લડ્યા છે. તેઓએ પોતાનું લોહી વહાવ્યું છે. હવે તેઓ તેમના પરિવાર પાસે પ રત ફરવા જોઈએ પરંતુ સરકાર આવું કેમ નથી કરી રહી? મહિલાઓનું કહેવું છે કે રશિયન સરકારે વચન આપ્યું હતું કે યુક્રેનમાં કામ પૂરું થયા બાદ સૈનિકોને પરત લાવવામાં આવશે.

બીજી તરફ ક્રેમલિનનું કહેવું છે કે, યુક્રેનમાં હાલમાં રશિયન સૈનિકોનું કામ પૂર્ણ નથી થયું. ત્યાં તેમની જરૂર છે. યુદ્ધ હજુ ખતમ નથી થયું. યુદ્ધ ખતમ થતાં જ સૈનિકો પરત આવી જશે. હાલ તેઓ માતૃભૂમિ માટે કામ કરી રહ્યા છે.

## તંત્રી લેખ...

# ન્યૂમોનિયા અને ઇન્ફલુએન્ઝાને લઈને સ્વાભાવિક ચિંતા

ચાર વર્ષ પહેલાં આ જ સિઝન હતી, શિયાળાની શરૂઆત થઈ ગઈ હતી, જ્યારે ચીનથી કોરોના વાયરસની લહેર ઊઠી અને જોતજોતાંમાં આખી દુનિયા તેની ઘાતક ઝપટમાં આવી ગઈ હતી. આ વર્ષે ફરી ત્યાં એક વાયરસના પ્રસારની માહિતી મળી રહી છે અને આ વાયરસ પણ માણસ, વિશેષ કરીને બાળકોના શ્વસન તંત્ર પર હુમલો કરી રહ્યો છે. તેથી ચીનમાં ફેલાઈ રહેલ માઈકોપ્લાઝમા ન્યૂમોનિયા અને ઈન્ફલુએન્ઝાને લઈને દુનિયાભરમાં સ્વાભાવિક ચિંતા જોવા મળી રહી છે. જોકે આ કોઈ નવો વાયરસ નથી અને તેને હાલમાં ત્યાં પણ નિયંત્રણમાં હોવાનું કહેવાય છે. પરંતુ તેના દર્દીઓની સંખ્યા ઘણી ઝડપથી વધી રહી છે. તેથી ભારત સરકારે પણ પોતાને ત્યાં સુરક્ષાને લઈને તમામ પ્રકારના દિશા-નિર્દેશ જારી કરી દીધા છે. રાજ્ય સરકારો અને હોસ્પિટલોને ન્યૂમોનિયાના દર્દીઓના ખાસ નિરીક્ષણ કરવા અને જરૂરી સતર્કતા ઉપાય અપનાવવાનું કહેવામાં આવ્યું છે. સવાલ એ છે કે આ ઈન્ફલુએન્ઝા અને કોરોના વાયરસમાં કેટલી સમાનતા છે? નિશ્ચિતપણે આ બંને વાયરસ ઘણી ઝડપથી ફેલાય છે અને બંને પાસે મહામારી પેદા કરવાની પર્યાપ્ત ક્ષમતા છે. તેમ છતાં બંને એકબીજાથી અલગ પ્રકૃતિના વાયરસ છે. અસલમાં ચીનમાં જે એચ૯એન૨ વાયરસને કારણે ઈન્ફલુએન્ઝા ફેલાયો છે, તેની કેટલીય લહેર આવી ચૂકી છે અને તે એવી જ રીતે આવતી રહેશે, કારણ કે તેનું રૂપ બહુ ઝડપથી બદલાય છે. કોઈપણ વાયરસ રૂપે બદલાવ વાસ્તવમાં બે પ્રકારે થાય છે, જેને ટેકનિકલ શબ્દાવલીમાં 'ડ્રિફ્ટ' અને 'શિફ્ટ' કહે છે. ડ્રિફ્ટનો મતલબ હોય છે વાયરસના જીનમાં મામૂલી બદલાવ, જેમાં સપાટીના પ્રોટીનમાં પણ કેટલીક હદ સુધી બદલાવ થાય છે, જ્યારે શિફ્ટમાં અચાનક એટલો મોટો બદલાવ થાય છે કે તેનાથી વાયરસમાં નવું પ્રોટીન બની જાય છે. તેમાં પ્રોટીન નવું હોય છે તેથી શરીરની પ્રતિરક્ષા પ્રણાલી તેને પકડવામાં સફળ નથી થઈ શકતી. એચ૯એન૨ સમયની સાથે નવા-નવા રૂપ લેતો રહે છે, જેને કારણે લગભગ એક નિયમિત અંતરાલ પર માનવ આબાદી તેની ઝપટમાં આવતી રહે છે. આ જ કારણ છે કે એચ૯એન૨ વાયરસ પર ૨૦૧૯ બાદ હરસંભવ નજર રાખવામાં આવે છે. હાલમાં આ બીમારી ફેલાવાનું બીજું એક કારણ પણ છે. ઈન્ફલુએન્ઝા સામાન્ય રીતે શિયાળાની સિઝનમાં જ ફેલાય છે. હમણાં ચીનમાં ભારે ઠંડી પડી રહી છે અને કોરોના સમયે લગાવેલા પ્રતિબંધો પણ હટાવી લેવામાં આવ્યા છે. તેના દર્દી એ વિસ્તારો કે શહેરોમાં વધુ આવી રહ્યા છે, જે ઘણાં ઉન્નત છે અને જ્યાં જનસંખ્યાની ગીચતા વધારે છે. બાળકો એકબીજાના સંપર્કમાં વધારે રહે છે, તેથી તેમનામાં આ ન્યૂમોનિયાનો પ્રસાર ઘણો વધારે થઈ રહ્યો છે. હાલમાં રાહતની વાત એ છે કે ત્યાં મોતના સમાચાર ઓછા છે. એમ પણ ઈન્ફલુએન્ઝા વાયરસ કે બીમારી બુઝુર્ગોમાં વધુ ઘાતક હોય છે. તેની સારવાર સામાન્ય રીતે એ જ છે જે અન્ય ઈન્ફલુએન્ઝાની હોય છે અને લક્ષણ પણ સમાન રૂપે શરદી-ઉધરસના જ છે. બીમારીના લક્ષણને જોઈને જ તેનો ઉપચાર કરવામાં આવે છે. ઈન્ફલુએન્ઝા વાયરસ નિયમિત રીતે દુનિયાભરમાં ફેલાતો રહે છે, એટલે ભારત પણ તેમાં બાકી નથી. સંભવતઃ આ નવો વાયરસ પણ અહીં આવી શકે છે. બસ મુશ્કેલી એ છે કે તેની ખબર જ્યાં સુધી પડે છે ત્યાં સુધી ઘણું મોડું થઈ ગયું હોય છે અને ચારેબાજુ તેનો ફેલાવો થઈ ગયો હોય છે. ચીનમાં પણ હોસ્પિટલો હાંફવા લાગી છે, કારણ કે તેના પર અચાનક દર્દીઓનો બોજ આવી ગયો છે. ભારત સરકારે સ્વાભાવિક જ આ સંદર્ભમાં દિશા-નિર્દેશ જારી કર્યા છે. આ એક પ્રશંસનીય પહેલ છે. આ દિશા-નિર્દેશમાં પૂર્વ તૈયારીની ચર્ચા છે.

## ગ્લોબલ વોર્મિંગના કારણે પ્રકૃતિ પોતાના રંગ બદલે છે

અચાનક આવેલા ઝંઝાવાતે ગુજરાતની લગ્નસરાની મોસમને પ્રભાવિત કરી દીધી છે. હવે આવું થયા જ કરશે. કુદરત હવે અણધારી ઉતરે છે. પ્રકૃતિ પણ પોતાના રંગ બદલે છે. કુદરતનો ક્રમ બદલાયેલો છે. બહુ બારીક નજરે જોશો તો ખ્યાલ આવશે કે કેટલાક વૃક્ષો કોઈ પણ કારણ વિના સૂકાઈ ગયા છે, જાણે કે બળી ગયા ન હોય! ગુજરાતના જંગલોમાં થોડા થોડા અંતરે વૃક્ષ સૂકાઈ ગયેલા જોવા મળે છે. આમ થવાનું રહસ્ય કોઈ જાણતું નથી. આ એક નોટિસ છે. જો મનુષ્ય એને ધ્યાનમાં નહિ લે તો કુદરત વધુ કોપાયમાન થઈ શકે છે. એકવીસમી સદીનો આ ત્રીજો દાયકો ચાલુ થયો ત્યારથી આખી પૃથ્વી પર પ્રાકૃતિક ઉત્પાત જોવા મળે છે. તમામ મોસમ વેરવિખેર થઈ ગઈ છે. મોસમનો મૂળ સ્વભાવ અને ચરિત્ર વિચ્છિન્ન થઈ ગયા છે. ઈ. સ. ૨૦૨૦ના નવા દાયકાની શરૂઆત જ હજારો-લાખો એકરના સળગતા જંગલો વચ્ચે થઈ હતી. પચાસ હજાર ચોરસ કિલોમીટરની આગથી થયેલા નુકસાનનો હિસાબ કરતા ઓસિ સરકારને એક વરસ લાગ્યું હતું. સહેજ પણ ચિંતા વિના લોકો જિંદગી પસાર કરે છે. જે ચિંતા છે તે પોતાની અંગત છે. પર્યાવરણની નથી. આપણી માનસિકતા એવી છે કે ઓસ્ટ્રેલિયન જંગલો સળગ્યા પણ એ આગ અહીં થોડી આવવાની છે? પરંતુ એ આગ અહીં આવી શકે છે. કારણ કે આ આગ પૃથ્વી નામના આપણા સહિયારા ઘરમાં લાગેલી આગ છે. કોઈ બીજા ગ્રહ કે ઉપગ્રહ પરનો આ ધૂમાડો છે. હવે પછી આવનારા તમામ વરસોમાં કુદરત રુઠેલી રહેવાની છે. એક વાત એ ધ્યાનમાં લેવા જેવી છે કે દરેક આપત્તિમાં હવે બચાવ કામગીરી ધીમી પડતી જાય છે. એટલે કે કુદરતી સંકટ આત્યંતિક હોય છે. હવે કુદરત આગાહીઓને વશ નથી. ભલે હવામાન ટેકનોલોજી વધી પરંતુ અંદાજ ખોટા પડે છે. ગત દિવાળી પછી પૂનાની વેધશાળાએ સ્પષ્ટ કહ્યું હતું કે આ વખતે શિયાળો હૂંફાળો રહેવાનો છે, બહુ ઠંડી તો પડવાની જ નથી! એ વિધાનો સાવ અવૈજ્ઞાનિક સાબિત થયા અને શિયાળો નિયમસરનો કાતિલ નીવડયો હતો. જો કે ગ્લોબલ વોર્મિંગનો તો અર્થ જ એ છે કે ખૂબ જ ઠંડી અને અસહ્ય ગરમી. અત્યારે અરબી સમુદ્ર પર જે ઝંઝાવાતે આકાર લીધો છે એની દિશા સતત ફરતી રહી છે. અણધારી આપત્તિનો આ અણસાર છે. આગાહીઓ ઉપરાઉપરી ખોટી પડી રહી છે. મોસમનો આહલાદ હવે બધા માણી શકે એમ નથી. કુદરતે તેના તમામ સર્જનોમાં મનુષ્યને મુઠી ઉંચેરુ સ્થાન આપતાં તેને બુદ્ધિરુપી વિશેષતા બક્ષી છે. આ જ બુદ્ધિને બળે મનુષ્ય પોતાને માટે, કુદરતના તમામ સર્જનોને માત્ર ને માત્ર પોતાની ભૌતિક સુખ-સુવિધાના સાધનો જ માનતો આવ્યો છે. તેને વિના મૂલ્યે મળેલી અમૂલ્ય પ્રાકૃતિક સંપદાના વપરાશમાં તે કોઈ પ્રમાણભાન જાળવી શક્યો નથી. જેના કારણે કુદરતનું જે ચક્ર અત્યાર સુધી એક મંથર ગતિએ ચાલી રહ્યું હતુ, તેમાં હવે થોડા થોડા અંતરાયો આવવા માંડયા છે.

# હે જગ ત્રાતા વિશ્વ વિધાતા! હે જગત પિતા તારા ચરણોમાં જ સુખ શાંતિનું પરમ ધામ છે, એ સત્યને અમે સમજી ચૂક્યા છીએ



### સદગુરુ વચનામૃત

સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)



હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ.આજના સમયના મોટાભાગના લોકો એક ગાડરિયા પ્રવાહમાં તણાઈ રહ્યા હોય, એમ આધુનિકતાના ચશ્મા ચડાવી જીવી રહ્યા છે. સમયનો આ દોર જ એવો છે કે, એમાં કોઈ એટલે કોઈને શીખામણ ગમતી નથી. મોટેભાગે બધા જ પોતાને સર્વ ગુણ સંપન્ન માને છે, અને આમાં શિક્ષિત કે અશિક્ષિતની કેટેગરીની વાત તો જાણે સ્વર્ગ નર્કનો ભેદ હોય એમ! આમ પણ સમયના દરેક મોડ પર મનુષ્યની માનસિકતા ક્યારેય સમજી શકાતી નથી, કાં તો એને હર ક્ષણ કંઈક ગુમાવવાનો ડર રહેતો હોય છે, અથવા તો કંઈક વધુ ને વધુ મેળવવાની ઝંખના,અને બસ આમ ને આમ નીતિ છે કે, અનીતિ ! એવું કંઈ વધુ વિચાર્યા વગર માનવી પોતાના સ્વાર્થ માટે કંઈ પણ કરતાં અચકાતો નથી, અને આમ એક પછી એક વર્ષો આ એકધારી દોડમાં ચાલ્યા જાય છે. સંસારીઓનો તો જાણે નિયમ બની ગયો છે કે જીવન માટે આટલી ચીજ વસ્તુ તો જોઈશે જ!, સંબંધો પણ ક્યાંક હઠ તો ક્યાંક દબાણ કે પછી જબરદસ્તી! આપસના વ્યવ્હારોમાં પણ સતત દેખાદેખી કે હુંસાતુંસી! અને ઉપરથી એ તો આમ જ નિભાવાય ! એવી માન્યતા.મોટા ભાગનાની જ્યારે આવી માનસિકતા હોય ત્યારે સમાજમાં અરાજકતા ફેલાય છે. સામાજિક પતન માટે આ બધું જ એટલે કે લોકોની મહત્વાકાંક્ષા ને જરુરીયાત જ અંતે તો મુખ્યત્વે સાબિત થાય છે.આપણા પૂર્વજો એ એટલે જ એવું કહેતા કે ચાદર હોય એટલા જ પગ ફેલાવાય! પરંતુ આજકાલ હવે એવું કોઈ જ વિચારતું નથી. હેસિયત ન હોય તો ચોરી લૂંટ ભ્રષ્ટાચાર અનીતિ વગરે માર્ગ અપનાવે છે, અને કાંતો જીંદગીભર એક પછી એક લોન! પણ જ્યાં સુધી જીવન સત્યને માર્ગે ચાલે નહીં, ત્યાં સુધી આ ભટકાવનો કોઈ અંત નથી. સમાજમાં બૃહદ અંશે માનવીય પ્રકૃતિ ને બાહ્ય પ્રકૃતિ વચ્ચે અસંતુલન થાય ત્યારે વાવાઝોડું પૂર ધરતીકંપ સુનામી કે પછી, આવા માવઠા જેવી કુદરતી આફત આવે છે.

લોકો જ્યારે આ આફતથી ત્રાહિમામ પોકારી ઉઠે, અને અંતે તેને સર્વ સમર્થ યાદ આવે છે. ઓચિંતાનું જ્ઞાન ઉદભવે છે, જન્મ મૃત્યુનાં સત્ય સમજાય છે, અને પ્રેમ, સંવેદના તથા ઈશ્વરની કરુણાનો અનુભવ થાય છે, અને એકાએક ડાહીડમરી વાતો કરવા લાગે છે. પરંતુ અહીં સુધી વાંધો નથી.સવારનો ભૂલેલો સાંજ પડે ઘર આવે તો એ ભૂલ્યો કહેવાતો નથી, છતાં ઘણા હજી પણ અહમ ને કારણે સમર્થનું શરણું પકડતા નથી. ચતુરાઈ ને છળ કપટ છોડે, એના જીવન સત્ય અપનાવતા સુધરી જાય છે. સમાજમાં એવા કેટલાય સાધુ મહાત્માઓ છે, જે ઈશ્વર પાસે સૌની માટે પ્રાર્થના કરે છે, કે હે જગતના તાત તારાથી જ સાચું સુખ ને શાંતિ છે. આપણે પણ આજે એવી એક પ્રાર્થના વિશે વાત કરીશું.

**હે જગત્રાતા વિશ્વ વિધાતા**
**હે જગત્રાતા, વિશ્વ-વિધાતા,**
**હે સુખ-શાંતિ નિકેતન હે,**
**પ્રેમકે સિંધો, દીનકે બંધો,**
**દુઃખ, દારિદ્રય વિનાશન હે.**
**નિત્ય, અખંડ, અનંત, અનાદિ,**
**પૂરણ બ્રહ્મ, સનાતન હે.**
**જગ-આશ્રય જગપતિ જગવંદન,**
**અનુપમ, અલખ, નિરંજન હે.**
**પ્રાણસખા, ત્રિભુવન-પ્રતિપાલક,**
**જીવન કે અવલંબન હે.**
**હે જગત્રાતા, વિશ્વ-વિધાતા,**
**હે સુખ-શાંતિ નિકેતન હે,**

આ કવિતા પણ અજ્ઞાત છે,સીધા સાદા શબ્દો અને સરળ ઉચ્ચાર, તથા સ્વર ગાન પણ મધુર, જે વર્ગ ખંડની યાદમાં ઘસડી જવા કાફી છે. હે જગત ને બનાવનાર એવા જગતના તાત કે વિધાતા તમારા ચરણે જ સુખ અને શાંતિ ધામ રહેલું છે, એ સત્ય અમને સમજાઈ ગયું છે. તમે જ પ્રેમના અખૂટ સાગર, અને દીનદુખિયાના બંધુ એટલે કે ભાઈ બનીને અમારા દુઃખ દર્દનો સદાય વિનાશ કરો છો. તારુ રૂપ અખંડ છે, તારું નામ અખંડ છે, અને તારી આ સૃષ્ટિ પ્રત્યેની ભાવના પણ અખંડ છે, અને સદાય વર્ષોના વર્ષો એટલે કે અનંત વર્ષોથી આ સત્ય ચાલ્યું આવ્યું છે, અને અનાદિ એટલે કે આગળ પણ તું જ પુર્ણ બ્રહ્મ છે, એ જ સનાતન સત્ય છે, એ વિચારધારા ચાલતી રહેશે, હે જગત ને આશરો આપનાર જગત પતિ હું આપને વંદન કરું છું. તું જ અનુપમ તેજસ્વી ને અલખ નિરંજન છો, અને આમ જુઓ તો તું જ મારો પ્રાણ સખા, એટલે કે ક્ષણે ક્ષણે શ્વાસની અંદર જેને હું અનુભવી શકું, અને જે સતત જ મારુ સાનિધ્ય બની રહે છે, એ ત્રિલોકના સ્વામી તમે જ દરેકના પળે પળે પાલક છો,આપની કૃપા થકી જ આ જીવનનું અવલંબન છે.હે જગત પિતા તારા ચરણોમાં જ સુખ શાંતિનું પરમ ધામ છે. આમ તો કોઈ સમર્થ સદગુરુ મળી જાય તો જીવન સુધરી જાય ,પણ જીવ એટલી ઝડપથી એને સર્વ સમર્થ સમજી શકતો નથી. જે કોઈ આ સત્યને જાણી ચુક્યા હોય, તેવા સદગુરુ સમર્થ ના ચરણે નિત્ય સ્થાન મળે, તો આ ભેદ ઝડપથી ઉકેલાય છે, અને પંચ પ્રકૃતિના રહસ્ય, જન્મ-મૃત્યુના ભેદ,વેદ વેદાંતનો સાર, ગીતાનું જ્ઞાન, અને ભોળી ભક્તિ એ બધું ઝડપ થી પ્રાપ્ત થતું હોય છે. સૌપ્રથમ આ જે જરૂરિયાત અને મહત્વાકાંક્ષા છે, તેની પર રોક આવે છે, અને જીવનમાં સંતોષ નામનો પારસમણિ પ્રાપ્ત થાય, તો સંતોષ આવતા સુખ દુખ તુચ્છ લાગે છે, અને પરમ આનંદ પ્રત્યે જીવની ગતિ થાય છે.જીવનમાં ધન્યતાની પળ તો એ જ છે, કે મનુષ્યને પોતે મનુષ્ય અવતારે જન્મ્યો છે, તેનું જ્ઞાન થતાં તે આ જન્મને સફળ બનાવવા, ઈશ્વરે તેને જન્મ આપ્યો છે, એમ વિચારી પોતાની જાતને ધન્યતા પ્રદાન કરે છે. બહુ નાની એવી સમજ પણ ઘણીવાર જીવનને સહજ બનાવે છે, અને આખરે એ સમજ બ્રહ્મજ્ઞાન છે,જે એને સદગુરુ દ્વારા પ્રાપ્ત થાય છે. પોતે કંઈ ન હોવા છતાં,અહમ છૂટતા, અને કોઈ એવી જગ્યાએ નિત્ય સ્થાન પ્રાપ્ત થતા,લોક મંગલના બહુ મોટા કર્મ થાય છે. આપણને સૌને પણ આવું જ સમર્થ સદગુરૂનું શરણ મળ્યું છે, અને એ આપણી માટે જગતનાથ ને કે જગત વિધાતા ને પ્રાર્થના કરીને આપણું જીવન ધન્ય બનાવી રહ્યા છે, તો આ તક ને પકડી જીવનનું સાધ્ય સાદગીમા સમાયેલું છે, એની માટે નથી કોઈ મોટી મોટી સાધનાની જરુરત, કે નથી વ્રત ઉપવાસની જરુરત! બસ આ એક સત્ય સમજીને જીવન ધન્ય બનાવી શકીએ ,એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા સ્નેહ વંદન અને જય સીયારામ.

# ઈશ્વરની મર્યાદા સૂર્ય, ચંદ્ર અને સમુદ્ર છોડતા નથી, તો મનુષ્ય કેમ છોડી શકે? મનુષ્યને પ્રભુએ ઘણી સુખ સમૃદ્ધિ આપી છે

### વિશેષ

યશપાલસિંહ ટી. વાઘેલા





સમસ્ત સ્થાવર-જંગમનો આત્મા સૂર્ય છે. સૂર્યનારાયણની કૃપાથી બુદ્ધિ સુધરે છે.માટે સૂર્યનારાયણ ની ઉપાસના કરવી જોઈએ. આપણે સર્વ સૂર્યનારાયણના ઋણ માં છીએ. સૂર્યનારાયણ સમસ્ત જગતને પ્રકાશ આપે છે, પણ તે વીજળી કંપની માફક બિલ મોકલતા નથી. સૂર્યભગવાન રવિવારે પણ રજા લેતા નથી.જે દિવસે તે રજા લેશે,તે દિવસ જગતનો પ્રલય થશે. સૂર્યપરમાત્મા નું સાકાર સ્વરૂપ છે. એક દિવસ મનુષ્યો અને કાગડાઓમાં ઝઘડો થયો. કાગડો કહે, તમારામાં બુદ્ધિ વધારે છે,પણ તમારા કરતાં એક ગુણ અમારામાં વધારે છે.અમે સૂર્યોદય પહેલાં ઊઠીએ છીએ. આમ કાગડો મનુષ્ય કરતાં શ્રેષ્ઠ સાબિત થયો. સૂર્ય ઊગતાં પહેલાં સ્નાન કરી સૂર્યનારાયણને અર્ધ્ય દાન કરો. ઈશ્વરની મર્યાદા સૂર્ય-ચંદ્ર-સમુદ્ર છોડતા નથી, તો મનુષ્ય કેમ છોડી શકે? મનુષ્યને પ્રભુએ ઘણી સુખસમૃદ્ધિ આપી છે. વનમાં ભરતજી દ્વારિકાધીશની માનસી સેવા કરે છે.પહેલા પ્રત્યક્ષ સેવા કરેલી એટલે હવે માનસી સેવા કરે છે. માનસી સેવા સહેલી નથી. શરીરથી વધારે પાપ થતું નથી વધારે પાપ થાય એ મનથી. એટલે માનસી ધ્યાન,માનસી સેવા શ્રેષ્ઠ છે. મનથી ઈશ્વરમાં તન્મય થવું તે માનસી સેવા. એક વખત એક વાણિયો ગુસાંઈ પાસે ગયો. જઈને કહે,બાપુજી, સેવા કરવા હું ખુશ છું,પણ કાંઈ ખર્ચ કર્યા વગર દેવસેવા થાય તેવું મને બતાવો.ગુસાંઈજીએ તેમને માનસી સેવા બતાવી અને કહ્યું,તું માનસી સેવા કરજે એટલે એક પૈસાનો ખર્ચ થશે નહીં.ફક્ત મનથી બધું ધારવાનું. હું ભગવાનને સ્નાન કરાવું છું, વસ્ત્ર પહેરાવું છું,પૂજા કરું છું, ભોગ ધરાવું છું, ભગવાન આરોગે છે વગેરે મનથી ધારવાનું. વાણિયો ખુશ થઈ ગયો. ગુસાઈજી કહે, સવારમાં એવી ભાવના કરવાની કે,ઠાકોરજી માટે હું યમુનાજીમાંથી જળ લઈ આવું છું. પછી યશોદાજી જેવી ભાવના રાખી બાળસ્વરૂપની સેવા કરવી. બાલ સેવામાં વાત્સલ્યભાવ મુખ્ય છે.સેવામાં ગાયનું દૂધ અને માખણ લાવવું. લાલાને મંગલગીત ગાઈને ઉઠાડવાનો. યશોદાજી લાલાને મનાવતાં, લાલા આટલું માખણ ખાઈ જા.તારી ચોટલી દાઉજી કરતાં મોટી થઈ જશે. તારે પણ એમ જ કરવું.

ગરમ જળથી લાલાને માંગલિક સ્નાન કરાવવું. પછી ઠાકોરજીને શ્રૃંગાર કરવો.કનૈયાને પૂછવું,આજે કયું પિતાંબર પહેરાવું? કનૈયો કહે તે પિતાંબર પહેરાવવું.શ્રૃંગારમાં તન્મયતા થાય તો બ્રહ્મા નંદ જેવો આનંદ મળે છે,પછી કનૈયાને નૈવેદ્ય ધરવું.પછી ભાવના કરવી કે, લાલો આરોગે છે.તે પછી આરતી ઉતાર વી,તે પછી ક્ષમા પ્રાર્થના કરવી. ગુસાંઈજીના કહેવા પ્રમાણે વાણિયો શ્રીકૃષ્ણના બાલસ્વરૂપની માનસી સેવા કરવા લાગ્યો. રોજ પ્રેમથી માનસી સેવા કરે છે.એવો તન્મય થયો છે કે, બધી વસ્તુઓ એને પ્રત્યક્ષ દેખાય છે.માનસી સેવામાં મનની ધારા તૂટવી જોઈએ નહીં. કોઈ લૌકિક વિચાર આવે તો સમજવું કે,માનસી સેવા નો ભંગ થયો.વાણિયાએ બાર વર્ષ માનસી સેવા કરી.એક દિવસ કટોરામાં દૂધ લઈ આવ્યો.દૂધમાં ખાંડ નાંખી.વાણિયાને લાગ્યું કે, લાલાના દૂધમાં આજે ખારા વધારે પડી ગઈ છે. વાણિયાથી તે કેમ સહન થાય? સ્વભાવ કંજૂસ તે જાય કયાં? પ્રાણ અને પ્રકૃતિ સાથે જાય છે. વાણિયાએ વિચાર્યું, દૂધમાંથી વધારે ખાંડ કાઢી લઉં તો બીજા ઉપયોગમાં આવશે,ત્યાં કટોરો ન હતો. ત્યાં દૂધ ન હતું,ખાંડ ન હતી પણ માનસી સેવામાં એટલો તન્મય થયો હતો કે,બધું પ્રત્યક્ષ દેખાય છે.દૂધમાંથી વધારાની ખાંડ કાઢવા લાગ્યો.વાણિયાએ બાર વર્ષ સુધી માનસી સેવા કરેલી,તેથી કનૈયાને આજે પ્રકટ થવાની ઈચ્છા થઈ.કનૈયો પ્રગટ થયો અને વાણિયાનો હાથ પકડયો. ખાંડ વધારે પડી ગઈ તો તારા બાપનું શું ગયું? કયાં એક પૈસાનો પણ ખર્ચ કર્યો છે? ભાગવત સ્પર્શ થયો અને પછી વાણિયો ભગવાનનો સાચો અનન્ય ભક્ત બન્યો.

કોઈપણ સત્કાર્ય બાર વર્ષ નિયમ પૂર્વક કરવામાં આવે, તો તેનું ફળ અવશ્ય મળે છે. શંકરાચાર્ય પણ શ્રીકૃષ્ણની માનસીસેવા કરતા ભરતજી માનસી સેવા કરતાં તેમાં તન્મય થાય છે. સેવા કરતાં કરતાં કંટાળો આવે તો ધ્યાન કરે અને કીર્તન કરે.પ્રભુની પાછળ પડે એને માયા ત્રાસ આપે છે.પણ સંસારના વિષયોમાં ફસાયેલાને,માયાના પ્રવાહમાં પડેલાને માયા ત્રાસ આપતી નથી. માયા માને છે કે, આ તો મરેલો જ છે,એને શું મારવાનો?માયાની ગતિ વિચિત્ર છે. ભરતજી કેડપુર જળમાં ઊભા હતા. ઉનાળાની ઋતુ હતી.એક ગર્ભ વતી હરણી પ્રાતઃકાળમાં જળપાન કરવા આવી છે. તેવામાં સિંહે ગર્જના કરી.સિંહની ગર્જના સાંભળી હરણી ગભરાઈ.તેણે જીવ બચાવવા ગંડકી નદી ઓળંગી સામે કિનારે જવા જોર થી કૂદકો માર્યો. પ્રસવકાળ સમીપ આવેલો.આઘાતથી બચ્ચાને જન્મ થઈ ગયો.બચ્ચું નદીના જળમાં પડ્યું. હરણી સામે કિનારે પડી મૃત્યુ પામી. ભરતજીએ હરણબાળને નદીના જળમાં પડેલું જોયું. ભરતજીએ વિચાર્યું, આ હરણબાળની મા મરી ગઈ છે.તેનું હવે જગતમાં કોઈ નથી લાલનપાલન, રક્ષણ વગેરે કોણ કરશે? દયાવશ થઈ તેઓ હરણબાળને આશ્રમમાં લઈ આવ્યા. ભરતજી માનવા લાગ્યા કે, આ હરણ મારાવગર કોઈને ઓળખતો નથી. તેનું પાલનપોષણ, રક્ષણ કરવું એ મારો ધર્મ છે. આનો પિતા હું છું, મા પણ હું છું.યશપાલસિંહ ટી.વાઘેલા થરા જીવ માને છે કે, હું બીજાનું રક્ષણ કરું છું.અરે ભાઈ, તું શું રક્ષણ કરવાનો હતો?તું યે કાળનું ભોજન છે.રક્ષણ કરનાર તો એક કર્તાહર્તા શ્રીહરિ છે.સંહાર તથા પાલન કરનાર શ્રીહરિ છે.તમે ઘર માં હો કે વનમાં,રક્ષણ કરનાર એક શ્રી હરિ છે.ભાગવતમાં જ એક ઠેકાણે કહ્યું છે કેઃપરમેશ્વરની કૃપા હોય તો જીવ અનાથ હોય કે વન માં હો તો પણ જીવે છે,અને પરમે શ્વરે મારેલો જીવ ઘરમાં સુરક્ષિત રીતે હોય તો પણ તે જીવતો રહેતો નથી, તે મરે છે. હરણબાળને પાણીમાંથી બહાર કાઢ્યું છે. ભરતજીનો ધર્મ હતો, પરંતુ એના રક્ષકપિતા છે એમ માનવા માંડ્યું તે સારું ન કર્યું. જીવમાત્રનો રક્ષક પિતા એક માત્ર ઈશ્વર છે. ભરતજી હરણનું લાલનપાલન કરવા લાગ્યા. ધીરે ધીરે હરણ મોટો થાય છે. હરણને રમોને અને ગોદમાં બેસાડે. આનું નામ તે પૂર્વચિત્તિ અપ્સરા. જૂના સંસ્કાર ભૂંસવા કઠણ છે. પૂર્વાવસ્થામાં છોકરાઓને ખૂબ રમાડેલાં,તેના સૂક્ષ્મ સંસ્કાર મનમાં છે.તેથી હરણ બાળકમાં મન ફસાયું.ભરતજીનું મન પ્રભુભજન માં હવે સ્થિર થતું નથી.ધ્યાનમાં બે મિનિટ પસાર થાય કે હરણ દેખાય છે.વાસનાનો વિષય બદલ્યો પણ વાસના તો મનમાં રહી જ.આના કરતાં ઘર શું ખોટું હતું? જ્ઞાનીને પણ મનને મારવું પડે છે. ભરતજીએ હરણ ઘરમાં ભલે રાખ્યો, તેમાં કશું અયોગ્ય ન હતું, પણ મનમાં રાખ્યો તે અયોગ્ય હતું જ્યાં જાવ ત્યાં સંસાર છે,પણ સંસારને મનમાં રાખશો નહીં. મનમાં કામને રાખો કે રામને રાખો, પણ બંનેને સાથે કદી રાખી શકાશે નહીં.તુલસીદાસજી કહે છે કે, સૂરજ અને રાત બે સાથે કેમ રહી શકે?

# સ્વાસ્થ્ય માટે ફાયદાકારક છે ગુવાર, અનેક ગંભીર રોગોમાં આપે છે રાહત



ગુવાર શીંગ સ્વાસ્થ્ય માટે ખૂબ ફાયદાકારક છે. તેનું શાક નિયમિત ખાવાથી શરીરના અનેક રોગો દૂર થાય છે. જે ડાયાબિટિસ અને હૃદય રોગને લગતી બીમારીઓમાં રાહત આપે છે. સાથોસાથ કબજિયાતને દૂર કરીને પાચન શક્તિ વધારે છે. અંકિત રાજપૂત, જયપુરઃ બજારમાં ઋતુ પ્રમાણે શાકભાજીનું વેચાણ થાય છે. રાજસ્થાનની રાજધાની જયપુરના બજારોમાં ગુવારના દાણાની ખૂબ માંગ છે. ગુવારના દાણા ખાવામાં જેટલા ટેસ્ટી હોય છે, તેટલા જ સ્વાસ્થ્ય માટે પણ એટલા જ ફાયદાકારક છે. ગુવારમાં રહેલા ફાઈબર કબજિયાત જેવી સમસ્યાને ઘણી હદ સુધી ઘટાડે છે. ગુવારની શીંગોના નિયમિત સેવનથી પાચનની સમસ્યાઓ પણ સરળતાથી દૂર થઈ શકે છે. તેના ઉપયોગથી પેટ પણ સાફ રહે છે. ગુવાર શીંગોને કેલ્શિયમનો ભંડાર માનવામાં આવે છે. તેમાં રહેલા ફોસ્ફરસ અને કેલ્શિયમ હાડકાંને મજબૂત કરવાની સાથે સાથે તેમને સ્વસ્થ પણ રાખે છે. આ માટે, તમે ગવાર શીંગોનું શાક અથવા સલાડ તરીકે સેવન કરી શકો છો.ગુવારની શીંગો વજન ઘટાડવામાં મદદ કરે છે. લાંબા કલાકો સુધી કામ કરવું, તળેલું ખોરાક ખાવું તમારા સ્થૂળતાનું કારણ બની શકે છે. વધતા વજનને ઘટાડવા માટે, ગુવારની શીંગોનું ચોક્કસપણે સેવન કરો. આરોગ્ય નિષ્ણાંતોના જણાવ્યા અનુસાર, ગુવારની શીંગોમાં અન્ય શાકભાજી કરતા વધુ પ્રમાણમાં ફાઈબર હોય છે, જે વજનને નિયંત્રણમાં રાખવામાં મદદ કરે છે.

આ માટે, ઘણા લોકો તેનો ઉપયોગ શાકભાજી તેમજ સલાડ તરીકે કરે છે. ગુવારની શીંગ આખા વર્ષ દરમિયાન માત્ર ૨ થી ૩ મહિના માટે જ ઉપલબ્ધ હોય છે. ગુવારની શીંગ પાક્યા બાદ તેમાંથી દવાઓ પણ બનાવવામાં આવે છે. તેનો ઉપયોગ ઘણા રોગોની સારવારમાં થાય છે. ગુવાર શીંગને ક્લસ્ટર બીન્સ તરીકે પણ ઓળખવામાં આવે છે. નિયમિતપણે ગવારનું શાક ખાવાથી શરીરના અનેક રોગો દૂર થાય છે. ગુવારના દાણાના સેવનથી વજન ઘટે છે. તે કબજિયાતને દૂર કરીને પાચન શક્તિ વધારે છે. ગુવાર શીંગ હૃદયને લગતી બીમારીને પણ દૂર કરે છે. જો તમે ડાયાબિટીસના દર્દી છો, તો તમારે ગુવારના દાણાનું નિયમિત સેવન કરવું જોઈએ. તેનાથી શરીરમાં બ્લડ શુગર કંટ્રોલમાં રહે છે. ગુવાર શીંગના બીજમાંથી ઘણી દવાઓ બનાવવામાં આવે છે, જે પ્રાણીઓની સારવારમાં અસરકારક સાબિત થાય છે. આ ઉપરાંત ગુવારના બીજમાંથી પ્રાણીઓ માટે ખાસ ખાદ્ય પદાર્થ તૈયાર કરવામાં આવે છે. તેને ગાય-ભેંસ જેવા પશુઓને ખવડાવવાથી તેમની દૂધ આપવાની ક્ષમતા વધી જાય છે. ગવારની શાક પ્રેગ્નેન્ટ મહિલાઓ ચોક્કસથી ખાવું જોઈએ.

# સ્કિનને ગ્લોઈંગ રાખવા આ ટિપ્સ અપનાવો

સ્કિનને ગ્લોઈંગ રાખવા આ નેચરલ ટિપ્સ અપનાવો. સ્કિન ગ્લો માટે કેમિકલયુક્ત મોંઘી પ્રોડક્ટસનો ઉપયોગ કરવાની જરૂર નથી, પંરતુ આ સરળ નેચરલ સ્કિનકેર રૂટિન અપનાવાથી તમે ગ્લોઈંગ સ્કિન મેળવી શકો છો, અહીં જાણો ટિપ્સ. સ્કિનકેર માટે કંઈ વધારે મહેનતની જરૂર નથી. પરંતુ કેટલીકવાર, તે સરળ હોઈ શકે છે. દરરોજ, જો તમે સ્કિનકેર રૂટિન નિયમિતપણે અનુસરો છો, જે તમારી સ્કિનના ટાઈપને અનુરૂપ છે, તો તમે થોડા દિવસોમાં તફાવત જોશો. જો તમે તમારા ચહેરાને નેચરલી ગ્લોઈંગ બનાવવાની ટિપ્સ શોધી રહ્યા છો, તો આ મૂળભૂત ટિપ્સ તમારી સવારની દિનચર્યા નો ભાગ બનાવો, સૌથી સરળ રસ્તો જે તમે દરરોજ સવારે ઉઠ્યા પછી કરી શકો છો, તે છે તમારા ચહેરાને ઠંડા પાણીથી ધોઈ લો. જો તમે ઘરની બહાર ન નીકળતા હોવ તો પણ, તમારો ચહેરો ધોવો અને તેને ક્લીન રાખવો એ કુદરતી રીતે- ગ્લોઈંગ લૂક આપશે. ચહેરો ધોવાથી આખી રાત સ્કિન પર બનેલું વધારાનું તેલ સાફ થઈ શકે છે.

આ, બદલામાં, ચહેરામાં તાજગી અનુભવી શકે છે. જો કે, યાદ રાખો કે તમારા ચહેરા પર ક્યારેય નહાવાના સાબુનો ઉપયોગ ન કરો. તમારા ફેસ પર થોડી મુલતાની માટી લગાવો. મુલતાની માટીને સ્કિન માટે સ્વર્ગીય માનવામાં આવે છે. સ્કિનને ક્લીન કરે છે. એક્સપર્ટ મુજબ, દરરોજ તમારો ચહેરો સાફ કરો, ત્યાર બાદ તમે આ કુદરતી ફેસ પેક લગાવી શકો



છો. એવું કહેવાય છે કે મુલતાની માટી તમારા ચહેરા પરથી બધી ગંદકી અને ધૂળ દૂર કરી શકે છે અને તેની ડ્રાયનેસને પણ રોકી શકે છે. સારા પરિણામો માટે તમે આ ફેસ પેકમાં થોડું મધ પણ ઉમેરી શકો છો. ગ્લિસરીન : ગ્લિસરિન સ્કિનના કુદરતી પાણીને જાળવી રાખે છે અને હંમેશા હાઈડ્રેટેડ રાખી શકે છે. તમે એક બાઉલમાં થોડું ગુલાબજળ અને થોડો લીંબુનો રસ મિક્સ કરી શકો છો અને તેમાં ગ્લિસરીન ઉમેરી શકો છો. તેમને સારી રીતે મિક્સ કરો, પછી તેને ફ્રિજમાં સ્ટોર કરો. પછી, અને ખાસ કરીને જો તમને ખીલ થવાની સંભાવના હોય. તો તેને દરરોજ ચહેરા પર લાગુ કરો. એવું માનવામાં આવે છે કે ગ્લિસરિન પિમ્પલ્સને કારણે થતા ડાઘ દૂર કરી શકે છે. ગ્લિસરીન લગાવવા માટે કોટનનો ઉપયોગ કરો.

# બાળકોને દરરોજ એક ગ્લાસ આ જ્યૂસ પીવડાવો, હાઇટ ફટાફટ વધશે

સંતરાનો જ્યૂસ બાળકો માટે અનેક રીતે ફાયદાકારક છે. સંતરાના જ્યૂસમાં રહેલા ગુણો બાળકોની હેલ્થ માટે અનેક રીતે ફાયદાકારક છે. તો જાણો દરરોજ એક ગ્લાસ સંતરાનો જ્યૂસ પીવડાવવાથી બાળકોને શું ફાયદાઓ થાય છે. હંમેશા પેરેન્ટ્સને પોતાને બાળકોની ચિંતા રહેતી હોય છે. કોઈ બાળકની હાઈટ ઓછી હોય છે, તો કોઈને નાની ઉંમરમાં ચશ્માના નંબર આવી જતા હોય છે. આ સાથે અનેક બાળકોમાં વિટામીન સીની ઉણપ હોય છે. આ ઉણપને પૂરી કરવા માટે પેરેન્ટ્સ અનેક ઘણું વિચારતા હોય છે. પરંતુ તમને જણાવી દઈએ કે તમે દરરોજ એક ગ્લાસ સંતરાનો જ્યૂસ બાળકોને પીવડાવો છો તો હેલ્થ સારી રહે છે અને સાથે શરીરમાં અનેક પ્રકારના વિટામીન્સની ઉણપ પૂરી થાય છે. તો જાણો બાળકોને સંતરાનો જ્યૂસ પીવડાવવાથી શું ફાયદાઓ થાય છે. બાળકોને તમે એક ગ્લાસ સંતરાનો જ્યૂસ ડેઈલી પીવડાવો છો તો ઈમ્યુનિટી સિસ્ટમ સારી થાય છે. બાળકોની ઈમ્યુનિટી સિસ્ટમ સ્ટ્રોંગ હોવાને કારણે બીજી અનેક બીમારીઓથી બચી શકે છે. આ સાથે વાયરલ ફિવરની ઝપેટમાં જલદી નહીં આવે. બાળકોની ઈમ્યુનિટી સિસ્ટમ પાવરફૂલ હોવી ખૂબ જરૂરી છે. ઘણાં બધા બાળકોમાં વિટામીન સીની ઉણપ હોય છે. આ ઉણપને પૂરી કરવી ખૂબ જરૂરી છે. વિટામીન સીની ઉણપથી બાળકને અનેક તકલીફો થઈ શકે છે. આમ, બાળકમાં વિટામીન સીની ઉણપને પૂરી કરવા માટે



દરરોજ એક ગ્લાસ સંતરાનો જ્યૂસ પીવડાવો. સંતરાનો જ્યૂસ પીવડાવવાથી વિટામીન સીની માત્રા શરીરમાં પૂરી થાય છે. બાળકોના હાડકાં સ્ટ્રોંગ કરવા ખૂબ જરૂરી છે. હાડકાં નબળા હોય તો બીજી અનેક તકલીફો થતી હોય છે. હાડકાં નબળા સ્ટ્રોંગ કરવા માટે એક ગ્લાસ સંતરાનો જ્યૂસ પીવડાવો.

સંતરાનો જ્યૂસ પીવડાવવાથી અનેક ઘણો બાળકોને ફાયદો થાય છે.બાળકોને સંતરાનો જ્યૂસ પીવડાવાથી આંખોની રોશની વધે છે. આમ, વાત કરવામાં આવે તો આજના આ સમયમાં બાળકો ફોન વધારે જોવે છે જેના કારણે આંખોની રોશની નબળી થતી જાય છે.

# ટેકનોલોજી આપણા માટે એક વરદાન બનશે કે શ્રાપ?




હાલના સમયમાં ૯૦ ટકા અથવા વધુ માણસો તેમની શારીરિક અને બૌદ્ધિક ક્ષમતાઓ વડે જીવે છે. પણ તે બધું જે તમે કરી શકો છો, ભવિષ્યમાં એક મશીન કરશે. તે કંઇ પણ જે સ્મૃતિના સંગ્રહ વડે, સ્મૃતિ સુધી પહોંચ વડે, સ્મૃતિના વિશ્લેષણ અને સ્મૃતિની અભિવ્યક્તિ દ્વારા બનાવી શકાય છે; તે બધું જ જે તમે તમારી બુદ્ધિ દ્વારા કરી રહ્યા છો; એમ વિચારીને કે એ તમે છો, તે અમુક સમયમાં એક મશીન દ્વારા કરવામાં આવશે.એક વખત મશીન આ કરવા લાગે, તો તમારી માટે તમે જે છો, એના વધુ ઊંડા પરિમાણોની શોધ કરવું અનિવાર્ય થઈ જશે. અને તે એક અનેરો દિવસ હશે, કેમ કે તેનો અર્થ છે કે આપણે રજા પર છીએ. આપણે રોજગાર માટે કામ નહીં કરીએ. પછી આપણે જીવનને એક સાવ અલગ રીતે જોઈ શકીએ છીએ. જેને તમે તમારું શરીર અને તમારું મન કહો છો, તે સ્મૃતિનો એક ચોક્કસ સંગ્રહ છે. એ સ્મૃતિ જ છે જેનાથી તમે જે પણ છો, એ બન્યા છો. ઉદાહરણ તરીકે, જો એક પુરુષ બ્રેડનો એક ટુકડો ખાય, તો બ્રેડ એક પુરુષ બની જાય છે. જો એક સ્ત્રી તેને ખાય, તો તે એક સ્ત્રી બની જાય છે. જો તે જ બ્રેડ એક કુતરો ખાય, તો તે એક કુતરો બની જાય છે. આ બ્રેડનો એક બુદ્ધિમાન ટુકડો છે! આ બ્રેડના કારણે નથી; આ શરીરની સ્મૃતિ છે જે બ્રેડના ટુકડાને એક પુરુષ, સ્ત્રી અથવા કુતરામાં રૂપાંતરિત કરી દે છે. તમારા શરીરની રચના પણ સ્મૃતિનું એક ચોક્કસ પરિમાણ છે. સ્મૃતિ એક ચોક્કસ સીમા પણ છે. પણ બુદ્ધિમત્તાનું એક પરિમાણ છે જેને આપણે ચિત્ત કહીએ છીએ, અથવા આધુનિક ભાષામાં, તેને કદાચ કોન્શિયસનેસ કહી શકાય. બુદ્ધિમત્તાના આ પરિમાણમાં કોઈ સ્મૃતિ રહેલી નથી. જ્યાં કોઈ સ્મૃતિ નથી, તેને કોઈ સીમાઓ પણ નથી. માનવ બુદ્ધિ એક દ્વીપ છે. ટેકનોલોજી સહીત, માનવ બુદ્ધિના બધાં જ ઉત્પાદનો નાના દ્વીપ જેવા છે. ચેતના એ સાગર છે જેમાં આપણું અસ્તિત્વ છે. ચેતના એ બુદ્ધિમત્તા છે, જે કોઈ સ્મૃતિ સાથે અથવા તમારું અને મારું, આ અને પેલું, જેવી કોઈ સીમા સાથે ઓળખાયેલી નથી. આ બુદ્ધિમત્તાનું એ પરિમાણ છે જેની કોઈ સીમાઓ નથી.જેમ જેમ આપણી ટેકનોલોજીની ક્ષમતા વધે છે તેમ, આપણે આ માટે પણ પ્રયત્ન કરવો જોઈએ કે મનુષ્યો વિકસિત થઈને તેમની બુદ્ધિની સીમાઓથી આગળ વધી શકે, અને બુદ્ધિમત્તાના એક વધું ઊંડા પરિમાણ તરફ જઈ શકે.

BOLLYWOOD NEWS FLASH

## જો કે ગોવિંદા અને કરિશ્મા વચ્ચે સંબંધોમાં કોઇ ખટાશ આવી ન હતી અને કોઇ વાતને લઇને મનદુખ પણ થયું ન હતું



# કરિશ્મા કપૂર ગોવિંદાથી દૂર થતાં જ ખુલી કિસ્મત

। મુંબઈ, તા.૨૯ ।


૯૦ના દશકમાં કરિશ્મા કપૂરનું નામ બોલિવૂડની ટોપ એક્ટ્રેસીસની લિસ્ટમાં સામેલ હતું. આ સમયમાં કરિશ્માનો એવો જલવો હતો કે દર્શકો તેની ફિલ્મની આતુરતાથી રાહ જોતા હતાં. એક સમયે ગોવિંદા સાથે કરિશ્માની જોડી તો બોલિવૂડની નંબર વન જોડી બની ગઇ હતી. આ જોડીએ બોક્સ ઓફિસ પર ઢગલાબંધ સુપરહિટ ફિલ્મો પણ આપી, પરંતુ એવું કંઇક બન્યું કે આ જોડી ત્યારે તૂટી જ્યારે તેની સૌથી વધુ ડિમાન્ડ હતી. રાજા બાબૂ, સાજન ચલે સસુરાલ, જેવી અનેક સુપરહિટ ફિલ્મો આપનાર આ જોડીના પ્રોજેક્ટની દર્શકો આતુરતાથી રાહ જોતા હતાં. ગોવિંદાની સાથે કરિશ્માની ફિલ્મો ખૂબ જ સારી ચાલી રહી હતી, તેની કરિયર પણ બુલંદીઓ પર પહોંચી ગયું હતું, પછી અચાનક કરિશ્માએ ગોવિંદા સાથે ફિલ્મો કરવાથી ઈનકાર કરી દીધો, જે બધા માટે ખૂબ જ ચોંકાવનારી વાત હતી, પરંતુ તેની પાછળ અસલ કારણ શું હતું? ચાલો તમને જણાવીએ. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ગોવિંદા સાથે સુપરહિટ ફિલ્મો આપવા છતાં કરિશ્મા પોતાની સક્સેસથી ખુશ ન હતી. ખરેખર, કરિશ્માને જે ઓળખની તલાશ હતી, તે તેને મળતી ન હતી. આ સમયે જે સ્ટારડમ જૂહી ચાવલા, રવીન ટંડનનું હતું, તેવું સ્ટારડમ કરિશ્માને મળી ન શક્યુ. તે પછી કરિશ્મા કપૂરે એક મોટો નિર્ણય લીધો અને તેના આ નિર્ણય પછી તેનુ સપનુ પુરુ પણ થયું. ખરેખર, તે દરમિયાન કરિશ્મા કપૂરે મસાલા ટાઈપ ફિલ્મો ન કરવાનો પણ નિર્ણય લીધો હતો અને આ જ કારણે તેણે ગોવિંદાથી અંતર જાળવી લીધું હતું અને આ જોડી ૯૦ના દશકના અંત સુધીમાં તૂટી ગઈ હતી.

## પહેલી જ ફિલ્મથી મચાવ્યો તહેલકો, ઋતિક રોશને પોતાની પહેલી જ ફિલ્મ કહો ના પ્યાર હૈથી ધૂમ મચાવી દીધી હતી

# બોલિવુડ અભિનેતા ઋતિક રોશનને કામના છે ફાંફા

। મુંબઈ, તા.૨૯ ।

ઋતિક રોશને વર્ષ ૨૦૦૦માં પોતાની પહેલી જ ફિલ્મ 'કહો ના પ્યાર હે'થી ધૂમ મચાવી દીધી હતી. આ ફિલ્મ ૪૪ કરોડ રૂપિયાની કમાણી સાથે બ્લોકબસ્ટર રહી હતી. પોતાની ડેબ્યૂ ફિલ્મથી રાતોરાત સ્ટાર બનેલા ઋતિક રોશનની કિસ્મત પલ્ટી મારી ગઈ છે. ઋતિક રોશનની ગયા વર્ષે રિલીઝ થયેલી ફિલ્મ વિક્રમ વેધા પણ બોક્સ ઓફિસ પર ઉંધે માથે પટકાઈ હતી. ૧૫૦ કરોડના બજેટમાં બનેલી આ ફિલ્મે ફક્ત ૯૩ કરોડની કમાણી કરી હતી. આ ફિલ્મ ફ્લોપ થયા બાદ હવે ઋતિક રોશન કામ માટે ફાંફા મારી રહ્યો છે. પાછલા કેટલાંક સમયથી તેની કોઈપણ અપકમિંગ ફિલ્મની અનાઉન્સમેન્ટ થઈ નથી. પહેલી જ ફિલ્મથી મચાવ્યો તહેલકોઃ ઋતિક રોશને પોતાની પહેલી જ ફિલ્મ 'કહો ના પ્યાર હે'થી ધૂમ મચાવી દીધી હતી. આ ફિલ્મ સુપરહિટ થયા બાદ ઋતિક રોશને અન્ય બે બ્લોકબસ્ટર ફિલ્મો આપી હતી. ૨૦૦૦માં જ રિલીઝ થયેલી ફિલ્મ ફિઝાએ પણ બોક્સ ઓફિસ પર સારુ પ્રદર્શન કર્યુ હતું અને ૧૪ કરોડ રૂપિયાની કમાણી કરી હતી.



# ફૂકરે ગેંગ અને ભોલી પંજાબને ફરી મચાવી ધૂમ

। મુંબઈ, તા.૨૯ ।

મંગળવારે ફૂકરે-૩નું ટ્રેલર રિલીઝ કરી દેવામાં આવ્યું છે અને આ ટ્રેલર લોકોને ખૂબ જ પસંદ આવી રહ્યું છે. પુલકિત સમ્રાટ, રિચા ચઢ્ઢા અને પંકજ ત્રિપાઠી સ્ટાર આ ફિલ્મ ૨૮ સપ્ટેમ્બરે દેશભરના સિનેમાઘરોમાં સિલીઝ કરવામાં આવશે. આ પહેલાં સોમવારે ફૂકરે-૩નું પોસ્ટર જાહેર કરવામાં આવ્યું હતું. ત્યારે આ ફિલ્મ પણ હિટ રહેશે તેવી આગાહી કરવામાં આવી છે. ફુકરે-૩ના ટ્રેલરમાં જોઈ શકાય છે કે ભોલી પંજાબન અને ફુકરા ગેંગ ફરીથી આમને-સામને આવી ગઈ છે. દર્શકો પણ આ ફિલ્મને લઈને ખૂબ જ ઉત્સાહિત છે. મનદીપ સિંહ લાંબા દ્વારા નિર્દેશિત આ કોમેડી ફિલ્મ ફુકરે ફ્રેન્ચાઈઝીની ત્રીજી ફિલ્મ છે. અગાઉ ફિલ્મના ૨ પાર્ટ રિલીઝ થઈ ચૂક્યા છે, આ બંને ફિલ્મોએ બોક્સ ઓફિસ પર શાનદાર પ્રદર્શન કર્યું હતું. જણાવી દઈએ કે, વર્ષ ૨૦૧૩માં ફુકરે ફિલ્મ રિલીઝ થઈ હતી. આ ફિલ્મ માત્ર ૧૯ કરોડ રૂપિયાના બજેટમાં બનાવાઈ હતી. જેમાં કોઈ મોટા સુપરસ્ટારને કાસ્ટ કરવામાં આવ્યા ન હતો. તેમ છતાં ફુકરેએ બોક્સ ઓફિસ પર ધમાકેદાર કમાણી કરી. ૧૯ કરોડના બજેટમાં બનેલી આ ફિલ્મે વિશ્વભરમાં ૫૦ કરોડથી વધુની કમાણી કરી હતી. પ્રથા ફિલ્મની સફળતાને ધ્યાનમાં રાખીને ફિલ્મના ડિરેક્ટર મૃગદીપ સિંહ લાંબાએ તેનો બીજો ભાગ બનાવીને ૨૦૧૭માં રિલીઝ કરવામાં આવ્યો હતો. આ ભાગ પણ બોક્સ ઓફિસ પર સુપરહિટ સાબિત થયો હતો. ૨૯ કરોડના બજેટમાં બનેલી આ ફિલ્મે વિશ્વભરમાં ૧૧૨ કરોડથી વધુની કમાણી કરી હતી.

## ક્વીન અને સુપર ૩૦ જેવી ફિલ્મો ડાયરેક્ટ કરી ચૂકેલા વિકાસ બહેલે આ ફિલ્મની નિર્દેશનની કમાન સંભાળી છે

# ૮ માર્ચ ૨૦૨૪ના રોજ રિલીઝ થશે વશની હિન્દી રિમેક

। મુંબઈ, તા.૨૯ ।

ગુજરાતી સુપરનેચરલ થ્રિલર ફિલ્મ વશની હિન્દી રિમેકમાં અજય દેવગણ અને આર. માધવન જોવા મળશે. આ સમાચાર આવ્યા બાદ ફિલ્મનું શૂટિંગ લગભગ પૂરું થવાના આરે હોવાના અહેવાલ પણ હતા. હવે ફિલ્મની રિલીઝ ડેટ સામે આવી ગઈ છે. આજે જન્માષ્ટમીના તહેવારે મેકર્સે રિલીઝ ડેટની જાહેરાત કરી છે. ૮ માર્ચ ૨૦૨૪ના રોજ ગુજરાતી ફિલ્મ 'વશ'ની હિન્દી રિમેક રિલીઝ થશે. જોકે, ફિલ્મના મેકર્સે હજી સુધી તેનું ટાઈટલ નક્કી નથી કર્યું. જણાવી દઈએ કે, ફિલ્મના મેકર્સ કુમાર મંગત અને અભિષેક પાઠકે આ ફિલ્મમાં અજય દેવગણ અને આર. માધવન ઉપરાંત જ્યોતિકાને પણ લીધી છે. ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીની જાણીતી એક્ટ્રેસ જાનકી બોડીવાલા પણ 'વશ'ની હિન્દી રિમેકથી બોલિવુડમાં ડેબ્યૂ કરવાની છે. ગુજરાતી ફિલ્મ 'વશ'માં પણ જાનકી બોડીવાલા લીડ રોલમાં હતી. હિન્દી ફિલ્મમાં પણ તે એ જ પાત્ર ભજવશે. 'ક્વીન' અને 'સુપર ૩૦' જેવી ફિલ્મો ડાયરેક્ટ કરી ચૂકેલા વિકાસ બહેલે આ ફિલ્મની નિર્દેશનની કમાન સંભાળી છે.



# ૩૦૦ કરોડની જવાન શાહરુખની સૌથી મોટી સાઉથ ફિલ્મ?

## બ્લોકબસ્ટર બનેલી ફિલ્મોમાં સાઉથ સ્ટાર્સે મચાવી ધમાલ વર્ષ ૨૦૧૧માં તે સુપરસ્ટાર રજનીકાંત સાથે રા વનમાં જોવા મળ્યો હતો પરંતુ રિલીઝ આ ફિલ્મ ફ્લોપ રહી હતી

। મુંબઈ, તા.૨૯ ।

શાહરૂખ ખાન એક બોલિવૂડ સ્ટાર છે, જેનો સાઉથમાં પણ ઘણો મોટો ચાહક વર્ગ છે અને ત્યાંના લોકો પણ તેને પુજતા હોય છે. મણિરત્નમની 'દિલ સે' અને એઆર રહેમાનની મ્યુઝિક વિડિયો 'છૈયા છૈયા' (તમિલમાં થૈયા થૈયા) શાહરૂખને એક અલગ સ્તર પર લઈ ગયા. તમને જણાવી દઈએ કે, વર્ષ ૨૦૦૦માં શાહરૂખને કમલ હાસનની સર્વશ્રેષ્ઠ ફિલ્મ 'હે રામ'માં કાસ્ટ કરવામાં આવ્યો હતો, જેમાં તેણે અમજદ અલી ખાનનો રોલ કર્યો હતો. કમલ હાસને ખુલાસો કર્યો હતો કે, શાહરૂખે આ



ફિલ્મ ફ્રીમાં કરી હતી. જ્યારે વર્ષ ૨૦૧૧માં તે સુપરસ્ટાર રજનીકાંત સાથે રા વનમાં જોવા મળ્યો હતો પરંતુ રિલીઝ આ ફિલ્મ ફ્લોપ રહી હતી. બે વર્ષ પછી, ૨૦૧૩ માં, તેણે'ચેન્નઈ એક્સપ્રેસ' માં કામ કર્યું, જેમાં તેણે ફરી એકવાર રજનીકાંતને એક ખાસ ડાન્સ સોન્ગ, 'લુંગી ડાન્સ' સાથે સમર્પિત કર્યું. જોકે, ગીત અને ફિલ્મની સ્ટીરિયોટાઈપિંગ તમિલિયનો માટે ટીકા કરવામાં આવી હતી, પરંતુ ફિલ્મ અને ગીત સુપરહિટ બન્યા હતા. કિંગ ખાન માટે પણ આ ફિલ્મ શાનદાર સાબિત થઈ હતી. આ પછી, શાહરૂખ ખાને વર્ષો સુધી એક પણ દક્ષિણ ભારતીય ફિલ્મ કરી ન હતી, પરંતુ તેની તાજેતરમાં રિલીઝ થયેલી 'ત્નછઉછદ્ગ' એક સેમી-તમિલ ફિલ્મ છે, જેનો શ્રેય તમિલ નિર્દેશક એટલી સાથેના તેમના ખાસ સબંધને જાય છે. એવુ જાણવા મળ્યું છે કે, એટલી જવાનના દિગ્દર્શક છે અને તે માત્ર સાઉથની ફિલ્મોમાં જ સક્રિય છે. જવાનમાં સ્પષ્ટપણે સાઉથનો ટચ છે, જે ટ્રેલરમાંથી જ દેખાઈ ગયો હતો. જાવાન અને તમિલ કાસ્ટ એન્ડ ક્રૂઃ 'જવાન'માં મુખ્ય ભૂમિકા ભજવવા ઉપરાંત શાહરૂખ ખાને નિર્માતા તરીકે પણ કામ કર્યું હતું. એક નિર્માતા તરીકે, શાહરૂખે લગભગ તમામ તમિલ કલાકારો અને ક્રૂ સાથે જવાનું નક્કી કર્યું અને તેની શાણપણ સાચી સાબિત થઈ. એટલી, એક તમિલ નિર્દેશક હોવાને કારણે, ચારમાંથી ચાર હિટ ફિલ્મોના ટ્રેક રેકોર્ડ માટે જાણીતા છે.

### અમદાવાદ જિલ્લામાં વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો પ્રારંભ થશે

# જિલ્લા કલેક્ટર પ્રવીણા ડી.કે. અને જિલ્લા વિકાસ અધિકારી મેહુલ દવેના નેતૃત્વમાં જિલ્લામાં વિકસિત ભારત સંકલ્પ યાત્રાની તૈયારીઓ અંગે સમીક્ષા બેઠક યોજાઈ

### સાણંદના સનાથલ, વિરમગામના જખવાડા અને ધોળકાના બદરખા ખાતેથી શરૂ થશે જિલ્લામાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા



। અમદાવાદ, તા.૨૯ ।

કેન્દ્ર સરકાર દ્વારા લોકમાનસ સુધી જનકલ્યાણકારી યોજનાઓનો વ્યાપ વધારવા, વિવિધ યોજનાઓ અંગે જાગૃતિ ફેલાવવા અને લાભાર્થીઓ સુધી યોજનાકીય લાભો પહોંચાડવાના લક્ષ્યાંક સાથે દેશભરમાં ૨૫ જાન્યુઆરી ૨૦૨૪ સુધી 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' નું આયોજન કરવામાં આવ્યું છે. અમદાવાદ જિલ્લામાં સાણંદ, વિરમગામ અને ધોળકા તાલુકાઓએથી વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો પ્રારંભ થશે. સાણંદના સનાથલ, વિરમગામના જખવાડા અને ધોળકાના બદરખા ખાતેથી વિકસિત ભારત રથો જિલ્લામાં સંકલ્પ યાત્રાની શરૂઆત કરશે.

જિલ્લા કલેક્ટર સુશ્રી પ્રવીણા ડી.કે. અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી મેહુલ દવેના નેતૃત્વમાં જિલ્લામાં વિકસિત ભારત સંકલ્પ યાત્રાની તૈયારીઓ અંગે સમીક્ષા બેઠક યોજાઈ. બેઠકમાં સંબંધિત અધિકારીશ્રીઓ સાથે વિકસિત ભારત સંકલ્પ યાત્રા અંતર્ગત યોજાનારા વિવિધ કાર્યક્રમો, વિકસિત ભારત રથોના રૂટ, કાર્યક્રમોની રૂપરેખા, વિવિધ યોજનાઓ સંબંધિત કામગીરી, લાભાર્થીઓ અને યોજનાઓના લાભોના વિતરણની વિગતો સહિત વિવિધ મુદ્દાઓ અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી તથા કલેક્ટર શ્રી અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી દ્વારા માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું. જિલ્લા કલેક્ટર સુશ્રી પ્રવીણા ડી.કે. એ જણાવ્યું કે, તમામ તાલુકાઓમાં ૧૦૦% લક્ષ્ય સિદ્ધિ સુધી યોજનાઓ પૂર્ણ કરીને લાભાર્થીઓને લાભો પહોચાડવા માટે જિલ્લા વહીવટી તંત્ર કટિબદ્ધ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, સમગ્ર જિલ્લામાં ૨૫ જાન્યુઆરી ૨૦૨૪ સુધી વિવિધ તાલુકાઓમાં ફરીને વિકસિત ભારત રથો કેન્દ્ર સરકારની ૧૭ જેટલી યોજનાઓની વિગતો, તેના લાભો, તેના પોર્ટલ કે નોંધણી અંગેની વિગતો લોકો સુધી પહોંચાડશે. વિવિધ ગામોમાં વિકસિત ભારત રથના આગમન સહિત વિવિધ યોજનાઓના કેમ્પ, યોજનાઓના લાભો નું વિતરણ, આરોગ્ય કેમ્પ, પ્રાકૃતિક કૃષિના પ્રચાર અર્થેના કાર્યક્રમો, સફળ મહિલાઓ અને રમતવીરોના સન્માન, સેવા સેતુ, યુવાઓની ભાગીદારી માટેનો માય ભારત કેમ્પ, ગ્રામ સભા, સ્વચ્છતા અભિયાન, 'મેરી કહાની, મેરી જુબાની' અંતર્ગત લાભાર્થીઓના અભિપ્રાય સહિતના વિવિધ કાર્યક્રમો યોજાશે.

# ધારાસભ્ય દુર્લભજીભાઈ દેથરીયાના અધ્યક્ષસ્થાને પડધરી તાલુકાના રંગપર ગામ ખાતે વિકસિત ભારત સંકલ્પ યાત્રાના રથના હરખભેર વધામણાં

### ડ્રોનથી ખેતરમાં જંતુનાશક દવાનો છંટકાવ કરીને લોકોને આ પદ્ધતિ અંગે જાણકારી અપાઈ

। રાજકોટ, તા.૨૯ ।

દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીના વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવાના ઉદ્દેશ સાથે કેન્દ્ર સરકારે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું આયોજન કર્યું છે. ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના નેજા હેઠળ રાજ્યભરમાં આ યાત્રા દરમિયાન સરકારની વિવિધ યોજનાઓની માહિતી અને લાભો પાત્રતા ધરાવતા નાગરિકોને આપવામાં આવી રહ્યાં છે. ત્યારે રાજકોટ જિલ્લામાં ગામેગામ આ યાત્રાના રથનું સ્વાગત કરાઈ રહ્યું છે. રાજકોટ જિલ્લાના પડધરી તાલુકાના રંગપર ગામ ખાતે પડધરી - ટંકારા વિધાનસભા મતવિસ્તારના ધારાસભ્યશ્રી દુર્લભજીભાઈ દેથરીયાના અધ્યક્ષસ્થાને વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં આ યાત્રાના રથના હરખભેર વધામણાં કરવામાં આવ્યા હતાં. તેમજ ધારાસભ્યશ્રી દ્વારા સ્વામિત્વ યોજના હેઠળ મિલ્કતધારકોને પ્રોપર્ટી કાર્ડનું




વિતરણ કરવામાં આવ્યું હતું. તથા કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ વિશે માહિતી આપવામાં આવી હતી. વધુમાં, વર્તમાન સમયમાં ડ્રોન ટેક્નોલોજીનો ઉપયોગ વધી રહ્યો છે. રાજ્ય સરકાર પણ જંતુનાશક દવાઓના છંટકાવ માટે ડ્રોનના ઉપયોગ બદલ આર્થિક સહાય આપે છે. ત્યારે રંગપર ગામે ડ્રોનથી ખેતરમાં ખાતરનો છંટકાવ કરવામાં આવ્યો હતો. તેમજ આ પદ્ધતિ અંગે ડેમો આપીને ગામલોકોને જાણકારી આપવામાં આવી હતી.

# વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું ભેસાણના ડમરાળા ગામે ઉત્સાહભેર સ્વાગત



। જૂનાગઢ, તા.૨૯ ।

વિકસિત ભારત સંકલ્પ યાત્રાના રથનું ભેસાણ તાલુકાના ડમરાળા ગામે ઉત્સાહભેર ગ્રામજનો દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. કેન્દ્ર- રાજ્ય- સરકારની જન કલ્યાણકારી યોજનાઓની જાણકારી અને તેના લાભો આપવાના ઉદ્દેશ્ય સાથે ગામે ગામ ફરી રહેલ વિકસિત ભારત સંકલ્પ યાત્રામાં ભેંસાણ તાલુકાના ડમરાળા ગામે પહોંચી હતી.

આ પ્રસંગે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રી પી. જી. પટેલે પ્રજાલક્ષી વિવિધ યોજનાઓ બાબતે માર્ગદર્શન આપ્યું હતું. ઉપરાંત ભૂગર્ભ જળ સ્તર ઊંડા જઈ રહ્યા છે, ત્યારે ચેકડેમ બનાવવા માટે જરૂરી દરખાસ્ત કરવા પણ ગ્રામજનોએ રજૂ કરેલા પ્રશ્ન સંદર્ભે જણાવ્યું હતું.

આ તકે ગ્રામજનોએ હેલ્થ ચેકઅપ કેમ્પનો લાભ લીધો હતો ઉપરાંત પશુ આરોગ્ય કેમ્પ પણ રાખવામાં આવ્યો હતો. સાથો સાથ આરોગ્ય, ખેતીવાડી, પશુપાલન સહિતના વિભાગની પ્રજાકીય યોજનાઓની લોકોને જાણકારી આપવામાં આવી હતી. તેમજ વિકસિત ભારત માટે ગ્રામજનો સંકલ્પબદ્ધ થયા હતા.

આ પ્રસંગે પ્રધાનમંત્રી આવાસ યોજના-ગ્રામીણ સહિત જુદા જુદા યોજનાના લાભાર્થીઓએ પોતાના પ્રતિભાવો પણ રજૂ કર્યા હતા. ઉપરાંત જુદી જુદી યોજનાઓના લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# રવિ કૃષિ મહોત્સવ અંતર્ગત કચ્છ જિલ્લાના તમામ તાલુકામાં બાયોગેસ પ્લાન્ટ કીટ અંગે ખેડૂતોને સમજ અપાઈ



। ભુજ, તા.૨૯ ।

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી કચ્છ અંતર્ગત સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ શાખા દ્વારા રવિ કૃષિ મહોત્સવમાં જિલ્લાના તમામ તાલુકામાં બાયોગેસ પ્લાન્ટ વિશે ખેડૂતોને સમજણ આપવામાં આવી હતી. સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ શાખા દ્વારા જિલ્લાના તમામ તાલુકામાં બે દિવસ ચાલેલા રવિ કૃષિ મહોત્સવમાં ખેડૂતોને બાયોગેસ પ્લાન્ટ વિશે સમજણ આપીને ખેડૂતો આ પ્લાન્ટ પોતાના ઘરે ઈન્સ્ટોલ કરે તેનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. રવિ કૃષિ મહોત્સવના આયોજન પ્રસંગે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા સ્ટોલ લગાવીને પ્રચાર પ્રસારની કામગીરી કરવામાં આવી હતી.

કચ્છ જિલ્લો ગોબર મુક્ત બને અને ખેડૂતો ગોબરમાંથી ગેસ મેળવીને રસોઈ બનાવવામાં ઉપયોગ કરી શકે તે અંગે માર્ગદર્શન જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના સ્વચ્છ ભારતના સ્ટાફ દ્વારા આપવામાં આવ્યું હતું. આ બાયોગેસ કિટ કેવી રીતે મેળવવી તે અંગેના પેમ્ફલેટનું વિતરણ પણ કરાયું હતું.

# કપડવંજ ખાતે ભારતીય જનતા પાર્ટી દ્વારા નૂતન વર્ષ સ્નેહ મિલન કાર્યક્રમ યોજાયો



। રાજેશ શર્મા આતરસુંબા, તા.૨૯ ।

ભારતીય જનતા પાર્ટી ૧૨૦ - કપડવંજ વિધાનસભાનો નૂતન વર્ષ સ્નેહ મિલન કાર્યક્રમ ગુજરાત પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષશ્રી અને મધ્યઝોન પ્રભારીશ્રી ગોરધનભાઈ ઝડફીયા, ખેડા જિલ્લા ભાજપ પ્રમુખશ્રી અજયભાઈ બ્રહ્મભટ્ટ અને કપડવંજના લોકપ્રિય ધારાસભ્યશ્રી રાજેશભાઈ ઝાલા સહિતના મહાનુભાવોની પ્રેરક ઉપસ્થિતિમાં જૂની એ.પી.એમ.સી કમ્પાઉન્ડ કપડવંજ ખાતે યોજાયો હતો. ગુજરાત રાજ્યના પૂર્વ ગૃહમંત્રી અને પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી ગોરધનભાઈ ઝડફીયાએ આ પ્રસંગે ઉપસ્થિતિ સર્વે કાર્યકરોને નૂતન વર્ષની શુભેચ્છાઓ પાઠવી જનસંઘથી લઈ આજ દિન સુધીની ભાજપની અવિરત વિકાસ યાત્રાનો તાદ્રશ્ય ચિતાર રજુ કરી, આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના નેતૃત્વમાં દેશમાં થયેલા અભૂતપૂર્વ જન કલ્યાણકારી વિકાસ કાર્યો અને જનજનની સુખાકારી માટે લાગુ કરવામાં આવેલી અનેકવિધ યોજનાઓની વિગતવાર માહિતી આપી, ભાજપ કાર્યકરોના અથાક પરિશ્રમને પણ બિરદાવ્યો હતો.

આ પ્રસંગે કપડવંજ તાલુકા પંચાયત સદસ્યો, કપડવંજ એપીએમસીના ચૂંટાયેલ પ્રતિનિધિઓ, કપડવંજ કઠલાલ તાલુકા સરપંચો સહિત બસોથી વધુ કપડવંજ વિધાનસભાના કોંગ્રેસના આગેવાન કાર્યકરો શ્રી ગોરધનભાઈ ઝડફીયા અને કર્મઠ ખેડા જિલ્લા ભાજપ અધ્યક્ષ શ્રી અજયભાઈ બ્રહ્મભટ્ટ તથા કપડવંજના યુવા અને લોકપ્રિય ધારાસભ્યશ્રી રાજેશભાઈ ઝાલા સહિતના મહાનુભાવોના વરદ હસ્તે કેસરિયો ખેસ ધારણ કરી ભાજપમાં જોડાયા હતા.

નૂતન વર્ષ સ્નેહ મિલન સમારોહ દરમિયાન ખેડા જિલ્લા ભાજપ અધ્યક્ષ શ્રી અજયભાઈ બ્રહ્મભટ્ટ, મહામંત્રી શ્રી અપૂર્વભાઈ પટેલ, ખેડા જિલ્લા સહકારી સંઘના ચેરમેન શ્રી જયેશભાઈ પટેલ નવાગામ, પૂર્વ ધારાસભ્ય શ્રી મણીભાઈ પટેલ, કપડવંજ અને કઠલાલ નગરપાલિકા પ્રમુખશ્રી, ખેડા લોકસભાના વિસ્તારશ્રી સહિતના મહાનુભાવોએ પ્રાસંગિક ઉદબોધન કરી તમામ ઉપસ્થિતોને નવા વર્ષની શુભકામનાઓ પાઠવી હતી. આ પ્રસંગે ખેડા જિલ્લા ભાજપ મંત્રીશ્રી ધવલભાઈ પટેલ, ઉપ પ્રમુખ શ્રીમતિ સેજલબેન બ્રહ્મભટ્ટ જિલ્લા બક્ષીપંચ મોર્ચાના અધ્યક્ષ શ્રી કિરણસિંહ ડાભી, જિલ્લા કિસાન મોર્ચાના પ્રમુખશ્રી ચિમનભાઈ પટેલ, શ્રી નિલેશભાઈ પટેલ, પ્રદેશ અનુસૂચિત જાતિ મોર્ચાના આગેવાન શ્રી બુધાભાઈ ખડાયતા, કપડવંજ શહેર ભાજપ પ્રમુખ શ્રી નરેન્દ્રભાઈ પટેલ, મહામંત્રી શ્રી સુરેશભાઈ પારેખ, નગરપાલિકા પ્રમુખ શ્રી મતિ વર્ષાબેન પંચાલ, કઠલાલ નગર પાલિકા પ્રમુખ શ્રી ચૌહાણ, કપડવંજ તાલુકા પૂર્વ પ્રમુખ શ્રી મૂળરાજસિંહ સોલંકી, જિલ્લા બક્ષીપંચ કોષાધ્યક્ષ શ્રી રાજેશભાઈ શર્મા આતરસુંબા, કઠલાલ તાલુકા ભાજપ પ્રમુખ શ્રી પ્રવિણભાઈ પરમાર, મહામંત્રીશ્રી દલપતસિંહ ડાભી, શ્રી દિલીપસિંહ ડાભી, શ્રી બાબુભાઈ રાઠોડ, શ્રી બંસીલાલ પ્રજાપતિ, જિલ્લા/ તાલુકા યુવા મોર્ચા, અનુસૂચિત જાતિ મોર્ચા, મહિલા મોર્ચા, લઘુમતિ મોર્ચા, બક્ષીપંચ મોર્ચા, કિસાન મોર્ચા સહિતના તમામ મોરચાના અધ્યક્ષશ્રી અને હોદ્દેદારો, કપડવંજ કઠલાલ શહેર અને તાલુકાના ભાજપ પ્રમુખશ્રીઓ, મહામંત્રીશ્રીઓ, વિવિધ સેલ અને મોરચાના સર્વે હોદ્દેદારો, કપડવંજ કઠલાલ નગરપાલિકાના પ્રમુખશ્રીઓ, કોર્પોરેટરશ્રીઓ તથા હોદ્દેદારશ્રીઓ, સરપંચશ્રીઓ સહિત ભાજપ કાર્યકર ભાઈઓ બહેનો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે તમામ મહાનુભાવોએ કપડવંજ વિધાનસભાના યુવા અને લોકપ્રિય ધારાસભ્ય શ્રી રાજેશભાઈ ઝાલાની વિધાનસભાના પ્રજાજનો વચ્ચે રાત દિવસ જોયા વિના સુખ દુઃખમાં સતત ખડેપગે ઉભા રહી કરેલી શ્રેષ્ઠ કામગીરીને પણ બિરદાવી હતી.

# ગીર સોમનાથ જિલ્લામા 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' અંતર્ગત જયશ્રીબેનને મળ્યો પ્રધાનમંત્રી ઉજજવલા યોજનાનો લાભ

### પ્રધાનમંત્રી ઉજજવલા યોજનાનો લાભ મળવાથી સમયનો બચાવ અને આરોગ્ય જાણવણી થશે : જયશ્રીબેન

। ગીર-સોમનાથ, તા.૨૯ ।

કેન્દ્ર સરકાર દ્વારા જનમાનસ સુધી પ્રજાકલ્યાણકારી યોજનાઓનો વ્યાપ તમામ લાભાર્થી અને નાગરીકો સુધી પહોંચાડવા અને યોજનાઓની જાગૃતી ફેલાવવા ''વિકસિત ભારત સંકલ્પ યાત્રા' નું આયોજન કરવામાં આવ્યુ છે. આ વિકસિત ભારત સંકલ્પ યાત્રા કાજલી ખાતે ગામના બીપીએલ તથા અંત્યોદય લાભાર્થીઓ પરંપરાગત ઈંધણની જગ્યાએ પ્રધાનમંત્રી ઉજજવલા યોજના અંતર્ગત વિનામુલ્યે ગેસ કનેકશન મેળવી પ્રદુષણરહીત એલ.પી.જી.ગેસનો ઉપયોગ કરતાં થયા તેવા શુભ હેતુસર રાઠોડ જયશ્રીબેન ભગવાનભાઈને પ્રધાનમંત્રીઉજજવલા યોજનાનો લાભ આપવામાં આવ્યો હતો.

પ્રધાનમંત્રી ઉજજવલા યોજનાનો લાભ મળવાથી રાઠોડ જયશ્રીબેન પ્રતિભાવ આપતા જણાવ્યુ હતુ કે હુ બ્યુટી પાર્લર ચલાવુ છુ અમારે ગેસ કનેકશન ન હતુ તેથી સમય વેડફાતો હતો તેના કારણે મારા બ્યુટી પાર્લરના વ્યવસાયમાં




તકલીફ પડતી હતી તેમજ પરંપરાગત ઈંધણના ઉપયોગથી આરોગ્યને પણ નુકસાન થતુ હતુ. હવે પ્રધાનમંત્રી ઉજજવલા યોજના અંતર્ગત મને લાભ મળવાથી સમય સદુપયોગ કરીને મારા ધંધા રોજગારને આગળ વધારી શકીશ અને અમારુ આરોગ્ય પણ સ્વસ્થ રહેશે. અને પ્રધાનમંત્રી ઉજજવલા યોજનાનો લાભ મળતા સરકાર અને વહીવટીતંત્રનો આભાર વ્યક્ત કર્યો હતો.

# ઉના તાલુકાના કેસરિયા અને મઘરડી ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રા યોજાઈ

। ગીર સોમનાથ, તા.૨૯ ।

ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાના કેસરિયા તેમજ મઘરડી ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું ઉમળકાભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. જિલ્લા પંચાયત તેમજ તાલુકા પંચાયતના સભ્યશ્રીઓના હસ્તે લાભાર્થીઓને સરકારની કલ્યાણકારી યોજનાઓનો લાભ આપવામાં આવ્યો હતો. વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું બન્ને ગામમાં ઉમળકાભેર સ્વાગત કરવામાં આવ્યું હતું અને ગ્રામજનોએ કંકુ-ચોખાથી આ રથને આવકાર્યો હતો.

કેસરિયા અને મઘરડીના ગ્રામજનોએ વિકસિત ભારત સંકલ્પ રથના માધ્યમથી સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ વિશે માહિતી મેળવી હતી અને લાભાર્થીઓને મળેલા કલ્યાણકારી લાભો અંગે ફિલ્મ પણ નિહાળી હતી તેમજ 'ધરતી કહે પુકાર કે' નુક્કડ નાટક પણ માણ્યું હતું. આરોગ્ય વિભાગ દ્વારા આ તકે મઘરડીમાં ૨૯ અને કેસરિયામાં ૨૨ જેટલા ટીબીના દર્દીઓને યોગ્ય તપાસ કરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વિકસિત ભારત સંકલ્પ યાત્રાના માધ્યમથી દેશભરમાં રાજય સરકાર અને કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓની માહીતી છેવાડા લોકો સુધી પહોંચાડવામાં આવી રહી છે. આ તકે, મઘરડીમાં ૧૫ અને કેસરિયામાં ૧૨ નવા આયુષ્માન કાર્ડ બનાવવામાં આવ્યા હતા. તેમજ મઘરડીમાં 'મેરી કહાની મેરી જુબાની' અંતર્ગત ૩ લાભાર્થીઓ અને કેસરિયામાં ૫ લાભાર્થીઓએ પોતાનો અનુભવ જણાવ્યો હતો. આ તકે, સ્થાનિક કલા કારીગરો, રમતવીરો અને વિવિધ ક્ષેત્રમાં યોગદાન બદલ મહિલાઓને એવોર્ડ આપી સન્માન કરાયું હતુ આ તકે, જિલ્લા પંચાયત તેમજ તાલુકા પંચાયતના સભ્યશ્રીઓના હસ્તે લાભાર્થીઓને સરકારશ્રીની આયુષ્માન ભારત, પ્રધાન મંત્રી આવાસ યોજના, ઉજ્જવલા યોજના જેવી કલ્યાણકારી યોજનાઓનો લાભ અપાયો હતો અને જૈવિક ખેતી કરતા ખેડૂતો સાથે વાર્તાલાપ પણ યોજાયો હતો.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે મિત્રો સહકાર આપશે તથા તમને ખુશ રાખશે. જો તમને લાગે છે કે તમારી જોડે પૂરતું ધન નથી તો ઘર ના કોઈ મોટા થી ધન સંચિત કરવા ની સલાહ લો. તમે ધાર્મિક સ્થળ અથવા કોઈક સબંધીની મુલાકાત લો એવી શક્યતા જોવાય છે. પ્રિયપાત્રની નફરત છતાં તમારે તમારો પ્રેમ દેખાડવો જોઈએ. કોઈક ખર્ચાળ સાહસ પર સહી-સિક્કા કરવા પહેલા તમારી નિર્ણયશક્તિનો ઉપયોગ કરો.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે તમારા પ્રચંડ પ્રયાસો તથા પરિવારના સભ્યોની સમયસર મદદ વાંછિત પરિણામ લાવશે. વર્તમાન મનોબળ જાળવી રાખવા માટે સખત મહેનત જાળવી રાખો. વીતેલા સમય માં તમે ઘણા પૈસા ખર્ચ કર્યા છે જેનું પરિણામ તમને અત્યારે ભોગવવું પડી શકે છે. આજે તમને પૈસા ની જરૂર હશે પરંતુ તે તમને નહિ મળી શકે. બાળકો તમારૂં ધ્યાન માગે છે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે નફરતની લાગણી મોંઘી પુરવાર થઈ શકે છે.તે ન માત્ર તમારી સહનશક્તિનો ગુપ્ત રીતે નાશ કરે છે બલ્કે તમારી વિવેકબુદ્ધિને પણ મંદ કરે છે તથા સંબંધમાં કાયમી તિરાડ ઊભી કરે છે. નાણાંપ્રવાહમાં વધારો મહત્વની ખરીદી કરવી તમારી માટે આસાન બનાવશે. તમે જેમની સાથે પ્રેમ કરો છો એવા લાકા સાથેની ગેરસમજ દૂર થશે.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે તમારા મગજને પ્રેમ, આશા, વિશ્વાસ, કરૂણા, આશાવાદ તથા વફાદારી જેવી હકારાત્મક લાગણીઓને ગ્રહણ કરે તેવું બનાવો. એકવાર આ લાગણીઓ સંપૂર્ણ અંકુશ લઈ લે- એપછી મગજ દરેક પરિસ્થિતિને હકારાત્મક પ્રતિસાદ આપશે. ધન તમારા માટે જરૂરી છે પરંતુ ધન ને લયીને એટલું ગંભીર પણ ના થયી જાઓ કે તે તમારા સંબંધો બગાડી દે.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે અનયોની ટીકા કરવામાં તમારો સમય વેડફશો નહીં, કેમ કે તેની અસર તમારા સ્વાસ્થ્ય પર પડી શકે છે. અન્યોને પ્રભાવિત કરવા વધુ પડતો ખર્ચ ન કરી નાખતા. તમારા મહેમાનો સાથે અનાડી જેવું વર્તન ન કરતા. તમારૂં વર્તન ન માત્ર તમારા પરિવારને નારાજ કરશે બલ્કે સંબંધોમાં પણ તિરાડ પાડી શકે છે. રોમેન્ટિક મૂડમાં એકાએક પરિવર્તન તમને હતાશ કરશે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે અંતરાય ઊભા કરનારી તમારી લાગણીઓને અંકુશમાં રાખો. તમારી જૂનવાણી વિચારધારા - જૂના વિચારો તમારા વિકાસને અવરોધે છે-તેઓ વિકાસને ગૂંગળાવી નાખે છે તથા આગળ વધવાના માર્ગમાં બાધાઓ ઉત્પન્ન કરે છે. આજે તમારા ભાઈ બહેનો તમારા થી આર્થિક સહાય માંગી શકે છે અને તેમની આર્થિક મદદ કરી તમે પોતે આર્થિક દબાણ માં આવી શકો છો.

**તુલા (ર,ત) :**
આજના દિવસે તમારા જીવનસાથીની તબિયત તાણ તથા બેચેનીનું કારણ બની શકે છે. આજે તમને પોતાના ભાઈ અથવા બહેન ની મદદ થી ધન લાભ થવા ની શક્યતા છે. સાંજે અણધાર્યા મહેમાનો તમારા ઘરમાં ભીડ કરશે. તમને આજે પ્રેમની સુંદર ચોકલેટના સ્વાદ માણવા મળશે. તમે જે હંમેશાં કરવા માગતા હતા એ કામ કરવાની તક તમને આજે મળી શકે છે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે તમે પરિસ્થિતિની કમાન સંભાળશો એટલે તમારી બેચેની દૂર થઈ જશે.તમને એ સમજાવાની શક્યતા છે કે બધું સાબુના પરપોટા જેવું ક્ષણભંગુર છે જ હિંમત સાથેના પ્રથમ સંપર્કથી જ ગાયબ થઈ જાય છે. લાંબા ગાળાના કોઈપણ રોકાણ ટાળો તથા તમારા સારા મિત્ર સાથે કેટલીક ખુશીભરી ક્ષણો વિતાવો. પ્રેમ-સાથ સહવાસ તથા બંધનમાં વધારો થશે.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે મિત્રો સાથે સાંજ આહલાદક રહેશે પણ વધુ પડતા ભોજન અને હાર્ડ ડ્રિંક અંગે સાવચેત રહેજો. રાત્રી ના સમયે આજે તમને ધન લાભ થવા ની પૂરી શક્યતા છે કે કેમ કે તમારા દ્વારા આપેલું ધન આજે પાછું આવી શકે છે. આજે તમને લાભ થશે-કેમ કે પરિવારના સભ્યો તમને હકારાત્મક રીતે પ્રતિસાદ આપશે. તમારા પ્રેમી કે પ્રેમિકાની સંવેદનાત્મક જરૂરિયાતો સામે ઝૂકતા નહીં.

**મકર (ખ,જ) :**
આજના દિવસે સંઘર્ષ ટાળો કેમ કે એનાથી તમારી બીમારી ઓર વકરી શકે છે. કોઈ નજીક ના મિત્રો થી અમુક વેપારીઓ ને સારું ધન લાભ થવા ની શક્યતા છે. આ ધન તમારી ઘણી મુશ્કેલીઓ ને દૂર કરી શકે છે. તમારા મહેમાનો સાથે અનાડી જેવું વર્તન ન કરતા. તમારૂં વર્તન ન માત્ર તમારા પરિવારને નારાજ કરશે બલ્કે સંબંધોમાં પણ તિરાડ પાડી શકે છે.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે તમારી શારીરિક સુસજ્જતા જાળવે એવી રમતગમતની પ્રવૃત્તિને તમે માણશો એવી શક્યતા છે. આ રાશિ ના પરિણીત જાતકો ને આજે સાસરાપક્ષ થી ધન લાભ થવા ની શક્યતા છે. ઘરે તમને તમારા સંતાનો એવી પરિસ્થિતિ રજૂ કરશે જેમાં રાઈનો પહાડ કરાયો હોય- કોઈ પણ પગલું લેવા પૂર્વે વાસ્તવિક્તાની ચકાસણી કરો.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે આજે હાથ ધરાયેલું સ્વચ્છતા અભિયાન માનસિક શાંતિ તથા રાહત બક્ષશે. લાંબા ગાળાથી આવવાના બાકી નાણાં અથવા કોઈને ઉછીની આપેલી રકમ પરત આખરે પરત મળશે. તમારા બાળકોની ચિંતાઓમાં સહકાર આપવો મહત્વનો છે. ચમારી પરિસ્થિતિ વિશે તમારા સાથીદારને સમજાવવામાં તમને ખૂબ મુશ્કેલી પડશે.

## સાઉદીમાં ૨૪ વર્ષથી ઓછી વયના વિદેશીને ઘરકામ માટે નહીં રાખી શકાય



। સાઉદી, તા.૨૯ ।

સાઉદી અરબે વર્કિંગ વિઝાને લઈને મોટો ફેરફાર કર્યો છે. આગામી વર્ષ ૨૦૨૪થી અહીં કામ કરતા વિદેશી નાગરિકો માટે નવો નિયમ તૈયાર કરાયો છે. સાઉદી સરકારના માનવ સંસાધન અને સામાજિક વિકાસ મંત્રાલયે માહિતી આપી છે કે ૨૦૨૪ થી ૨૪ વર્ષથી ઓછી ઉંમરનો નાગરિક કોઈપણ ઘરેલું મદદ માટે કોઈ વિદેશી કર્મચારીને રાખી શકશે નહીં. આ નવા નિયમો અનુસાર સાઉદીના નાગરિકો, સાઉદીના પુરુષોની વિદેશી પત્નીઓ, તેમની માતાઓ અને સાઉદી પ્રીમિયમ પરમિટધારકો વિદેશી ઘરેલુ કર્મચારીની ભરતી કરવા વિઝા માટે અરજી કરી શકે છે. આ નિયમો સ્થાનિક શ્રમ બજારને નિયંત્રિત કરવા માટે લાગુ કરવામાં આવ્યા હતા. પરંતુ નવા નિયમો હેઠળ આ ફેરફારોને કારણે ભારતના લેબર માર્કેટને ઘણું નુકસાન થશે. સાઉદી અરબમાં મોટી સંખ્યામાં યુવાનો એકલા રહે છે, પ રંતુ નવા નિયમોને કારણે તેઓ કોઈ કર્મચારીને નોકરી પર રાખી શકશે નહીં, તેનાથી રોજગારમાં ઘટાડો થશે. સાઉદીમાં ડ્રાઈવર, રસોઈયા, ગાર્ડ, માળી, નર્સ, દરજી અને નોકરને ઘરેલું રોજગારની શ્રેણીમાં સામેલ કરવામાં આવ્યા છે. સાઉદી અરબયમાં લગભગ ૨૬ લાખ ભારતીયો કામ કરે છે.

### બ્રુકલિન પાર્કમાં સવારે ૧૦.૩૦ વાગ્યે આ અકસ્માત થયો હતો

# અમેરિકામાં હાઈવે પર જતી કારને વિમાને પાછળથી મારી ટક્કર

### પ્લેન ક્રેશ થયા બાદ પોલીસે વધુમાં જણાવ્યું કે, આ પ્લેન નજીકના એરપોર્ટ તરફ જઈ રહ્યું હતું ત્યારે અચાનક તેની શક્તિ ગુમાવી દીધી

। નવી દિલ્હી, તા.૨૯ ।

મંગળવારે (૨૮ નવેમ્બર ૨૦૨૩) યુએસએના મિનેપોલિસ શહેરમાં હાઈવે પર એક પ્લેન ક્રેશ થયું. આ દરમિયાન તેણે પાછળથી એક કારને ટક્કર મારી હતી જેના કારણે ડ્રાઈવર અને પાઈલટ બંને ઈજાગ્રસ્ત થયા હતા અને તેમને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. મિનેસોટાના બ્રુકલિન પાર્કમાં સવારે ૧૦.૩૦ વાગ્યે આ અકસ્માત થયો હતો. માહિતી આપતાં, પોલીસ દુર્ઘટના બાદ ઘટનાસ્થળે પહોંચી અને કહ્યું, કોઈને ગંભીર ઈજા થઈ નથી. દરેકને હોસ્પિટલમાં



લઈ જવામાં આવ્યા છે. પ્લેન ક્રેશ થયા બાદ પોલીસે વધુમાં જણાવ્યું કે, ’આ પ્લેન નજીકના એરપોર્ટ તરફ જઈ રહ્યું હતું ત્યારે અચાનક તેની શક્તિ ગુમાવી દીધી, તેથી તેણે રેડિયો પર ઈમરજન્સીની જાહેરાત કરી અને પ્લેનને મુખ્ય હાઈવે પર લેન્ડ કરવાનો નિર્ણય કર્યો. પરંતુ તે સમયે ઉતરતા, એક કાર આવી અને તે તેની સાથે અથડાઈ.

સમગ્ર અકસ્માતની વાર્તા જણાવતી વખતે, બ્રુકલિન ફાયર વિભાગે પાઈલટની પ્રશંસા કરી. તેણે કહ્યું કે જ્યારે તમે પ્લેન પરનો સંપૂર્ણ નિયંત્રણ ગુમાવી દીધો હોય અને તમે ઝડપથી પડી રહ્યા હોવ ત્યારે આવી સ્થિતિમાં પ્લેનને હાઈવે પર લેન્ડ કરવું પોતાનામાં એક મોટો પડકાર છે. પરંતુ પાયલોટે પોતાની બુદ્ધિમત્તાથી પ્લેનને લેન્ડ કરાવ્યું અને માત્ર એક જ કારને અસર થઈ. તેમણે કહ્યું કે, જ્યારે હાઈવે પર આટલા બધા વાહનો જતા હોય અને તે દરમિયાન તમે બધાને બચાવો અને માત્ર એક જ વાહનને નાની દુર્ઘટના સર્જી, ત્યારે હું પાઈલટ તરીકે તેમની કુશળતાના વખાણ કરું છું. તેમણે કહ્યું કે, પ્લેનને મુખ્ય હાઈવે પરથી હટાવીને સાઈડમાં મુકવામાં આવ્યું છે જેથી રસ્તા પરના ટ્રાફિકને કોઈ નુકસાન ન થાય. પોલીસે જણાવ્યું કે પાયલોટને સ્થળ પર સારવાર આપવામાં આવી હતી. દરમિયાન કાર ચાલકને હોસ્પિટલ લઈ જવાયો હતો.

### ન્યૂયોર્કના ગુરૂદ્વારામાં ભારતીય રાજદૂત સાથે ગરવર્તણૂક

## તરનજિત સાથે ગેરવર્તણૂક કરનારા સામે પગલાંની માગ

### તોફાનીઓ સામે કઠોર પગલાં લેવા માટે ઉક્ત ગુરુદ્વારાના વહીવટકારોને અમેરિકા સ્થિત શિખ સંસ્થાએ અનુરોધ કર્યો

। વોશિંગ્ટન, તા.૨૯ ।

અમેરિકા સ્થિત શિખ સંસ્થાએ ગયા વીક એન્ડમાં ન્યૂયોર્કના ગુરુદ્વારામાં ભારતના રાજદૂત તરનજિત સિંઘ સંધુ સાથે કેટલાક શિખોએ કરેલી ગેરવર્તણુંકની ઉગ્ર ટીકા કરી હતી. સાથે તે તોફાનીઓ સામે કઠોર પગલાં લેવા માટે ઉક્ત ગુરુદ્વારાના વહીવટકારોને અનુરોધ કર્યો હતો.

સોમવારે પ્રસિદ્ધ કરેલાં એક નિવેદનમાં તે સંસ્થાએ કહ્યું હતું કે, ગુરુદ્વારાઓ તો પ્રાર્થના માટેના સ્થાનો છે, ત્યાં રાજકારણ કે અંગત રાજકીય મંતવ્યને સ્થાન જ નથી.

તે સર્વવિદિત છે કે શિખ ધર્મના સ્થાપક ગુરુદેવ નાનક સાહેબની જન્મ જયંતિએ ન્યૂયોર્કનાં હિક્સ વિલે સ્થિત ગુરુદ્વારામાં ભારતના રાજદૂત તરનજિત સિંઘ સંધુ પ્રાર્થના કરવા ગયા હતા તેઓને સરોપાવ પણ અપાયો હતો. ત્યારે ખાલીસ્તાનીઓએ અલગતાવાદી ખાલીસ્તાની નેતા હરદીપ સિંઘ નિજ્જરની જૂનની ૧૮મીએ કેનેડાના સરે સ્થિત ગુરુદ્વારાનાં પટાંગણમાં જ અજાણ્યા શખ્સોએ ગોળી મારી હત્યા કરી હતી. તેમજ એક અન્ય અલગતાવાદી કહેવાતા શિખ નેતાની હત્યાનો પ્રયાસ કરવામાં આવ્યો તે અંગે તે ગુરુદ્વારામાં પ્રાર્થના કરવા ગયેલા. સંધુને અનેકવિધ પ્રશ્નો પૂછી ગુરુદ્વારામાં ઘૂસી ગયેલા ખાલીસ્તાનવાદીઓએ પજવવા લાગ્યા હતા.

### ઓનલાઈન છેતરપિંડીના કેસ ઝડપથી વધી રહ્યા છે

# સરકાર દ્વારા ૭૦ લાખ મોબાઈલ નંબર બ્લોક કરવામાં આવ્યા

### બેઠક બાદ જોશીએ કહ્યું કે, બેન્કોને આ સંબંધમાં સિસ્ટમ્સ અને પ્રક્રિયાઓને મજબૂત કરવા માટે કહેવામાં આવ્યું છે

। નવી દિલ્હી, તા.૨૮ ।

દેશમાં ડિજિટલ અને ઓનલાઈન છેતરપિંડીના કેસ ઝડપથી વધી રહ્યા છે. દરરોજ સાયબર ગુનેગારો ફોન કોલ્સ અને મેસેજિંગ દ્વારા લોકોને છેતરવા માટે નવી રીતો અજમાવતા હોય છે. નાણાકીય સેવા સચિવ વિવેક જોશીએ મંગળવારે જણાવ્યું હતું કે, ડિજિટલ ફ્રોડને રોકવા માટે સરકારે શંકાસ્પદ વ્યવહારો સાથે સંકળાયેલા ૭૦ લાખ મોબાઈલ નંબરને સસ્પેન્ડ કર્યા છે.

નાણાકીય સાયબર સિક્યોરિટી અને ડિજિટલ પેમેન્ટની વધતી છેતરપિંડી સંબંધિત મુદ્દાઓ પરની બેઠક બાદ જોશીએ કહ્યું કે, બેક્રોને આ સંબંધમાં સિસ્ટમ્સ અને પ્રક્રિયાઓને મજબૂત કરવા માટે કહેવામાં આવ્યું છે. તેમણે કહ્યું કે, આવી વધુ બેઠકો થશે અને આગામી બેઠક જાન્યુઆરીમાં યોજાશે. આધાર સક્ષમ પેમેન્ટ સિસ્ટમ છેતરપિંડી અંગે નાણાકીય સેવા સચિવે જણાવ્યું હતું કે, રાજ્યોને આ મુદ્દા પર ધ્યાન આપવા અને ડેટાની સુરક્ષા



સુનિશ્ચિત કરવા માટે કહેવામાં આવ્યું છે. તેમણે એમ પણ કહ્યું કે, મીટિંગમાં વેપારીઓના કેવાયસી માનકીકરણ અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. નાણાકીય સેવા સચિવની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં સાયબર છેતરપિં ડી રોકવા માટે વિવિધ એજન્સીઓ વચ્ચે બહેતર સંકલન કેવી રીતે સુનિશ્ચિત કરવું તે અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. જોષીએ જણાવ્યું હતું કે, નિર્દોષ ગ્રાહકોને છેતરાતા બચાવવા માટે સમાજમાં સાયબર ફ્રોડ અંગે જાગૃતિ લાવવાની જરૂર છે.

## રિશી સુનકે સ્કિલ્ડ માઈગ્રન્ટ્સને કામ કરવા આમંત્રણ આપ્યું

। નવી દિલ્હી, તા.૨૯ ।

યુકેના વડાપ્રધાન રિશિ સુનક આમ તો ઈમિગ્રેશન વિરોધી ગણાય છે, પરંતુ યુકેને હાલમાં સ્કિલ્ડ લોકોની જરૂર છે ત્યારે તેમણે સ્કિલ્ડ લોકોના ઈમિગ્રેશનની તરફેણ કરી છે. સુનકે માઈગ્રન્ટ્સને યુકેમાં આવીને કામ કરવા માટે આમંત્રણ પણ પાઠવ્યું છે. યુકેના વડાપ્રધાને ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટમાં સ્કિલ્ડ માઈગ્રન્ટ વર્કરની તરફેણમાં વાત કરી હતી. બીજી તરફ તેમની સરકાર ઈમિગ્રેશનના આંકડાથી ચિંતિત છે અને બહારના લોકો યુકેમાં આવવાનું બંધ કરે તેવું ઈચ્છે છે. રિશિ સુનકની સૌથી મોટી પરેશાની યુકેમાં ગેરકાયદે ઘુસી આવીને શરણાર્થીનો દરજ્જો માગતા લોકોના કારણે છે. સુનક સરકાર આવા શરણાર્થીઓને પકડીને તેમને રવાન્ડા મોકલી દેવાનો પ્લાન ધરાવે છે, પરંતુ અદાલતોએ આ પ્લાનને ગેરકાયદે ગણાવ્યો તેના કારણે સુનકના હાથ બંધાયેલા છે. હવે તેમણે કહ્યું કે તમે ઈનોવેટર હોવ, ઉદ્યોગ સાહસિક હોવ, રિસર્ચ હોવ તો તમને જાણો છો કે અત્યંત સ્કિલ્ડ, ઈન્ટરનેશનલ લોકો માટે શ્રેષ્ઠ દેશ યુકે છે.

### ટનલમાં ફસાયેલા મજૂરોનો ૧૭ દિવસ બાદ બચાવ

# ૪૧ મજૂરોને બચાવવા સુરેન્દ્ર રાજપૂતે પુલી ટ્રોલી તૈયારી કરી

### આ એજ વ્યક્તિ છે જેણે ૨૦૦૬ માં હરિયાણામાં બોરવેલમાં પડી ગયેલા બાળક પ્રિન્સનો જીવ બચાવ્યો હતો

। સિલ્ક્યારા, તા.૨૯ ।

ઉત્તરાખંડમાં ચારધામ યાત્રાના પ્રોજેક્ટના ભાગરૂપે બાંધકામ હેઠળની સિલ્ક્યારા-દાંડલગાંવ ટનલ ૧૨ નવેમ્બરે વહેલી સવારે તૂટી પડતાં ફસાયેલા ૪૧ મજૂરોને અંતે એનડીઆરએફ, એસડીઆરએફ, ભારતીય સૈન્ય, વિદેશી ટનલ નિષ્ણાતો સહિત અનેક એજન્સીઓની મદદથી ૧૭ દિવસના અંતે બચાવી લેવાયા છે. આ જ અભિયાનમાં કેટલાક એવા લોકો પણ હતા જેઓ નિઃસ્વાર્થપણે રેસ્કયુ ઓપરેશનના સહભાગી બન્યા હતા. તેમાંથી એક દિલ્હીના નિઝામુદ્દીનનો રહેવાસી સુરેન્દ્ર રાજપૂત છે. આ એજ વ્યક્તિ છે જેને ૨૦૦૬ માં હરિયાણામાં બોરવેલમાં પડી ગયેલા બાળક પ્રિન્સનો જીવ બચાવ્યો હતો. સુરેન્દ્ર



રાજપૂતે સિલ્ક્યારામાં માટીના પુરવઠા માટે પુલી ટ્રોલી તૈયાર કરી, જે છેલ્લા તબક્કામાં કામદારોને બહાર કાઢવાના અભિયાનનો એક મહત્વપૂર્ણ ભાગ બની.

સુરેન્દ્ર રાજપૂતે ૧૮ નવેમ્બરે સિલ્ક્યારા રેસ્ક્યુ ઓપરેશનમાં બચાવ કામગીરીમાં જોડવા માટે વિનંતી કરી હતી. વહીવટી અધિકારીઓને મળ્યા બાદ તેમણે પોતાના અનુભવ વિશે જાણકારી આપી. જ્યારે પ્રશાસને સત્યની તપાસ કરી તો સામે આવ્યું કે, ૨૦૦૬માં હરિયાણાના કુરુક્ષેત્ર અને અંબાલા વચ્ચેના એક ગામમાં બોરવેલમાં પડી ગયેલા બાળ પ્રિન્સને બચાવવા માટે સુરેન્દ્ર રાજપૂતે અથાક મહેનત કરી હતી. તેણે ૫૭ મીટર ઊંડા કૂવાને બીજા કૂવા સાથે જોડવા માટે ૧૦ ફૂટ લાંબી ટનલ બનાવી હતી. જેના કારણે પ્રિન્સને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યો હતો.

અગાઉના આ પરિશ્રમ માટે હરિયાણ સરકારે તેને સન્માનિત પણ કર્યો હતો. તેની યોગ્યતા અને અનુભવને જોઈને પ્રશાસને આ અભિયાનમાં તેને શામિલ કરવાનો નિર્ણય લીધો હતો.

### મનજીતના ગામમાં ઉત્સવનું વાતાવરણ

# સુરંગમાંથી બહાર આવેલા મજૂરોના પરિવારજનોએ ફોડ્યા ફટાકડા

### ઉત્તરાખંડની સિલ્ક્યારા ટનલમાં છેલ્લા ૧૭ દિવસથી ફસાયેલા ૪૧ મજૂરોને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા છે

। નવી દિલ્હી, તા.૨૯ ।

ઉત્તરાખંડની સિલ્ક્યારા ટનલમાં છેલ્લા ૧૭ દિવસથી ફસાયેલા ૪૧ મજૂરોને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા છે. જેના કારણે દેશભરમાં ઉજવણીનો માહોલ છે. આખો દેશ આ કામદારો સુરક્ષિત રીતે બહાર આવે તેની રાહ જોઈ રહ્યો હતો. આવી સ્થિતિમાં કામદારો બહાર આવ્યા બાદ ઘટનાસ્થળે હાજર અનેક લોકોની આંખોમાં આંસુ આવી ગયા હતા. પરિવારના સભ્યોની ખુશીની કોઈ સીમા નથી. દેશના આઠ રાજ્યોમાં રહેતા આ ૪૧ કામદારો માટે ઉજવણીનો માહોલ છે. એક મજૂરના સંબંધીએ જણાવ્યું કે તે છેલ્લા બે અઠવાડિયાથી આ દિવસની રાહ જોઈ રહ્યો હતો. આજે તેની ખુશીની કોઈ સીમા નથી. સૌથી વધુ ઉજવણીનો માહોલ ઝારખંડમાં છે, કારણ કે ઝારખંડના ૧૫ લોકો ટનલની અંદર ફસાયા હતા. આ સાથે યુપીના ૮, ઉત્તરાખંડના ૨, હિમાચલ પ્રદેશના ૧, બિહારના ૫, પશ્ચિમ બંગાળના ૩, આસામના ૨ અને ઓડિશાના ૫ મજૂરો ફસાયેલા છે. નોંધનીય છે કે દિવાળીના દિવસે નિર્માણાધીન ટનલ અચાનક ભૂસ્ખલન બાદ ધરાશાયી થઈ ગઈ હતી, જેમાં ૪૧ મજૂરો ફસાઈ ગયા હતા. આ અકસ્માત બાદ આ મજૂરોને સુરંગમાંથી બહાર કાઢવા માટે અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. જેમ જેમ દિવસો વીતતા ગયા તેમ તેમ તેમના પરિવારના સભ્યોમાં નિરાશા અને નારાજગી વધી રહી હતી. પરંતુ હવે આ કામદારોને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા બાદ પરિવારના સભ્યોના ચહેરા પર ખુશી જોવા મળી રહી છે. ઝારખંડના રહેવાસી અનિલ બેદિયાના પરિવારજનોએ તેમના બહાર આવવા પર મીઠાઈ વહેંચી છે. ઉત્તર પ્રદેશના લખીમપુર ખેરીનો રહેવાસી મનજીત પણ સુરંગમાં ફસાઈ ગયો હતો, જે હવે સુરંગમાંથી સુરક્ષિત બહાર આવી ગયો છે. સુરંગમાંથી બહાર આવવાના સમાચાર તેના ગામમાં પહોંચતા જ ઉજવણીનો માહોલ શરૂ થઈ ગયો હતો. સંબંધીઓ ઉજવણી કરી રહ્યા છે. એક મજૂરના સંબંધીએ કહ્યું કે અમારા માટે આનાથી વધુ ખુશીની વાત શું હોઈ શકે કે અમે જેમની માટે

## વિશેષ

### યાત્રાના માધ્યમથી નાગરિકો સુધી પહોંચી રહ્યા છે સરકારી યોજનાઓના લાભો

# વડોદરા શહેરમાં ‘‘વિકસિત ભારત સંકલ્પ યાત્રા’’ના ઠેર ઠેર વધામણાં







કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભો પાત્રતા ધરાવતા લાભાર્થીઓ સુધી પહોંચાડવા માટે વડોદરા શહેરમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો પ્રારંભ થયો છે. ગઈ કાલે શહેરના સમા સ્પોર્ટ્સ કોમ્પલેક્ષથી શરૂ થયેલ યાત્રા વોર્ડ નં.૨ ના સમા વિસ્તારમાં ફરી હતી. આજે આ યાત્રા વોર્ડ નં.૩ માં કમાટીપૂરા સ્લમ એરિયા અને સમા વિસ્તારમાં અઘોરા મોલની પાછળના ભાગે પહોંચતા યાત્રાના વધામણાં કરવામાં આવ્યા હતા. વિકસિત ભારત સંકલ્પ યાત્રાના માધ્યમથી કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ પ્રજાકલ્યાણકારી યોજનાઓના લાભો પાત્રતા ધરાવતા નાગરિકો સુધી પહોંચાડવામાં આવી રહ્યા છે.સરકારી યોજનાઓના લાભથી વંચિત નાગરિકોને યોજનાઓના લાભ અપાવી ૧૦૦ ટકા લક્ષ્ય હાંસલ કરવાના ઉદ્દેશ સાથે આ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. વિકસિત ભારત સંકલ્પ યાત્રા વડોદરા શહેરના ૧૯ વોર્ડમાં આગામી તા.૧૬ ડિસેમ્બર સુધી પરિભ્રમણ કરશે.આ યાત્રા દરરોજ નિર્ધારીત કાર્યક્રમ મુજબ વોર્ડના બે વિસ્તારોમાં ફરી નાગરિકોને કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓની માહિતી પૂરી પાડશે. આ અવસરે મહાનુભાવોના હસ્તે પ્રધાનમંત્રી ઉજ્જવલા, આયુષમાન કાર્ડ,પ્રધાનમંત્રી સ્વનિધિ વિવિધ યોજનાના લાભાર્થીઓને લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું.ઉપસ્થિત સૌ નાગરિકો અને પદાધિકારીઓ વિકસિત ભારતના નિર્માણ માટે સંકલ્પબદ્ધ થયા હતા. આ પ્રસંગે અગ્રણી ડો.હિતેન્દ્ર પટેલ, મ્યુનિ.કમિશનર દિલીપ રાણા,નાયબ મ્યુનિ.કમિશનર શ્રી પ્રજાપતિ, વિસ્તારના નગરસેવકો સહિત વિશાળ સંખ્યામાં નાગરિકો અને લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

**ન્યૂઝ બ્રિફ**

## અમદાવાદ રિવરફ્રન્ટ ખાતે ૧ જાન્યુઆરીથી ફ્લાવર શો યોજાશે

| અમદાવાદ,તા.૨૯ |

અમદાવાદના રિવરફ્રન્ટ ખાતે દર વર્ષે યોજાતા ફ્લાવર શૉ ને લઈ મોટા સમાચાર સામે આવ્યા છે. અમદાવાદના રિવરફ્રન્ટ ખાતે ૧ જાન્યુઆરીથી ફ્લાવર શૉ શરૂ થશે. આ તરફ હવે અમદાવાદ મનપાએ સ્કલ્પચર બનાવવા ટેન્ડર બહાર પાડ્યું છે. મહત્વનું છે કે, આ વખતે ફ્લાવર શૉમાં ૫.૪૫ કરોડના ખર્ચે ૩૩ સ્કલ્પચર બનાવાશે. અમદાવાદની સાબરમતી નદીના કિનારે આવેલ રિવરફ્રન્ટ ખાતે દર વર્ષે ૧ જાન્યુઆરીથી ફ્લાવર શૉ યોજાય છે. જેને લઈ મોટી સંખ્યામાં લોકો આ ફ્લાવર શૉ જોવા અહીં ઉમટી પડે છે. આ વર્ષે જી૨૦, સૂર્ય મંદિર, સંસદ ભવન સહિતના સ્કલ્પચર તૈયાર કરાશે.

## વડોદરામાં પોલીસની સ્પેશ્યલ ડ્રાઈવમાં ૨૦૦થી વધુ પોલીસ જવાનો જોડાશે

| વડોદરા,તા.૨૯ |

વડોદરામાં આજથી ટ્રાફિક પોલીસની ડ્રાઈવ શરૂ થઈ છે. વાત જાણે એમ છે કે, વડોદરા પોલીસ દ્વારા આજથી સ્પેશ્યલ ડ્રાઈવ શરૂ કરવામાં આવી છે. જેમાં રોંગસાઈડ વાહન ચલાવતા વાહન ચાલકો સામે કાર્યવાહી થશે. આ સાથે CCTV વગરના ૨૩ સ્થળો પર ટ્રાફિક પોલીસ કાર્યવાહી કરશે. મહત્વનું છે કે, આ ડ્રાઈવ હેઠળ નિયમ ભંગ બદલ ૧૫૦૦થી ૫૦૦૦ સુધીનો દંડ કરવામાં આવશે. વડોદરામાં આજથી પોલીસની સ્પેશ્યલ ડ્રાઈવમાં ૨૦૦થી વધુ પોલીસ જવાનો જોડાશે, જેમાં ખાસ કરીને રોંગસાઈડ વાહન ચલાવતા વાહન ચાલકો અને વાહન ચલાવતા ફોન પર વાત કરતા લોકો સામે કાર્યવાહી થશે. આ સાથે નિયમ ભંગ બદલ ૧૫૦૦થી ૫૦૦૦ સુધીનો દંડ કરવામાં આવશે. નોંધનિય છે કે, રાજ્યમાં ટ્રાફિક નિયમના ભંગ કરતાં લોકોની બેદરકારીના કારણે જ અમુક અકસ્માત સર્જાતાં હોય છે.

## વડોદરા, રાજકોટ, અમદાવાદ સહિતના જિલ્લાઓમાં રોગચાળો વધ્યો

| રાજકોટ,તા.૨૯ |

રાજ્યમાં કમોસમી વરસાદ બાદ રોગચાળો વકર્યો છે. જેમાં વડોદરા, રાજકોટ, અમદાવાદ સહિતના જિલ્લાઓમાં પણ રોગચાળો વધ્યો છે. રાજકોટની સરકારી હોસ્પિટલની ઓપીડી બહાર શરુ કરાયેલી વધારાની કેસ બારીઓ પણ દર્દીઓની લાંબી કતારો જોવા મળી રહી છે. ફક્ત એક જ અઠવાડિયામાં વાયરલ ઈન્ફેક્શન અને ઝાડા-ઊલટીના કેસમાં ઉછાળો થયો છે. રાજકોટમાં કમોસમી વરસાદ બાદ રોગચાળો વકર્યો છે. સિવિલ હોસ્પિટલ દર્દીઓથી ઉભરાવા લાગી છે. તેમજ ઓપીડી બહાર શરુ કરાયેલી વધારાની કેસ બારીઓ પણ દર્દીઓની લાંબી કતારો જોવા મળી રહી છે. ફક્ત એક જ અઠવાડિયામાં વાયરલ ઈન્ફેક્શન અને ઝાડા-ઊલટીના કેસમાં ઉછાળો થયો છે.ફક્ત કોર્પોરેશનના આરોગ્ય કેન્દ્રોમાં જ ૧ હજારથી વધુ વાયરલ ઈન્ફેક્શનના કેસ નોંધાયા છે. કોર્પોરેશનનું તંત્ર રોગચાળો ડામવામાં સંપૂર્ણપણે નિષ્ફળ ગયું છે.જોકે હંમેશાની જેમ તંત્રએ ફોગિંગની કામગીરી ચાલતી હોવાનો દાવો કર્યો છે.

### ચીની આફત સામે અમદાવાદ સિવિલ સજ્જ

# અમદાવાદની સિવિલમાં બાળકો માટે ૩૦૦ બેડ બનાવાયા

| અમદાવાદ,તા.૨૯ |

ચીનમાં અણધારી આફતે કોહરામ મચાવ્યા બાદ હવે અમદાવાદ સિવિલમાં પણ સાવચેતીના ભાગરૂપે તમામ તૈયારીઓ કરી લેવાઈ છે. અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં બાળકો માટે વોર્ડ બનાવાયા છે. ચીનમાં ફેલાયેલી અણધારી બિમારીને લઈ તંત્ર દ્વારા તૈયારીઓ કરાઈ છે. નોંધનિય છે કે, ચીનમાં બાળકોમાં ઝડપથી વધી રહેલા શ્વસન સંબંધી રોગને કારણે ભારત સરકારે ૬ રાજ્યોમાં એલર્ટ જાહેર કર્યું છે. જેમાં રાજસ્થાન, કર્ણાટક, ગુજરાત, ઉત્તરાખંડ, તમિલનાડુ અને હરિયાણાનો સમાવેશ થાય છે. વાત જાણે એમ છે કે, ચીનમાં બાળકોમાં ન્યુમોનિયાના કેસમાં જબરદસ્ત વધારો થયો છે. આ કારણે સાવચેતીના પગલા તરીકે આ રાજ્યોમાં હોસ્પિટલો અને આરોગ્ય કર્મચારીઓને શ્વાસની સમસ્યા સાથે આવતા દર્દીઓ સાથે ઝડપથી વ્યવહાર કરવા સૂચના આપવામાં આવી છે. અમદાવાદ સિવિલ હોસ્પિટલના સુપ્રીટેન્ડન્ટ રાકેશ જોશીએ પણ આ અજાણી બીમારીને લઈ નિવેદન આપ્યું છે. રાકેશ જોશીએ કહ્યું કે, આ એક ન્યુમોનિયા ટાઈપ નો જ રોગ છે. સિવિલ હોસ્પિટલમાં બાળકો માટે ૩૦૦ બેડ બનાવાયા છે. આ સાથે તેમણે કહ્યું કે, ચીનમાં ફેલાતા રહસ્યમય રોગ પર નજર રાખી રહ્યા છીએ. બાળકોમાં ૩૦૯૯૨ કેસ અને શ્વાસ સંબંધી રોગો પર નજર રખાઈ રહી છે. જેને લઈ સાવચેતીના ભાગરૂપે સિવિલમાં વેન્ટિલેટર, PPE કીટ, એન્ટી વાયરલ દવાનો જથ્થો ઉપલબ્ધ છે.



સુપ્રીટેન્ડન્ટ રાકેશ જોશીએ કહ્યું કે, ઓક્સિજન પ્લાન્ટ અને વેન્ટિલેટરનો પૂરતો જથ્થો છે. આ સાથે તેમણે કહ્યું કે, બાળકોમાં ફેફસાંમાં બળતરા, આકરો તાવ જણાય તો ડૉક્ટરને બતાવો. ઉધરસ અને શરદી જેવાં લક્ષણો જણાય તાત્કાલિક ડોક્ટરનો સંપર્ક કરો. આ સાથે તેમણે ઉમેર્યું કે, હોસ્પિટલોમાં તમામ તૈયારી કરવામાં આવી છે. તેમજ જરૂર જણાયે આઈસોલેશન વોર્ડ શરૂ કરાશે. રાકેશ જોશીએ કહ્યું કે, આ રોગ ભારતમાં આવે એવું નથી લાગતું. છતા પણ આપણે એનો સામનો કરવા સજ્જ છીએ.

## કર્ણાટક સંઘ દ્વારા "૬૮મો કર્ણાટક રાજ્યોત્સવ અને કર્ણાટક સંભ્રમ-૫૦" અમદાવાદ ખાતે ભવ્ય કાર્યક્રમનો આયોજન કરવામાં આવ્યું







| અમદાવાદ, તા.૨૯ |

રવિવાર ૨૬મી નવેમ્બર, ૨૦૨૩ના રોજ સાંજે ૪.૦૦ કલાકે કર્ણાટક સંઘ, આઠ કર્ણાટક મૂળના સંઘ/સમાજ તથા સહયોગી એવી સંસ્થા કન્નડ અને સંસ્કૃતિ ઈલાખે બેંગલુરુ દ્વારા "૬૮મો કર્ણાટક રાજ્યોત્સવ અને કર્ણાટક સંભ્રમ-૫૦" મુક્તજીવન ઓડિટોરીયમ સ્વામિનારાયણ મંદીર, રેલ્વે ક્રોસિંગ પાસે, મણીનગર, અમદાવાદ ખાતે યોજવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમની શરૂઆત શ્રી જયંત મૂર્તિ, મુખ્ય અતિથિ, શ્રી બદ્રીનારાયણ હેરુર, વિશેષ આમંત્રિત, શ્રી એચ. વી. બેન્નુર અને અન્ય પદાધિકારીઓ દ્વારા કર્ણાટક ધ્વજવંદન કરીને, દીપ પ્રજ્વલન અને દેવી મા ભુવનેશ્વરીની પૂજા અને આરતી સાથે કરવામાં આવી હતી.

સંઘના પ્રમુખ દ્વારા મુખ્ય અતિથિઓનું પુષ્પ ગુચ્છ અને સ્મૃતિચિહ્ન દ્વારા સ્વાગત કરવામાં આવ્યું. આપણી વિનંતીને માન આપીને શ્રી જયંત મૂર્તિ, સંયુક્ત નિયામક, કાઈઝેન ઈન્સ્ટિટ્યૂટ, દક્ષિણ પૂર્વ એશિયા અને આફ્રિકા, કન્નડીગા તરીકે ખૂબ જ પ્રસન્ન થયા અને આપણા પ્રતિષ્ઠિત ૬૮મા કર્ણાટક રાજ્યોત્સવ કર્ણાટક સંભ્રમ-૫૦ કાર્યક્રમના મુખ્ય અતિથિ બનવાના આપણા આમંત્રણને સ્વીકાર્યું અને કાર્યક્રમની સફળતા માટે આશીર્વાદ આપ્યા. સંઘના વરિષ્ઠ સભ્યશ્રી એન. કે. સ્વામીજી એ કર્ણાટક રાજ્યની વિશેષતા વિશે સુંદર વાતચીત કરી હતી. સંઘના સભ્યો તેમના બાળકો અને કન્નડીગાઓએ કર્ણાટકના ઈતિહાસ, સંસ્કૃતિ પર આધારિત કન્નડ નાડ ગીત, જનપદ ગીત, ભાવગીત, સોલો નૃત્ય, ગ્રુપ નૃત્ય જેવા સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યા હતા. તે તમામ કન્નડીગાઓ માટે એક સુંદર મહોત્સવ હતો. ઘણા સભ્યોએ કર્ણાટક રાજ્યોત્સવની ઉજવણી અને તેના મહત્વ વિશે વાત કરી. ૨૦૦થી વધુ સભ્યો હાજર રહ્યા હતા. ભવ્ય કાર્યક્રમ બાદ ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું.

### અમદાવાદ, મુંબઈ સહિત ૪૦ સ્થળોએ દરોડા

## વડોદરાના R.R. કાબેલ ગ્રુપને ત્યાં આઈટીનું સર્ચ

**કાબેલ ગ્રુપ કેબલ અને વાયરના ધંધા સાથે સંકળાયેલ છે, દરોડામાં મોટાપાયે બેનામી વ્યવહારો મળવાની શક્યતા છે**



| વડોદરા, તા.૨૯ |

રાજ્યમાં ફરી એકવાર આઈટીએ દરોડા પાડ્યા હતા. વડોદરાના R.R.કાબેલ ગ્રુપ પર ઈન્કમટેક્સ વિભાગે દરોડા પાડી તપાસ શરૂ કરી હતી. અમદાવાદ, સુરત, સેલવાસ, મુંબઈના ૪૦ સ્થળોએ દરોડા પાડ્યા હતા. ગ્રુપના ચેરમેન રમેશ કાબરાને ત્યાં આઈટી વિભાગે તપાસ શરૂ કરી હતી. તે સિવાય તમામ ડાયરેક્ટરો, ડિસ્ટ્રિબ્યુટરને ત્યાં પણ તપાસ કરવામાં આવી રહી છે.

કાબેલ ગ્રુપ કેબલ અને વાયરના ધંધા સાથે સંકળાયેલ છે. દરોડામાં મોટાપાયે બેનામી વ્યવહારો મળવાની શક્યતા છે. ભાવનગર શહેરના એક વેપારીએ જીએસટીના અધિકારીઓ પર ગંભીર આરોપ લગાવ્યા હતા. મળતી જાણકારી અનુસાર, ભાવનગરના એક વેપારીએ જીએસટીના અધિકારીઓ વિરુદ્ધ હાઈકોર્ટમાં ફરિયાદ કરી હતી. ફરિયાદમાં વેપારીએ GSTનાઅધિકારીઓ પરેશાન કરતા હોવાના આરોપ લગાવ્યો હતો.

મહાદેવ ટ્રેડિંગ નામની પેઢીના વેપારી નરેશ આગીચાએ હાઈકોર્ટમાં પુરાવા સાથે ફરિયાદ કરી હતી. આ મામલે હાઈકોર્ટે જીએસટીના અધિકારીઓએ ૨૨ ડિસેમ્બરે હાજર થવાનો આદેશ આપ્યો હતો. પોતાની ફરિયાદમાં વેપારીએ કહ્યું હતું કે GSTના અધિકારીઓ સર્ચ દરમિયાન કાયદા વિરુદ્ધ જઈને વેપારી અને કર્મચારીઓના મોબાઈલ જપ્ત કરે છે. સાથે જ સમગ્ર ઘટના CCTVમાં રેકોર્ડ ન થાય એ માટે અધિકારીઓ જાતે જ DVR બંધ કરે છે.

### ગુજરાત હાઇકોર્ટમાં મસ્જિદોમાં થતી અજાનને લઈ સુનાવણી

# લાઉડસ્પીકર પર અજાન કરવી એ ધ્વનિ પ્રદૂષણ નથી : ગુજરાત હાઇકોર્ટે

| અમદાવાદ,તા.૨૯ |

ગુજરાત હાઈકોર્ટે મંગળવારે મસ્જિદોમાંથી અજાન અથવા ઈસ્લામિક પ્રાર્થનાના પ્રસારણ માટે લાઉડસ્પીકરના ઉપયોગ પર પ્રતિબંધની માંગ કરતી જાહેર હિતની અરજી (PIL) ફગાવી દીધી હતી. ચીફ જસ્ટિસ સુનીતા અગ્રવાલ અને જસ્ટિસ અનિરુદ્ધ પી મેની બેન્ચે આ અરજીને સંપૂર્ણપણે ખોટી ગણાવી હતી. બજરંગ દળના નેતા શક્તિસિંહ ઝાલાએ હાઈકોર્ટમાં જાહેર હિતની અરજી દાખલ કરી હતી. એવું કહેવામાં આવ્યું હતું કે, લાઉડસ્પીકર દ્વારા અજાન આપવાથી ધ્વનિ પ્રદૂષણ થાય છે. આનાથી સામાન્ય લોકો ખાસ કરીને બાળકોના સ્વાસ્થ્ય પર પ્રતિકૂળ અસર થાય છે અને અન્ય અસુવિધાઓ થાય છે. આ તરફ ગુજરાત હાઈકોર્ટે શોધી કાઢ્યું કે, અરજદારના દાવાઓમાં પ્રયોગમૂલક પુરાવા અને વૈજ્ઞાનિક આધારનો અભાવ છે. બેન્ચે તેના ચુકાદામાં ભારપૂર્વક જણાવ્યું હતું કે અજાન જે સામાન્ય રીતે મહત્તમ ૧૦ મિનિટ સુધી ચાલે છે. ડેસિબલ લેવલ સુધી પહોંચવાની કોઈ શક્યતા નથી કે જે ધ્વનિ પ્રદુષણનો ખતરો બની શકે છે. જેથી અરજદારની એ સ્થાપિત કરવાની ક્ષમતા અંગે શંકા ઊભી કરી હતી કે, અજાન દરમિયાન લાઉડસ્પીકર દ્વારા એમ્પ્લીફાય કરવામાં આવેલ માનવ અવાજ, જાહેર આરોગ્ય માટે જોખમ ઊભું કરવા માટે પૂરતા ડેસિબલ્સ જનરેટ કરી શકે છે.

### રેલવે તંત્રમાં ગજબનો કિસ્સો સામે આવ્યો

# અમદાવાદમાં સાબરમતી નામના બે રેલવે સ્ટેશન

| અમદાવાદ, તા.૨૯ |

અમદાવાદના રેલવે સ્ટેશન પરથી દેશના ખૂણે-ખૂણે જવાનો લાભ મુસાફરોને મળે છે. જોકે તાજેતરમાં અમદાવાદના એવા બે સ્ટેશન કે જેના નામ તો એક જ છે પણ સ્ટેશન બે હોય તેવું સામે આવ્યું છે. વિગતો મુજબ એક સાબરમતી રેલવે સ્ટેશન રાણીપ નજીક આવેલું છે અને એક સાબરમતી રેલવે સ્ટેશન ધર્મનગર પાસે આવેલું છે. પહેલા સ્ટેશનને સાબરમતી ત્નદ્ગ એટલે કે સાબરમતી જંકશન રેલવે સ્ટેશન કહેવામાં આવે છે તો બીજા રેલવે સ્ટેશનને સાબરમતી મ્ય એટલે કે સાબરમતી બ્રોડગેજ રેલવે સ્ટેશન તરીકે ઓળખવામાં આવે છે.

આ તરફ આ બંને રેલવે સ્ટેશનના નામ સાબરમતી જ હોવાથી મુસાફરોને મુશ્કેલી પડી રહી છે. આ જંક્શન અને બ્રોડગેજ રેલવે સ્ટેશનનો ઉલ્લેખ માત્ર ટિકિટ પર જ દર્શાવવામાં આવે છે. આ સાથે આ બંને સ્ટેશને નામ પણ સાબરમતી જ લખ્યું છે. એક મુસાફરે કહ્યું કે, અમારે ભુજ જવાનું છે, મને એમ કે સાબરમતી રેલવે સ્ટેશન એટલે એક જ હશે. અમે કેબના ૩૦૦ રૂપિયા તો આપ્યા હવે મારે બીજા સ્ટેશને જવા માટે રિક્ષાનું બીજું ભાડું પણ ચૂકવવું પડશે. અન્ય એક મુસાફરો કહ્યું કે, અમારે હરિદ્વારથી ગાંધીધામ જવાનું હતું. જેથી અમે સાબરમતી સુધીની ટિકિટ કરી હતી અને સાબરમતીથી બીજી ટ્રેનમાં ગાંધીધામ જવાનું હતું. અમને ધર્મનગરવાળા સ્ટેશને ઉતાર્યા જ્યારે અમારે જવાનું હતું બીજા સાબરમતી સ્ટેશને. અને અહીં કોઈ સુવિધા છે નહીં તો અમારે હવે રિક્ષા કરાવીને જવું પડશે.

# દક્ષિણ પશ્ચિમ ઝોનના જોધપુર વોર્ડ ખાતે ધારાસભ્ય અમિતભાઈ ઠાકરની ઉપસ્થિતિમાં વિકસિત ભારત રથોનું આગમન

**જોધપુરમાં અર્બન હેલ્થ સેન્ટર અને વોર્ડ ઓફિસ ખાતે યોજાયેલા કાર્યક્રમોમાં વિવિધ જનકલ્યાણકારી યોજનાઓની વિગતો લોકો સુધી પહોંચાડવામાં આવી**

| અમદાવાદ, તા.૨૯ |

અમદાવાદ શહેરમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા અંતર્ગત અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશનનો વિકસિત ભારત રથ જોધપુર વોર્ડ પહોંચ્યો હતો. દક્ષિણ પશ્ચિમ ઝોનના જોધપુર વોર્ડ ખાતે ધારાસભ્ય શ્રી અમિતભાઈ ઠાકરની ઉપસ્થિતિમાં વિકસિત ભારત રથોનું આગમન થયું હતું. જોધપુર ખાતે સવારે અર્બન હેલ્થ સેન્ટર અને બપોરે જોધપુર વોર્ડ ઓફિસ ખાતે યોજાયેલા કાર્યક્રમોમાં



વિવિધ જનકલ્યાણકારી યોજનાઓની વિગતો લોકો સુધી પહોંચાડવામાં આવી હતી. ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે લાભાર્થીઓને પ્રધાનમંત્રી આયુષ્યમાન યોજના અંતર્ગત કાર્ડ વિતરણ કરવામાં આવ્યાં હતા. આશરે ૨૦૦૦ લોકો આ કાર્યક્રમોમાં સહભાગી થયા હતા.

કાર્યક્રમોમાં યોજાયેલા આરોગ્ય કેમ્પ અંતર્ગત હાયપરટેન્શન, ડાયાબિટીસ, ટી.બી.જેવા રોગો માટે તપાસ કરવામાં આવી હતી. પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અંતર્ગત ૧૨૦૦ જેટલા આયુષ્યમાન કાર્ડનું એનરોલમેન્ટ કરવામાં આવ્યું હતું તથા ૯૦૦ આયુષ્યમાન કાર્ડનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સ્થાનિક કાઉન્સિલરશ્રીઓ, મ્યુનિસિપલ કોર્પોરેશનના પદાધિકારીઓ, વિવિધ કમિટીઓના હોદ્દેદારો વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
દૈનિક સમાચાર પત્ર
ઉપાડો ફોન
9800708900
આ નંબર પર માત્ર
વોટ્સએપ મેસેજ જ કરવો
આપની આસપાસ બનતી ઘટનાઓના ફોટાઓ વિડીયો મોકલી આપો
દરેક જાતના પ્રસંગ, ઉમંગ, શાળાઓ, કોલેજોથી લઈને સોસાયટીઓ સુધી અવસરથી લઈને તહેવારો સુધી બધા જ સમાચારોને આવરી લેતુ અખબાર "ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત" દૈનિક હંમેશા તૈયાર રહે છે, આપની આસપાસ બનતી રસપ્રદ ઘટનાઓની માહિતી વોટ્સએપ નંબર ઉપર અથવા ઈ-મેઈલ પર અમને લખીને મોકલો...
cnngujarat@gmail.com

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨